विशाले (मू० विशाल)=વિસ્તીર્ણ
सत्=શ્રેષ્ઠ.
रत्न=રત્ન.
राजिन्=શોભાયમાન, સુશોભિત.
सद्रत्नराजिनि=શ્રેષ્ઠ રત્ન વડે સુશોભિત.
विराजते (धा० राज्)=શોભે છે.
उद्भवः (मू० उद्भव)=જન્મ.
ते (मू० युष्मद्)=તારા.
दोष=અપરાધ.
दोषा=રાત્રિ.
अपहार=દૂર કરવું તે.
करण=કાર્ય.
दोषापहारकरणः=અપરાધને અથવા રાત્રિને દૂર કરવાનું કાર્ય છે જેનું તે.
प्रकट=સ્પષ્ટ, પ્રસિદ્ધ.
प्रकाश=તેજ.
प्रकटप्रकाशः=પ્રસિદ્ધ પ્રકાશ.
तुङ्ग=ઊંચા.
उदय=ઉદય.
अद्रि=પર્વત, અચલ.
शिरस्=ટોચ.
तुङ्गोदयाद्रिशिरसि=ઉદયાચલના ઉચ્ચ શિખર ઉપર.
इव=જેમ.
सहस्र=હજાર.
रश्मि=કિરણ.
सहस्ररश्मेः (मू० सहस्र-रश्मि)=સૂર્યના

શ્લોકાર્થ

પ્રભુનો જન્મ—

"(હે તીર્થરાજ !) 'ઇક્ષ્વાકુ' નામના નિર્મળ તેમજ વિસ્તીર્ણ તથા ઉત્તમ (પુરૂષરૂપ) રત્નો વડે શોભતા એવા વંશને વિષે દોષોનો નાશ કરનારો તારો જન્મ ઉદયાચળના ઉચ્ચ શિખરને વિષે રાત્રિનો અંત આણનારા એવા સૂર્યના પ્રસિદ્ધ પ્રકાશની માફક વિશેષતઃ શોભે છે."—૨૯

સ્પષ્ટીકરણ

ઇક્ષ્વાકુ વંશની ઉત્પત્તિ—

પ્રથમ તીર્થંકર **શ્રીઋષભદેવ**નો જન્મ થયાને એક વર્ષ વીત્યા બાદ **સૌધર્મેન્દ્ર** વંશ સ્થાપન કરવાને માટે પ્રભુ પાસે આવવા તૈયાર થયો. સ્વામીનું દર્શન કરવા જનારા સેવકે ખાલી હાથે જવું તે યોગ્ય નથી એમ વિચારી તે ઇન્દ્રે એક મોટો ઇક્ષુ-દણ્ડ (શેરડીનો સાંઠો) સાથે લીધો. આ લઇને તે ઇન્દ્ર **નાભિ** રાજાના ઉત્સંગ (ખોળા)માં બેઠેલા પ્રભુ સમીપ આવ્યો. અવધિજ્ઞાન વડે તેનો સંકલ્પ જાણી લઇને પ્રભુએ તે ઇક્ષુ-દણ્ડ લેવાને પોતાનો હાથ લંબાવ્યો, એટલે મસ્તક વડે પ્રણામ કરી ઇન્દ્રે તે પ્રભુને અર્પણ કર્યો. પ્રભુએ ઇક્ષુનું ગ્રહણ કર્યું તેથી તેમના વંશનું નામ ઇન્દ્રે **ઇક્ષ્વાકુ** પાડ્યું.

* * * * *

नाथस्य जन्माभिषेकः—

स्नानोदकैर्जिन(र्जनि)महे सुरराजिमुक्तै-
गात्रे पतद्भिरपि नूनमनेजमानम् ।
दृष्ट्वा भवन्तममराः प्रशशंसुरीश-
मुच्चैस्तटं सुरगिरेरिव शातकौम्भम् ॥ ३० ॥

टीका

जिन(जनि)महे—जन्ममहोत्सवे सुरराजिमुक्तैः—देवश्रेणिमुक्तैः स्नानोदकैः । गात्रे—शरीरे पतद्भिः । नूनं-निश्चितम् । भवन्तमीशं अनेजमानम्—अकम्पमानं दृष्ट्वाऽमरा—देवाः प्रशशंसुः-प्रशंसन्ति स्म । कमिव ? शातकौम्भं-सौवर्णं सुरगिरेः—मेरोरुच्चैस्तटमिव, निश्चलतया वर्णेन च तुल्यत्वात् ॥ ३० ॥

अन्वयः

जिन (जनि)-महे सुर-राजि-मुक्तैः गात्रे पतद्भिः अपि स्नान-उदकैः भवन्तं ईशं अनेजमानं दृष्ट्वा अमराः सुर-गिरेः शातकौम्भं उच्चैः-तटं इव (भवन्तं) नूनं प्रशशंसुः ।

શબ્દાર્થ

स्नान=સ્નાન.
उदक=જળ.
स्नानोदक=સ્નાન-જળ વડે.
[illegible]=[illegible].
मह=ઉત્સવ.
जनिमह=જન્મ-ઉત્સવને વિષે.
सुर=દેવ.
राजि=શ્રેણિ.

[illegible]વી જોઇએ તેવી શુદ્ધ નથી. ફક્ત અક્ષરોજ ખૂટે છે એટલુંજ નહિ, પરંતુ એક બે સ્થળે તો આખી [illegible]ક્તિની પંક્તિ દૃષ્ટિ-ગોચર થતી નથી. ૧૯ મો શ્લોક પણ ત્યાં આપેલો નથી.

આ પ્રમાણેની આ પ્રતિમાં અપૂર્ણતા હોવા છતાં પણ એકંદર રીતે તે મને સહાયભૂત થઇ [illegible]ડી છે, કેમકે મુદ્રિત પુસ્તકમાં આવતા પાઠો સાથે સરખામણી કરી પાઠાન્તરો આપવામાં તેમજ મુદ્રિત પુસ્તકમાં પણ કેટલેક સ્થલે જે પાઠો હોવા જોઇએ તે ત્યાં હતા નહિ તેવે સ્થલે હું આ પ્રતિનો ઉપયોગ કરી શક્યો છું. આ ત્રિપાઠી પ્રતિ છે. મધ્યમાં મૂળ શ્લોકો આપેલા છે અને ઉપર નીચે ટીકા આપી છે. આમાં બધાં મળીને ૧૪ પત્રો છે. પ્રત્યેક પત્રમાં બંને બાજુએ [illegible]સરેરાસ સોળ સોળ લીટીઓ છે અને પ્રત્યેક લીટીમાં ચાળીસ ચાળીસ અક્ષરો છે. વળી સં૦ ૧૭૮૪ માં લખાયેલી પ્રતિ ઉપરથી સં૦ ૧૯૯૦ માં આ પ્રતિ લખવામાં આવી છે એમ આ પ્રતિના શ્લોકાન્તમાં આપેલા ઉલ્લેખ ઉપરથી જોઇ શકાય છે.

વીર-ભક્તામર તેમજ **નેમિ-ભક્તામર**ના ભાષાંતરાદિકની સંપૂર્ણ પ્રેસ-કૉપી તૈયાર કરીને તે મેં શ્રીયુત **જીવણચંદ સાકરચંદ ઝવેરી**ની સૂચના અનુસાર આગમોદ્ધારક જૈનાચાર્ય **આનન્દસાગરસૂરિજી** ઉપર મોકલી આપી હતી. તેઓશ્રીએ પોતાના શિષ્ય **માણિક્યસાગરજી** દ્વારા આ આદ્યન્ત તપાસી મોકલવા કૃપા કરી હતી. આ પ્રેસ-કૉપી પાછી મળતાં ઇ. સ. ૧૯૨૫ ના ફેબ્રુઆરી માસમાં ને **કર્ણાટક** મુદ્રણાલયમાં છાપવા આપવામાં આવી હતી. પહેલી વારનું પ્રુફ [illegible] તપાસતો હતો. શ્રીમાન્ **જીવણચંદ**ની સૂચના મુજબ બીજી વારના પ્રુફની એક નકલ આનન્દસાગરસૂરિજી ઉપર અને બીજી નકલ અનુયોગાચાર્ય (પં૦) **ક્ષાન્તિવિજયજી** ઉપર મોકલવામાં આવતી હતી. **ક્ષાન્તિવિજયજી** તરફથી આ બીજી નકલ પાછી મળતાં [illegible] કરેલી સૂચનાઓ તરફ ખાસ ધ્યાન આપી તેમાં યથાયોગ્ય ફેરફારો કરી તે પ્રુફ હું મુદ્ર[illegible] રવાના કરી છેવટનું પ્રુફ મંગાવતો હતો. એટલામાં આચાર્યશ્રી તરફથી પ્રુફ જોવાઇ [illegible] છેવટના પ્રુફમાં સુધારાવધારા કરી તે છાપવા માટે મોકલી આપતો હતો. અત્ર [illegible] ઘણીખરી વાર મને મારા લઘુ બન્ધુ પ્રો૦ **મણીલાલ** તરફથી [illegible] અને શુદ્ધિપત્ર તૈયાર કરવામાં **વિજયદાનસૂરિજી** તરફથી સહાય [illegible]

[illegible] જે જે વ્યક્તિઓ તરફથી મને મદદ મળી છે, તે તે વ્યક્તિ[illegible] નિવેદન કરતો તેમજ મતિ-દોષ કે મુદ્રણ-દોષને લીધે આ પુસ્ત[illegible] હોય તે તરફ સજ્જનો ક્ષમા-દૃષ્ટિ રાખશે એવી તેમને વિજ્ઞપ્તિ [illegible] છું.

[illegible]

હીરાલાલ રસિકદાસ કાપડિયા.

मुक्त (धा० मुच्)=મૂકેલ
सुरराजिमुक्तैः=દેવ-શ્રેણિએ મૂકેલાં.
गात्रे (मू० गात्र)=દેહ ઉપર
पतद्भिः (मू० पतत्)=પડતાં.
अपि=પણ
नूनं=ખચિત.
अनेजमानं (मू० अन्-एजमान)=નિશ્ચળ
दृष्ट्वा (धा० दृश्)=જોઈને.
भवन्तं (मू० भवत्)=આપને.
अमराः (मू० अमर)=દેવો.
प्रशशंसुः (धा० शंस्)=પ્રશંસા કરતા હવા.
ईशं (मू० ईश)=નાથને.
उच्चैः=ઊંચા.
तटं (मू० तट)=તટ.
गिरि=પર્વત
सुरगिरेः=સુર-ગિરિના, મેરૂના.
इव=જેમ.
शातकौम्भं (मू० शातकौम्भ)=સુવર્ણમય.

શ્લોકાર્થ

પ્રભુનો જન્માભિષેક—

"જન્મ-મહોત્સવને વિષે દેવ-પંક્તિએ મૂકેલાં અને શરીરના ઉપર પણ પડતાં એવાં સ્નાન–જલો વડે પણ આપ પ્રભુને નિશ્ચળ જોઇને દેવો મેરૂ પર્વતના સુવર્ણમય અને ઊંચા (તથા નિશ્ચળ) એવા તટની જેમ આપની ખચિત પ્રશંસા કરતા હવા."—૩૦

સ્પષ્ટીકરણ

સ્નાત્ર-જલ—

સુવર્ણાદિક આઠે જાતિઓ પૈકી પ્રત્યેક જાતિના એક યોજન ઊંચા એવા એક હજાર ને આઠ કળશોને ક્ષીર-સાગરના જલથી ભરીને તે વડે પ્રથમ **અચ્યુતેન્દ્ર** અને ત્યાર બાદ બીજા ૬૨ ઇન્દ્રો પ્રભુનો જલાભિષેક કરે છે. મેરૂ પર્વતના શિખરોમાંથી વેગથી ચારે તરફ પ્રસાર પામતું આ જલ હજારો નદીઓની કલ્પના કરાવે છે. ૬૩ ઇન્દ્રોનું આ કાર્ય પૂરૂં થતાં **સૌધર્મેન્દ્ર** ચાર દિશામાં ચાર સ્ફટિક મણિના ઊંચા વૃષભો (બળદો) બનાવે છે અને તેને જલથી ભરી દે છે. આ વડે જ્યારે **સૌધર્મેન્દ્ર** પ્રભુનો જલાભિષેક કરે છે, ત્યારે જાણે પાતાલ ફોડ્યું હોય તેમ આ વૃષભોનાં આઠ શૃંગો (શીંગડાં)માંથી જલ-યંત્રની જેમ નીકળતી જલની ધારાઓ આકાશમાં વહેવા લાગે છે. જૂદા જૂદા મૂળવાળી પરંતુ અન્તમાં મળી ગયેલી એવી આ જલ-ધારાઓ આકાશમાં નદી–સંગમનો વિભ્રમ ઉત્પન્ન કરે છે.

આ ઉપરથી પ્રભુના ઉપર કેવો જલ-પ્રપાત થતો હશે તેનો સહજ ખ્યાલ આવી શકશે. વિશેષમાં ઇન્દ્ર પ્રભુને જલાભિષેક કરતાં ખંચાયો હતો એ વાતનું અત્ર સૂચન થાય છે. ઇન્દ્રની શંકાના નિવારણાર્થે પ્રભુએ પોતાના ડાબા પગના અંગુઠા વડે મેરૂ ચાંપ્યો અને તેમ કરતાં આવા અચળને પણ ચલાયમાન કર્યો (જુઓ **મહાનિશીથ**, અ૦ ૩).

* * * * *

૧ સરખાવો શ્રી**મહાવીરસ્વામી**ના પંચકલ્યાણકના સ્તવનની ત્રીજી ઢાલની નીચે લખેલી કડીઓ:—

"કંચનમણિ ભૃંગાર, ગન્ધોદકે ભર્યા એ;
કિમ સહસે લઘુ **વીર**, હરિ સંશય ધર્યો એ.
વહેસે નીર-પ્રવાહ, કેમ તે નામીયે રે,
[illegible]નમણ સનાહ, જાણ્યું સ્વામીએ;રે."

પરમેશ્વરપણાને વિશેષ પ્રકારે જણાવનારા એવા તારા (સમવસરણના) ત્રણ[1] ગઢો આ જગત્માં અત્યંત શોભે છે."—૩૧

भगवत्संस्मरणे सुरसान्निध्यमाह—

कान्तारवर्त्मनि नराः पतिताः कदाचिद्
दैवात् क्षुधा च तृषया परिपीडिताङ्गाः
ये त्वां स्मरन्ति च गृहाणि सरांसि भूरि-
पद्मानि तत्र विबुधाः परिकल्पयन्ति ॥ ३२ ॥

टीका

हे जिन ! कदाचित् समये कान्तारवर्त्मनि-अरण्यमार्गे पतिता दैवात् क्षुधा-बुभुक्षया (च-पुनः) तृषया परिपीडिताङ्गा ये नरास्त्वां स्मरन्ति-त्वत्स्मरणं कुर्वन्ति । तत्र कान्तारवर्त्मनि देवा-विबुधा गृहाणि च पुनः सरांसि परिकल्पयन्ति-रचयन्ति । किंविशिष्टानि गृहाणि ? भूरिः-प्रचुरा पद्मा-लक्ष्मीर्येषु तानि । किंविशिष्टानि सरांसि ? भूरिपद्मानि- बहुकमलानि ॥ ३२ ॥

अन्वयः

कदाचित् दैवात् कान्तार-वर्त्मनि पतिताः क्षुधा तृषया च परिपीडित-अङ्गाः ये नराः त्वां स्मरन्ति, (तेषां कृते) तत्र विबुधाः भूरि-पद्मानि गृहाणि सरांसि च परिकल्पयन्ति ।

શબ્દાર્થ

कान्तार=વન, અરણ્ય.
वर्त्मन्=માર્ગ
कान्तारवर्त्मनि=અરણ્યના માર્ગને વિષે.
नराः (मू० नर)=મનુષ્યો.
पतिताः (मू० पतित)=પડેલા.
कदाचित्=કદાપિ, કોઇક વેળા
दैवात् (मू० दैव)=દૈવને લીધે, કમનસીબે.
क्षुधा (मू० क्षुध्)=ભૂખથી.
च=અને.
तृषया (मू० तृषा)=તૃષાથી, તરસથી.
परिपीडित (धा० पीड्)=અત્યંત પીડાયેલા.
अङ्ग=શરીર.
परिपीडिताङ्गाः=અત્યત પીડાયેલુ છે શરીર જેમનું એવા
ये (मू० यद्)=જેઓ.
त्वां (मू० युष्मद्)=તને.
स्मरन्ति (धा० स्मृ)=યાદ કરે છે.
गृहाणि (मू० गृह)=ઘરો.
सरांसि (मू० सरस्)=સરોવરો.
भूरि=બહુ.
पद्मा=લક્ષ્મી.
पद्म=કમળ.
भूरिपद्मानि=(१) બહુ છે લક્ષ્મી જેને વિષે એવાં; (૨) ઘણાં છે કમળો જેને વિષે એવાં.
तत्र=ત્યાં.
विबुधाः (मू० विबुध)=દેવો.
परिकल्पयन्ति (धा० क्लृप्)=રચે છે.

૧ આની માહિતી માટે જુઓ સ્તુતિ-ચતુર્વિંશતિકાના ૯૪મા પદ્યનું સ્પષ્ટીકરણ.

શ્લોકાર્થ

ભગવત્-સ્મરણનો મહિમા—

"કદાચિત્ દૈવ-યોગે કરીને અરણ્યના માર્ગમાં (ભૂલા) પડેલા એવા તેમજ ક્ષુધા અને તૃષાથી અતિશય પીડા પામેલું છે શરીર જેમનું એવા જે મનુષ્યો (આવા સંકટ-સમયમાં) તારૂં સ્મરણ કરે છે, (તેમને માટે) દેવો તે સ્થલમાં બહુ છે લક્ષ્મી જેને વિષે એવાં ગૃહો તેમજ ઘણાં છે પદ્મો જેને વિષે એવાં સરોવરો રચે છે."—૩૨

भगवच्चित्तस्थिरतामाह–

संनिश्चला जिन ! यथा तव चित्तवृत्तिः
कस्यापि नैवमपरस्य तपस्विनोऽपि ।
यादृक् सदा जिनपते ! स्थिरता ध्रुवस्य
तादृक् कुतो ग्रहगणस्य विकाशिनोऽपि ? ॥ ३३ ॥

टीका

हे जिन ! यथा तव चित्तवृत्तिः संनिश्चला–स्थिरा वर्तते, एवम्-अमुना प्रकारेण कस्याप्यपरस्य तपस्विनोऽपि न । दृष्टान्तमाह–हे जिनपते ! सदा–सर्वदा ध्रुवस्य-उत्तानपादजतारकस्य यादृक् स्थिरता तादृक् स्थिरता विकाशिनोऽपि–प्रकाशवतोऽपि ग्रहगणस्य कुतः ?, तादृक् स्थिरता नास्तीत्यर्थः ॥ ३३ ॥

अन्वयः

(हे) जिन ! यथा तव चित्त-वृत्तिः संनिश्चला, एवं कस्य अपि अपरस्य तपस्विनः अपि न; हे जिन-पते ! यादृक् ध्रुवस्य सदा स्थिरता (वर्तते), तादृक् विकाशिनः अपि ग्रह-गणस्य कुतः ? ।

શબ્દાર્થ

संनिश्चला=અતિશય સ્થિર.
जिन ! (मू० जिन)=હે તીર્થંકર !
यथा=જેવી રીતે.
तव (मू० युष्मद्)=તારી.
चित्त=મન.
वृत्ति=વર્તણુ.
चित्तवृत्तिः=મનોવૃત્તિ
कस्य (मू० किम्)=કોની.
अपि=પણ.
न=નહિ.
एवं=એ પ્રકારે.
(मू० अपर)=અન્યની
तपस्विनः (मू० तपस्विन्)=તપ કરનારાની.
यादृक् (मू० यादृश्)=જેવું.
सदा=હમેશાં.
जिन=વીતરાગ.
पति=સ્વામી.
जिनपते !=હે જિનેશ્વર !
स्थिरता=સ્થિરપણું.
ध्रुवस्य (मू० ध्रुव)=ધ્રુવનું.
तादृक् (मू० तादृश्)=તેવું.
कुतः=ક્યાંથી.
ग्रह=ગ્રહ.
गण=સમુદાય.
ग्रहगणस्य=ગ્રહોના સમુદાયનું.
विकाशिनः (मू० विकाशिन्)=પ્રકાશમાન.

શ્લોકાર્થ

પ્રભુની મનોવૃત્તિની નિશ્ચલતા—

" હે વીતરાગ ! જેવી રીતે તારી મનોવૃત્તિ અત્યન્ત નિશ્ચળ છે, તેવી રીતે અન્ય કોઇ તપસ્વીની પણ નથી. હે જિનેશ્વર ! જેવી જાતની ધ્રુવ[1] (ના તારા)ની સ્થિરતા છે, તેવી સ્થિરતા પ્રકાશમાન એવા ગ્રહોના[2] સમુદાયની પણ ક્યાંથી હોઇ શકે ? "—૩૩

अथ भगवद्दर्शने आजन्मवैरिणामपि विरोधो न भवतीत्याह—

ओत्वाखवोऽहिगरुडाः पुनरेणसिंहा
अन्येऽङ्गिनोऽपि च मिथो जनिवैरबन्धाः ।
तिष्ठन्ति ते समवसृत्यविरोधिनं त्वां
दृष्ट्वा भयं भवति नो भवदाश्रितानाम् ॥ ३४ ॥

टीका

हे जिन ! ते–तव समवसृति । सृ गतौ समवपूर्वः क्विप्प्रत्ययान्तः तत्र समवसरणे । जनिवैर-बन्धा अपि–जन्मवैरवन्तोऽपि मिथः–परस्परं तिष्ठन्ति । के ते इत्याह–ओतुभिः-मार्जारैर्युता आखवो–मूषका ओत्वाखवः, अहिभिः-सर्पैर्युता गरुडा अहिगरुडाः, पुनरेणैः-मृगैर्युताः सिंहा एणसिंहाः, च-पुनरन्येऽप्यङ्गिनः–प्राणिनो मिथस्तिष्ठन्ति । किं कृत्वा ? त्वामविरोधिनं-विरोधवर्जितं दृष्ट्वा । अत एव भवन्तमाश्रिता (भवदाश्रिता)स्तेषां भवदाश्रितानां भयं नो भवति । न च नित्यविरोधिनां द्वन्द्व एकवद्भवतीति कथमत्र बहुत्वमिति वाच्यं, द्वन्द्वे एवैकत्वनियमात् । अत्र तु शाकपार्थि-वादिवन्मध्यमपदलोपितत्पुरुषसमासत्वात् स्पष्टैव निर्दोषता ॥ ३४ ॥

अन्वयः

(हे स्वामिन् !) ते समवसृति त्वां अ-विरोधिनं दृष्ट्वा ओतु-आखवः, अहि-गरुडाः, पुनः एण-सिंहाः जनि-वैर-बन्धाः अपि अन्ये च अङ्गिनः मिथः तिष्ठन्ति; (अतः एव) भवत्-आश्रितानां (प्राणिनां) भयं नो भवति ।

શબ્દાર્થ

ओतु=બિલાડી.
आखु=ઉંદર.
ओत्वाखवः=બિલાડીઓથી યુક્ત ઉંદરો.
अहि=સર્પ.
गरुड=ગરૂડ.
अहिगरुडाः=સર્પોથી યુક્ત ગરૂડો
पुनर्=વળી.
एण=મૃગ.
सिंह=સિંહ.
एणसिंहाः=મૃગોથી પરિવૃત
अन्ये (मू० अन्य)=બીજાં.
अङ्गिन (मू० अङ्गिन्)=પ્રા
अपि=પણ
च=અને.

---

१ ધ્રુવના સંબધી માહિતી માટે જુઓ તત્ત્વાર્થાધિગમસૂત્ર (અ० ૪, સૂ० ૧૪)

૨ જૈન શાસ્ત્રમાં ૮૮ ગ્રહો હોવાનો ઉલ્લેખ છે (તેના નામો માટે જુઓ સૂર્ય-પ્ર ૧૦૭), પરતુ તેમાં (૧) ચન્દ્ર, (૨) સૂર્ય, (૩) મંગલ, (૪) બુધ, (૫) બૃહ. શનિ, (૮) રાહુ અને (૯) કેતુ એ મુખ્ય ગ્રહો છે.

શ્લોકાર્થ

ભગવત્-સ્મરણનો મહિમા—

"કદાચિત્ દૈવ-યોગે કરીને અરણ્યના માર્ગમાં (ભૂલા) પડેલા એવા તેમજ ક્ષુધા અને તૃષાથી અતિશય પીડા પામેલું છે શરીર જેમનું એવા જે મનુષ્યો (આવા સંકટ-સમયમાં) તારું સ્મરણ કરે છે, (તેમને માટે) દેવો તે સ્થલમાં બહુ છે લક્ષ્મી જેને વિષે એવાં ગૃહો તેમજ ઘણાં છે પદ્મો જેને વિષે એવાં સરોવરો રચે છે."—૩૨

* * *

भगवच्चित्तस्थिरतामाह–

संनिश्चला जिन ! यथा तव चित्तवृत्तिः
कस्यापि नैवमपरस्य तपस्विनोऽपि ।
यादृक् सदा जिनपते ! स्थिरता ध्रुवस्य
तादृक् कुतो ग्रहगणस्य विकाशिनोऽपि ? ॥ ३३ ॥

टीका

हे जिन ! यथा तव चित्तवृत्तिः संनिश्चला–स्थिरा वर्तते, एवम्-अमुना प्रकारेण कस्याप्यपरस्य तपस्विनोऽपि न । दृष्टान्तमाह–हे जिनपते ! सदा–सर्वदा ध्रुवस्य-उत्तानपादजतारकस्य यादृक् स्थिरता तादृक् स्थिरता विकाशिनोऽपि–प्रकाशवतोऽपि ग्रहगणस्य कुतः ?, तादृक् स्थिरता नास्तीत्यर्थः ॥ ३३ ॥

अन्वयः

(हे) जिन ! यथा तव चित्त-वृत्तिः संनिश्चला, एवं कस्य अपि अपरस्य तपस्विनः अपि न; हे जिन-पते ! यादृक् ध्रुवस्य सदा स्थिरता (वर्तते), तादृक् विकाशिनः अपि ग्रह-गणस्य कुतः ? ।

શબ્દાર્થ

संनिश्चला=અતિશય સ્થિર.
जिन ! (मू० जिन)=હે તીર્થંકર !
यथा=જેવી રીતે.
तव (मू० युष्मद्)=તારી.
चित्त=મન.
वृत्ति=વર્તણુ.
चित्तवृत्तिः=મનોવૃત્તિ.
कस्य (मू० किम्)=કોની.
अपि=પણ.
न=નહિ.
एवं=એ પ્રકારે.
अपरस्य (मू० अपर)=અન્યની.
तपस्विनः (मू० तपस्विन्)=તપ કરનારાની.
यादृक् (मू० यादृश्)=જેવુ.
सदा=હમેશાં.
जिन=વીતરાગ.
पति=સ્વામી.
जिनपते !=હે જિનેશ્વર !
स्थिरता=સ્થિરપણુ.
ध्रुवस्य (मू० ध्रुव)=ધ્રુવનું.
तादृक् (मू० तादृश्)=તેવું.
कुतः=ક્યાંથી.
ग्रह=ગ્રહ.
गण=સમુદાય.
ग्रहगणस्य=ગ્રહોના સમુદાયનુ.
विकाशिनः (मू० विकाशिन्)=પ્રકાશમાન.

तं (मू० तद्)=तेने.
हन्तुं (धा० हन्)=हणवाने.
ईश ! (मू० ईश)=हे नाथ !
न=नहि.
शशाक (धा० शक्)=समर्थ थयो.
भिदु: (मू० भिदु)=वज्र.
च=अने.
शक्रः (मू० शक्र)=शक्र, सौधर्म देवलोकनो इन्द्र.
तद्=तेथी करीने.
युक्तं (मू० युक्त)=व्याजबी.
एव=ज.
विबुधाः (मू० विबुध)=(१) देवो; (२) पण्डितो.
प्रवदन्ति (धा० वद्)=कहे छे
क (मू० किम्)=कोइ.
अपि=पण.
आक्रामति (धा० क्रम्)=आक्रमण करे छे
क्रम=चरण.
युग=युगल, जोडलुं.
अचल=पर्वत.
संश्रित (धा० श्रि)=रूडी रीते आश्रय करेल.
क्रमयुगाचलसंश्रितं=चरण-युगलरूपी पर्वतनो रूडी रीते आश्रय करेलाने.

શ્લોકાર્થ

પ્રભુની ચરણ-સેવાનો પ્રતાપ—

"હે નાથ ! જે **ચમરે** નાસીને તારા ચરણ-તલમાં પ્રવેશ કર્યો, તેને હણવાને (**સૌધર્મ** દેવલોકનો સ્વામી) **શક્ર** તેમજ વજ્ર (પણ) સમર્થ થયાં નહિ. તેથી કરીને કોઇ પણ તારા ચરણ-યુગલ રૂપી પર્વતોનો રૂડી રીતે આશ્રય કરેલા (પ્રાણી)નું આક્રમણ કરતો (અર્થાત્ પરાભવ કરી શકતો) નથી એમ વ્યાજબીજ (વાત) દેવો [અથવા પણ્ડિતો] કહે છે."—૩૫

સ્પષ્ટીકરણ

ચમરેન્દ્રનો ઉત્પાત—

વિંધ્યાચળની તળેટીમાંના 'બિભેલ' ગામમાં વસનારો **પૂરણ** નામનો એક તાપસ મરીને બાલ-તપશ્ચર્યાના પ્રભાવથી 'ચમરચંચા' નગરીમાં **ચમરેન્દ્ર** તરીકે ઉત્પન્ન થયો. ઉત્પન્ન થતાંજ તે અવધિજ્ઞાન વડે જોવા લાગ્યો. અનુક્રમે ઉપર દૃષ્ટિ કરતાં તેણે પોતાની ઉપર **સૌધર્મ** દેવલોકના સ્વામી **શક્ર**ને જોયો. આથી તે કોપાયમાન થયો અને તેને નીચે પાડવાને તે તૈયાર થઇ ગયો. તેના સામાનિક સુરોએ આ વાતની ના કહી, કિન્તુ તેણે માન્યું નહિ. પરંતુ તેને એમ વિચાર આવ્યો કે ખરેખર મારા કરતાં વધારે પુણ્યશાળી **શક્ર**થી કદાચ મારો પરાભવ થાય, તો પછી મારે કોને શરણે જવું ! આ સંબંધમાં અવધિજ્ઞાનના ઉપયોગ વડે તેણે જોયું કે ચરમ તીર્થંકર **મહાવીર** પ્રભુ 'સુસુમાર' પુરમાં હાલ વિરાજે છે; તેમને શરણે હું જઇશ તો મારૂં શ્રેય થશે, કેમકે તેઓ ત્રૈલોક્યના પિતા છે. આમ વિચારી તે પોતાની 'તુંબાલય' નામની આયુધ–શાળામાં ગયો. ત્યાંથી એક મુદ્ગર લઇ તે નગરી બહાર નીકળ્યો. આ વખતે સામાનિક દેવતાઓએ તે અજ્ઞ છે એમ જાણી તેની ઉપેક્ષા કરી. ક્ષણ વારમાં તે **મહાવીર** પ્રભુ પાસે આવ્યો અને આયુધને દૂર મૂકી ત્રણ પ્રદક્ષિણા કરીને તેમને કહેવા લાગ્યો કે મારા મસ્તક ઉપર પગ મૂકીને **શક્ર** રહેલો છે, વાસ્તે તે દુર્જય **શક્ર**ને હું આપના પ્રભાવથી જીતી લઇશ. આ પ્રમાણે કહીને ઈશાન દિશામાં જઇને તેણે વૈક્રિય લબ્ધિ વડે એક લાખ યોજન પ્રમાણનું અતિ ભયંકર રૂપ વિકુર્વ્યું અને તેમ કરીને તે **સૌધર્મ** દેવલોક તરફ ઉડ્યો. આને જોઇને તો વ્યંતરો પણ ગભરાઇ ગયા અને જ્યોતિષ્ક દેવો પણ ત્રાસ પામી ગયા. જોત જોતામાં તો સૂર્ય-ચન્દ્રના મંડળનું ઉલ્લંઘન કરી તે **સૌધર્મ** દેવલો-

मिथस्=અરસ્પરસ.
जनि=જન્મ.
वैर=દુશ્મનાવટ.
वन्ध=બંધ.
जनिवैरवन्धाः=જન્મથી વૈરનો બંધ છે જેમને એવા.
तिष्ठन्ति (धा० स्था)=રહે છે.
ते (मू० तद्)=તેઓ.
समवसृति (मू० समवसृत्)=સમવસરણમાં.
अविरोधिनं (मू० अविरोधिन्)=વિરોધ રહિત.
त्वां (मू० युष्मद्)=તને.
दृष्ट्वा=જોઇને.
भयं (मू० भय)=ભય, બીક.
भवति (धा० भू)=હોય છે.
नो=નહિ.
भवत्=આપ.
आश्रित (धा० श्रि)=આશ્રય કરેલ.
भवदाश्रितानां=આપનો આશ્રય કરેલાને.

શ્લોકાર્થ

પ્રભુ-દર્શનનું માહાત્મ્ય—

" (હે નાથ !) તારા સમવસરણમાં તને વિરોધ-વર્જિત (અર્થાત્ સૌમ્ય દૃષ્ટિવાળો) જોઇને બિલાડીઓ ઉંદરોની વચ્ચે, સર્પ ગરૂડોની વચ્ચે અને હરણો સિંહોની વચ્ચે તેમજ જન્મથી વૈર-ભાવ વહન કરનારાં એવાં અન્ય પ્રાણિઓ પણ અરસ્પરસ (સાથે) રહે છે. (એ ઉપરથી જોઇ શકાય છે કે) આપનો આશ્રય લીધેલા (જીવો)ને ભય હોતો નથી."—૩૪

* * * * *

भगवच्चरणशरणगतं न कोऽपि पराभवतीत्याह—

यस्ते प्रणश्य चमरोंऽह्रितले प्रविष्ट-
स्त्वं हन्तुमीश ! न शशाक भिदुश्च शक्रः ।
तद् युक्तमेव विबुधाः प्रवदन्ति कोऽपि
नाक्रामति क्रमयुगाचलसंश्रितं ते ॥ ३५ ॥

टीका

हे ईश ! यश्चमरः-चमरेन्द्रः प्रणश्य ते-तवांह्रितले प्रविष्टस्तं हन्तुं शक्रश्च-पुनर्भिदुः-वज्रं न शशाक-न समर्थो बभूव। तद्धेतोर्विबुधाः-पण्डिता देवा वा युक्तमेव प्रवदन्ति। किं तदित्याह-ते -तव क्रमयुगाचलसंश्रितं-चरणयुग्मपर्वताश्रितं कोऽपि नाक्रामति-कोऽपि न पराभवति । अत्र भगवतीसूत्रात् (श० ३, उ० २, सू० १४३-१४६) चमरप्रबन्धो ज्ञेयः ॥ ३५ ॥

अन्वयः

(हे) ईश ! यः 'चमरः' प्रणश्य ते अंह्रि-तले प्रविष्टः तं हन्तुं 'शक्रः' भिदुः च न शशाक; तद् 'कः अपि ते क्रम-युग-अचल-संश्रितं न आक्रामति' (इति) विबुधाः युक्तं एव प्रवदन्ति।

શબ્દાર્થ

यः (मू० यद्)=જે.
ते (मू० युष्मद्)=તારા.
प्रणश्य (धा० नश्)=નાસીને.
चमरः (मू० चमर)=ચમર, અસુરકુમારોનો ઇન્દ્ર.
अंह्रि=ચરણ.
तल=તળિયું
अंह्रितले=ચરણ-તલમાં.
प्रविष्टः (मू० प्रविष्ट)=પ્રવેશ કર્યો.

तं (मू० तद्)=તેને.
हन्तुं (धा० हन्)=હણવાને.
ईश ! (मू० ईश)=હે નાથ !
न=નહિ.
शशाक (धा० शक्)=સમર્થ થયો.
भिदुः (मू० भिदु)=વજ્ર.
च=અને.
शक्रः (मू० शक्र)=શક્ર, સૌધર્મ દેવલોકનો ઇન્દ્ર.
तद्=તેથી કરીને.
युक्तं (मू० युक्त)=વ્યાજબી.
एव=જ.
विबुधाः (मू० विबुध)=(૧) દેવો; (૨) પણ્ડિતો.
प्रवदन्ति (धा० वद्)=કહે છે
क (मू० किम्)=કોઇ.
अपि=પણ
आक्रामति (धा० क्रम्)=આક્રમણ કરે છે
क्रम=ચરણ
युग=યુગલ, જોડયું
अचल=પર્વત.
संश्रित (धा० श्रि)=રૂડી રીતે આશ્રય કરેલ.
क्रमयुगाचलसंश्रितं=ચરણ-યુગલરૂપી પર્વતનો રૂડી રીતે આશ્રય કરેલાને.

શ્લોકાર્થ

પ્રભુની ચરણ-સેવાનો પ્રતાપ—

"હે નાથ ! જે **ચમરે** નાસીને તારા ચરણ-તલમાં પ્રવેશ કર્યો, તેને હણવાને (**સૌધર્મ** દેવલોકનો સ્વામી) **શક્ર** તેમજ વજ્ર (પણ) સમર્થ થયાં નહિ. તેથી કરીને કોઇ પણ તારા ચરણ-યુગલ રૂપી પર્વતોનો રૂડી રીતે આશ્રય કરેલા (પ્રાણી)નું આક્રમણ કરતો (અર્થાત્ પરાભવ કરી શકતો) નથી એમ વ્યાજબીજ (વાત) દેવો [અથવા પણ્ડિતો] કહે છે."—૩૫

સ્પષ્ટીકરણ

ચમરેન્દ્રનો ઉત્પાત—

વિંધ્યાચળની તળેટીમાંના 'બિભેલ' ગામમાં વસનારો **પૂરણ** નામનો એક તાપસ મરીને બાલ-તપશ્ચર્યાના પ્રભાવથી 'ચમરચંચા' નગરીમાં **ચમરેન્દ્ર** તરીકે ઉત્પન્ન થયો. ઉત્પન્ન થતાંજ તે અવધિજ્ઞાન વડે જોવા લાગ્યો. અનુક્રમે ઉપર દૃષ્ટિ કરતાં તેણે પોતાની ઉપર **સૌધર્મ** દેવલોકના સ્વામી **શક્ર**ને જોયો. આથી તે કોપાયમાન થયો અને તેને નીચે પાડવાને તે તૈયાર થઇ ગયો. તેના સામાનિક સુરોએ આ વાતની ના કહી, કિન્તુ તેણે માન્યું નહિ. પરંતુ તેને એમ વિચાર આવ્યો કે ખરેખર મારા કરતાં વધારે પુણ્યશાળી **શક્ર**થી કદાચ મારો પરાભવ થાય, તો પછી મારે કોને શરણે જવું ? આ સંબંધમાં અવધિજ્ઞાનના ઉપયોગ વડે તેણે જોયું કે ચરમ તીર્થંકર મહાવીર પ્રભુ 'સુસુમાર' પુરમાં હાલ વિરાજે છે, તેમને શરણે હું જઇશ તો મારે ભય નથી, કેમકે તેઓ ત્રૈલોક્યના પિતા છે. આમ વિચારી તે પોતાની 'તુંબાલય' નામની આયુધ-શાળામાં ગયો. ત્યાંથી એક મુદ્ગર લઇ તે નગરી બહાર નીકળ્યો. આ વખતે સામાનિક દેવ-દેવીઓએ તે મૂર્ખ છે એમ જાણી તેની ઉપેક્ષા કરી. ક્ષણ વારમાં તે **મહાવીર** પ્રભુ પાસે આવ્યો અને [illegible] દૂર રહી ત્રણ પ્રદક્ષિણા કરીને તેમને કહેવા લાગ્યો કે મારા મસ્તક ઉપર પગ મૂકીને શક્ર રહેલો છે, તેને તે દુર્જય શક્રને હું આપના પ્રભાવથી જીતી લઇશ. આ પ્રમાણે કહીને ઇશાન દિશામાં જઇને તેણે વૈક્રિય સમુદ્ઘાત વડે એક લાખ યોજન પ્રમાણનું અતિ ભયંકર રૂપ વિકુર્વ્યું અને તેમ કરીને તે સૌધર્મ દેવલોક તરફ ઉડ્યો. આને જોઇને તો વ્યંતરો પણ ગભરાઇ ગયા અને જ્યોતિષ્ક દેવો પણ ત્રાસ પામી ગયા. જોતજોતામાં તો સૂર્ય-ચન્દ્રના મંડળનું ઉલ્લંઘન કર્યું, ને સૌધર્મ દેવલો-

કમાં આવી પહોંચ્યો. તેને જોઇને ત્યાં વસતા અનેક જીવો ભયભીત બની ગયા. આ ચમરેન્દ્રે એક પગ પદ્મ-વેદિકાની ઉપર મૂક્યો અને બીજો પગ **સુધર્મા** સભામાં મૂક્યો અને પોતાના આયુધ વડે ઇન્દ્ર-કીલ ઉપર ત્રણ વાર તાડન કર્યું અને **શક્ર**ને તુચ્છકારી કાઢ્યો. **શક્ર**ને વિસ્મય થયો અને અવધિજ્ઞાન વડે તેનો વિચાર કરતાં તેને ખબર પડી કે આ તો **ચમરેન્દ્ર** છે. એટલે તેણે કહ્યું કે અરે **ચમર**! તું અહિંથી નાસી જા. આમ કહીને તેણે **ચમર**ના તરફ પ્રજ્વલિત વજ્ર મૂક્યું. આથી **ચમરેન્દ્ર** ભયભીત થઇ નાસવા લાગ્યો અને ધીરે ધીરે પોતાનું રૂપ નાનું બનાવતો ગયો.

અહિં વજ્ર મૂક્યા બાદ **શક્ર** વિચારવા લાગ્યો કે તીર્થંકર, તીર્થંકરનું ચૈત્ય કે કોઇ મહર્ષિના શરણના પ્રતાપથીજ કોઇ અસુર અહિં આવી શકે, બાકી તો કદાપિ તેમ બને નહિ; અને જો તેમ હશે, તો હું તેમની આશાતના કરનારો થઇશ. આથી આ સંબંધમાં અવધિજ્ઞાન વડે જોતાં તેને માલૂમ પડ્યું કે તે **મહાવીર** પ્રભુના પ્રભાવથી અત્ર આવ્યો હતો અને અત્યારે તેમનેજ શરણે ગયો છે. આથી તો તે વિચારવા લાગ્યો કે અરરર! મેં ઘણું અનુચિત કાર્ય કર્યું, હું માર્યો ગયો. એમ વિચારી તે એકદમ **ચમરેન્દ્ર**ની અને વજ્રની પાછળ પૂર વેગથી નીકળી પડ્યો અને ક્ષણવારમાં તો તે તેની સમીપ આવી પહોંચ્યો. વજ્ર **ચમરેન્દ્ર**ની [illegible] નજીક આવી પહોંચતા 'શરણ, શરણ' એમ પોકારતો તે **ચમરેન્દ્ર** પોતાનું શરીર [illegible] કરીને **મહાવીર** પ્રભુનાં ચરણની વચ્ચે કુન્થુની જેમ ભરાઇ ગયો. આ વખતે વજ્ર [illegible] જેટલુંજ આઘું રહ્યું હતું અને તે આગળ વધે તેટલામાં તો **શક્રે** તેને [illegible] પ્રભુને વન્દના કરી તેણે તેમની ક્ષમા માગી લીધી. પોતાના ક્રોધને શમાવ[illegible] **શક્રે** [illegible] માં જઇને ત્રણ વાર પોતાનો ડાબો પગ પછાડ્યો અને પછી ચમરેન્દ્રને [illegible] તે **મહાવીર** પ્રભુનું શરણ લીધું, તેથી મેં તારી સાથેની દુશ્મનાવટ [illegible] તું તારે સ્થાનકે જા. આમ કહી **શક્રે** પ્રભુને વન્દના કરી અને પછીથી [illegible]. ત્યાર પછી **ચમરેન્દ્ર** પ્રભુના ચરણમાંથી બહાર નીકળ્યો અને [illegible] સ્તુતિ કરવા લાગ્યો. પછી પ્રભુને નમીને તે પોતાની નગરીમાં ગયો અને [illegible] ની દુર્દશાથી બચીને [illegible] કર્યો. અંતમાં તે સમય [illegible] તેમને વંદન કરી પોતાને સ્થાનકે ચાલ્યા ગયા.

* * * * *

[illegible]—

[illegible]—

[illegible] ! [illegible] ।

[illegible] ! [illegible]

[illegible] ॥ ૨૬ ॥

[illegible]

[illegible]

ઉપોદ્‌ઘાત

પાદ-પૂર્તિરૂપ કાવ્ય રચવાનો હેતુ—

મનુષ્યના સ્વભાવ પરત્વે વિચાર કરતાં એમ લાગે છે કે અન્યનું અનુકરણ કરવા—ભલે પછી તે વાસ્તવિક હોય કે અવાસ્તવિક હોય તો પણ તેમ કરવા સામાન્ય મનુષ્યો તો લલચાય છે. જે સાધન દ્વારા એક મનુષ્ય વિદ્યા, કીર્તિ કે ધન સંપાદન કરતો દૃષ્ટિ-ગોચર થાય છે, તે સાધનને પ્રાપ્ત કરી તદનુસાર વર્તન કરવા અન્ય તૈયાર થઇ જાય છે. કીર્તિના અર્થી[1] કેટલાક કવિઓના ઉપર પણ આવી અસર થઇ છે એમ કહેવામાં આવે છે.

દાખલા તરીકે, મહાકવિ **કાલિદાસ**ના **મેઘદૂત**ની મોહિનીમાં મુગ્ધ બની તેના જેવું દૂત-કાવ્ય રચી કીર્તિ મેળવવા કેટલાક [2]જૈન અને [3]અજૈન કવિઓએ પ્રયાસ કર્યો છે, જ્યારે કેટલાકે મહર્ષિ ભર્તૃહરિના શતકોને અને તેમાં ખાસ કરીને [4]**વૈરાગ્ય-શતક**ને લક્ષ્યમાં રાખી તેવાં શતકો રચવાં કલમ હાથ ધરી છે. કેટલાકે **જયદેવ**ના જેવું **ગીત-ગોવિન્દ** રચી પોતાનો કીર્તિ-સ્તંભ સ્થાપવા પ્રયત્ન કર્યો છે.

આ તો અજૈન કાવ્યોની વાત કરી. પરંતુ આ હકીકત જૈન કાવ્યોના સંબંધમાં પણ ઘટી શકે છે એમ કહેવામાં આવે છે. જેમકે શતાર્થિક શ્રી**સોમપ્રભસૂરિ**કૃત (પ્રસાદતા, અને સરલતાથી વિભૂષિત) **સિન્દૂર-પ્રકર**ના અનુકરણરૂપ [5]**કર્પૂર-પ્રકર**, **કસ્તૂરી-પ્રકર** અને **હિંગુલ-પ્રકર** રચવામાં આવ્યાં છે.

---

૧ સરખાવો—

> " गतानुगतिको लोको, न लोक पारमार्थिक. ।
> वालुकालिङ्गमात्रेण, गत मे ताम्रभाजनम् ॥ १ ॥ "

૨ મેઘદૂતના સમસ્ત શ્લોકોના એક અથવા બે ચરણો લઇને **પાર્શ્વાભ્યુદય** નામનુ કાવ્ય રચનારા શ્રી**જિનસેનસૂરિ** (આ કાવ્ય છપાયેલુ છે, એના સબંધમાં પ્રો૦ કે. **બી.** પાઠકનુ એમ માનવુ છે કે એ મૂળ **મેઘદૂત** કરતાં ચડિયાતું કાવ્ય છે), **પવન-દૂત**ના કર્તા **વાદિચન્દ્ર** (આ કાવ્ય મેઘદૂતની છાયારૂપ છે અને તે મુદ્રિત છે), **ચન્દ્ર-દૂત**ના કર્તા **જમ્બૂકવિ**, **નેમિદૂત**ના કર્તા **સાંગણસુત વિક્રમ**, **શીલદૂત**ના કર્તા **ચારિત્રસુંદરગણિ** (આ ઘણું પ્રાસાદિક કાવ્ય છે અને તે મુદ્રિત છે), **ઇન્દુ-દૂત**ના કર્તા **વિનયવિજયગણિ**, **મેઘદૂત**ના કર્તા **વિક્રમ મંત્રી**, **મેઘદૂત-સમસ્યા-લેખ**ના કર્તા ઉપાધ્યાય શ્રી**મેઘવિજય** અને **જૈન મેઘદૂત** (આ કાવ્ય કંઇ મેઘદૂતની પાદ-પૂર્તિરૂપ નથી, પરંતુ ફક્ત અત્ર નામમાં તેમજ તેના પ્રથમ શ્લોકના પ્રારંભમાં સમાનતા છે)ના કર્તા **મેરૂતુંગાચાર્ય** તેમજ **મનોદૂત** અને **ચેતોદૂત**ના કર્તાઓ (એમનાં નામો જાણવામાં આવ્યાં નથી, ચેતોદૂત મુદ્રિત છે.) વિગેરે જૈન કવિઓ થઇ ગયા છે.

૩ અજૈન કવિઓમાં **પવન-દૂત**ના કર્તા **ધોઇક**, **ઉદ્ધવ-દૂત**ના કર્તા **માધવ**, **મનોદૂત**ના કર્તા **તૈલંગ વ્રજનાથ**, **પદાંક-દૂત**ના કર્તા **કૃષ્ણસાર્વભૌમ**, **હંસદૂત**ના કર્તા **રૂપગોસ્વામી** તેમજ **કોકિલ-સંદેશ**ના કર્તા **ઉદ્દંડ શાસ્ત્રી**, **શુક સંદેશ**ના કર્તા **લક્ષ્મીદાસ**, **હંસ-સંદેશ**ના કર્તા **વેદાંતદેશી** વિગેરે કવિનાં નામો જાણીતાં છે.

૪ પદ્માનંદ કવિએ વૈરાગ્ય-શતક રચ્યુ છે. આ કાવ્ય-માલાના સપ્તમ ગુચ્છકમાં છપાયેલુ છે.

૫ કર્પૂર-પ્રકરના કર્તા હરિ સાધુ છે.

सुशीतलेश्याविधानेन सा हतेति भगवत्यां (श० १५, सू० ५४३) प्रोक्तम् । ईश ! वधाऽद्यापीदं युक्तं त्वन्नामकीर्तनजलं तव नाम्नः कीर्तनं-शंसनं तदेव जलं अशेषं-समस्तं भयाग्निं शमयति-विध्यापयतीति ॥ ३६ ॥

अन्वयः

(हे) जिन ! पूर्वं सत्-उपकार-परेण त्वया सु-शीत-लेश्यां विधाय तेजस्-लेश्या हता, तथा (हे) ईश ! इदं युक्तं (यद्) अद्यापि त्वत्-नामन्-कीर्तन-जलं अ-शेषं भय-अग्निं शमयति ।

શબ્દાર્થ

पूर्वं=પહેલાં.
त्वया (मू० युष्मद्)=તારાથી.
सत्=સજ્જન.
उपकार=ઉપકાર.
पर=તત્પર.
सदुपकारपरेण=સજ્જન પ્રતિ ઉપકાર કરવામાં તત્પર.
तेजोलेश्या=તેજોલેશ્યા.
हता (मू० हत)=નષ્ટ થઇ
जिन ! (मू०जिन)=હે તીર્થંકર !
विधाय (धा० धा)=કરીને.
सु=સુન્દરતાવાચક અવ્યય.
शीतलेश्या=શીતલેશ્યા.
सुशीतलेश्यां=સુંદર શીતલેશ્યાને.
अद्य=આજે.
अपि=પણ.
युक्तं (मू० युक्त)=યુક્ત, વ્યાજબી
इद (मू० इदम्)=આ.
ईश ! (मू० ईश)=હે નાથ !
तथा=તેવી રીતે
भय=બીક.
अग्नि=અગ્નિ.
भयाग्निं=ભયરૂપી અગ્નિને
कीर्तन=કથન.
त्वन्नामकीर्तनजलं=તારા નામનું [illegible]
शमयति (धा० शम्) [illegible]
अशेषं (मू० अशेष)=[illegible]

શ્લોકાર્થ

પ્રભુના નામનો મહિમા—

"હે જિન ! સજ્જનો પ્રતિ [અથવા સારો] ઉપકાર કરવામાં તત્પર [illegible] છદ્મસ્થ અવસ્થામાં] સુંદર શીત-લેશ્યા મૂકીને (વૈશિકાયન તાપસે ગોશાળક [illegible] તેજોલેશ્યાનો નાશ કર્યો. તેવી રીતે હે નાથ ! આ ન્યાય્ય છે કે [illegible] રૂપી જલ સમસ્ત ભયરૂપી અગ્નિને શાંત કરે છે."—૩૬

સ્પષ્ટીકરણ

ગોશાળક-ચારિત્ર—

ગોશાળકના પિતાનું નામ મંખલી હતું, જ્યારે તેની [illegible] ગોશાળકનો જન્મ ગો-શાળામાં થયો હતો, તેથી તેનું [illegible] ગોશાળક સ્વભાવથી જ ઉચ્છૃંખલ હતો. જ્યારે તે [illegible] લઇને ફરવાનો પોતાના પિતાનો ધંધો લીધો. [illegible] 'રાજગૃહ' નગરે જઇ પહોંચ્યો. આ નગરની બહાર [illegible] ચસ્યા. તેમણે વિજય [illegible]

કર્યું એટલે ત્યાં રત્ન-વૃષ્ટિ વિગેરે પાંચે દિવ્ય પ્રકટ થયાં. આ હકીકતની **ગોશાળક**ને ખબર પડી એટલે તે **મહાવીર** સ્વામીનો શિષ્ય થવા તૈયાર થઇ ગયો. પ્રભુની પાસે આવી તેણે તદનુસાર ઘણી વિજ્ઞપ્તિ કરી, પરંતુ પ્રભુ તો મૌનજ રહ્યા. છતાં તે પોતાને તેમનો શિષ્ય માનવા લાગ્યો. પછી તે પ્રભુની સાથે વિહાર કરવા લાગ્યો.

અનુક્રમે તેઓ 'કુર્મ' ગામમાં આવી ચઢ્યા. આ ગામમાં એક **વૈશિકાયન** નામનો તાપસ રહેતો હતો. આ તાપસ ગામની બહાર મધ્યાહ્ન સમયે આતાપના લેતો હતો. તે સ્વભાવથી વિનીત અને ક્ષમાવાન્ હતો. **ગોશાળક** આ તાપસ પાસે ગયો અને પોતાના દુષ્ટ સ્વભાવાનુસાર તે તેને પૂછવા લાગ્યો કે અરે તાપસ ! તું કંઇ તત્ત્વ જાણે છે કે ? અથવા શું તું જૂનો શય્યાતર છે ? અરે તું સ્ત્રી છે કે પુરૂષ છે ? આ પ્રમાણે ઘણી વાર **ગોશાળકે** તેને કર્કશ વચનો કહ્યાં, તેથી જેમ ચંદન પણ ખૂબ ઘસવાથી ઉષ્ણ બની જાય, તેમ તે ક્ષમાવાન્ તાપસ પણ કોપાયમાન થઇ ગયો અને તેણે આના ઉપર તેજોલેશ્યા મૂકી. જ્વાળાઓથી અતિશય ભયંકર એવી તેજોલેશ્યાથી ભયભીત બનેલો તે **ગોશાળક** પ્રભુ પાસે આવ્યો, એટલે સર્વદા અપકારી જનો ઉપર પણ ઉપકાર કરવામાં તત્પર એવા પ્રભુએ તેના રક્ષણાર્થે સામી શીતલેશ્યા મૂકી. તેથી જળ વડે જેમ અગ્નિ શાંત થઇ જાય તેમ તે તેજોલેશ્યા શાંત થઇ ગઇ. આથી **વૈશિકાયન** તો આશ્ચર્યાંકિત થઇ ગયો. તે પ્રભુ પાસે આવી તેજોલેશ્યા મૂક્યા બદલ ક્ષમા યાચી ગયો.

ગોશાળકે પ્રભુને પૂછ્યું કે—"આ તેજોલેશ્યાની લબ્ધિ શી રીતે પ્રાપ્ત થાય છે વારૂ !" પ્રભુએ તેના ઉત્તરમાં જણાવ્યું કે—"જે મનુષ્ય નિયમધારી થઇ હમેશા છેઠ કરે અને એક મુષ્ટિ કુલ્માષ (અડદ) તથા અંજલિ-માત્ર જળ વડે પારણું કરે તેને છ મહિનામાં તેજોલેશ્યાની લબ્ધિ પ્રાપ્ત થાય છે."

ગોશાળકે ઉપર મુજબની વિધિ અનુસાર ઉગ્ર તપશ્ચર્યા કરીને તેજોલેશ્યાની લબ્ધિ પ્રાપ્ત કરી. વિદેશમાં શ્રીપાર્શ્વનાથના શાસનથી વિમુખ બનેલા સાધુઓ પાસેથી તે અષ્ટાંગ નિમિત્તનો [illegible] કાર કર્યો. પોતાના દુષ્ટ અધ્યવસાયને લઇને તે લોકોમાં પોતાને તીર્થંકર તરીકે ઓળખાવવા લાગ્યો. પરંતુ સર્વજ્ઞ **વીર** ભગવાને તેની ખરી હકીકત લોકો સમક્ષ કહી બતાવી. આથી [illegible] થઇ તેણે ભગવાનના ઉપર તેજોલેશ્યા મૂકી, પરંતુ તે તેજોલેશ્યાએ તો પ્રભુની પ્રદક્ષિણા કરી અને આવું નહિ કાર્ય પોતાની પાસે **ગોશાળકે** કરાવ્યું તેથી કોપાયમાન થઇ [illegible] [illegible] ફરી પેઠી ગઇ. **ગોશાળકે** પ્રભુ ઉપર તેજોલેશ્યા મૂકી હતી, તેથી પ્રભુના અંગમાં [illegible] [illegible] **ગોશાળક**ના તો પ્રાણ ચાલી ગયા. સાતમે દિવસે મરણ સમયે તેને સદ્વિચાર [illegible] પોતાના દુષ્ટ કર્મની તેણે નિન્દા કરી, [illegible] પશ્ચાત્તાપ થયો. અવસાન કાલે પોતાના દુષ્ટ કર્મની તેણે નિન્દા કરી,

તેથી તે બારમા દેવલોકમાં ઉત્પન્ન થયો. ત્યાંથી ચ્યવીને તેણે આ ભવમાં અનેક દુષ્ટ કર્મો કરેલાં હોવાથી ઘણા સમય સુધી તે નરકાદિક ગતિનો પણ અતિથિ બનશે, પરંતુ અંતમાં શુદ્ધ ચારિત્ર પાળી તે મોક્ષે જશે.

* * * * *

भगवन्नामतः सर्पभयमपि विलीयत इत्याह—

ऊर्ध्वस्य ते बिलमुखे वचनं निशम्य
यच्चण्डकौशिकफणी शमतामवाप ।
तत् साम्प्रतं तमपि नो स्पृशतीह नाग-
स्त्वन्नामनागदमनी हृदि यस्य पुंसः ॥ ३७ ॥

टीका

हे जिन! (यद्–) यस्मात् कारणात् ते–तव बिलमुखे ऊर्ध्वस्य (ऊर्ध्वं [illegible]) [illegible] श्रुत्वा चण्डकौशिकः फणी–सर्पः शमतां–कोपत्यागमवाप। [illegible] नागः–सर्पस्तं न स्पृशति–तत्स्पर्शमात्रं (अपि) न करोति। [illegible] हृदि त्वन्नामनागदमनी वर्तते। न च (?) नाम नागदमनी जडि [illegible] ॥ [illegible]

अन्वयः

(हे जिन!) बिल-मुखे ऊर्ध्वस्य ते वचनं निशम्य [illegible] साम्प्रतं अपि इह यस्य पुंसः हृदि त्वद्-नामन्-नागदमनी ([illegible]) [illegible]

શબ્દાર્થ

ऊर्ध्वस्य (मू० ऊर्ध्व)=ઊભા રહેલા.
ते (मू० युष्मद्)=તારા.
बिल=દર.
मुख=મુખ, મોઢું.
बिलमुखे=દરના મુખ આગળ.
वचनं (मू० वचन)=વચનને.
निशम्य (धा० शम्)=સાંભળીને, [illegible]
यद्=જે માટે.
चण्डकौशिक=ચણ્ડકૌશિક.
चण्डकौशिकफणी=[illegible]
शमता (मू० [illegible]) [illegible]
अवाप [illegible]
तद्=તે માટે.
साम्प्रतं [illegible]

[illegible]

શ્લોકાર્થ

નાથના નામનું ગૌરવ—

"(હે વીતરાગ !) જે કારણને લીધે (સર્પના) દરના મુખ સમીપ ઊભા રહેલા એવા તારા વચનનું શ્રવણ કરીને **ચણ્ડકૌશિક** સર્પ શાંતિ પામ્યો, તે કારણને લીધે હાલમાં પણ જે મનુષ્યના હૃદયમાં તારા નામરૂપી નાગદમની છે, તેનો આ દુનિયામાં નાગ સ્પર્શ (પણ) કરતો નથી."—૩૭

સ્પષ્ટીકરણ

ચણ્ડકૌશિકનું વૃત્તાન્ત—

પૂર્વ જન્મમાં જેણે ચારિત્ર અંગીકાર કર્યું હતું, પરંતુ ક્રોધને વશ થઇ જેણે તે મલિન કર્યું હતું અને તદનુસાર જે 'કનકખલ' નામના સ્થાનમાં વસતા પાંચસે તાપસોના કુલપતિના **કૌશિક** પુત્ર તરીકે ઉત્પન્ન થયો હતો અને ત્યાં પણ જે કોપાયમાન અવસ્થામાં મરણ પામ્યો હતો, તે તાપસ મરીને **ચણ્ડકૌશિક** નામના દૃષ્ટિ-વિષ સર્પ તરીકે ત્યાંજ ઉત્પન્ન થયો. આ સર્પથી સમસ્ત લોકો ભયભીત રહેતા હતા. એકદા **વીર** પ્રભુ વિહાર કરતા કરતા તે સ્થાનમાં આવી ચડ્યા, ત્યારે લોકોએ તેમને કહ્યું કે તમે 'શ્વેતંબી' નગરીએ જવા ઇચ્છો છો, તો સરળ માર્ગ મૂકીને વક્ર માર્ગે જાઓ, કેમકે મધ્યમાં અતિશય ભયંકર એવો દૃષ્ટિ-વિષ સર્પ રહે છે. પ્રભુએ તેમનું કહ્યું માન્યું નહિ, કેમકે તેઓ જાણતા હતા કે મારા દર્શન અને ઉપદેશથી **ચણ્ડકૌશિક** પ્રતિબોધ પામનાર છે.

જે અરણ્યમાં આ સર્પ વસતો હતો, તે અરણ્યમાં આવીને યક્ષ-મણ્ડપમાં પ્રભુ કાયોત્સર્ગ ધ્યાનમાં આરૂઢ થયા એટલામાં તે ગર્વિષ્ટ સર્પ પણ ફરતો ફરતો ત્યાં આવી ચડ્યો. પ્રભુને જોઇને તે ક્રોધથી લાલચોળ થઇ ગયો અને તેના સામું વિષમય દૃષ્ટિથી જોવા લાગ્યો. આથી પણ જ્યારે તેનું કાર્ય સિદ્ધ થયું નહિ, ત્યારે સૂર્ય સામું જોઇ જોઇને તે વધારે ભયંકર દૃષ્ટિ-જ્વાલા છોડવા લાગ્યો. પરંતુ એ જ્વાલાઓ તો પ્રભુની ઉપર જલધારા જેવી થઇ પડી. આથી ખૂબ ચીડાઇ જઇને તે પ્રભુને ડસવા લાગ્યો અને ડસી ડસીને પાછો હઠવા લાગ્યો, કેમકે તે બીતો હતો કે મારા [illegible] આના પ્રભુ પરલોક પ્રયાણ કરી જશે અને તેમ થતાં કદાચ તે મારા ઉપર પડશે. તે પ્રભુને અનેક સ્થળે ડસ્યો, પરંતુ કોઇ પણ સ્થળે તેનું વિષ પ્રસર્યું નહિ; કિન્તુ ત્યાંથી ગાયના દૂધના જેવી લોહીની ધારા વહેવા લાગી. આથી તે વિસ્મિત થઇ પ્રભુના કાન્ત અને સૌમ્ય [illegible] જ્યારે તે સર્પ કંઇક શાન્ત થયો, ત્યારે પ્રભુએ તેને કહ્યું કે હે ચણ્ડકૌશિક ! બુઝ બુઝ, [illegible] આ વાક્ય [illegible] તેના ઉપર ઉહાપોહ કરતાં તે [illegible] [illegible] કરી [illegible] અનશન વ્રત અંગીકાર કર્યું. તે [illegible] [illegible] આ વાતની લોકોને ધીરે ધીરે ખબર પડતાં તેઓ [illegible]

આવવા લાગ્યા અને કેટલાક તો દૂધ, ઘી વિગેરે પદાર્થો તેના શરીર ઉપર ચડાવવા લાગ્યા. આ પદાર્થોની ગન્ધથી આકર્ષાઇને અનેક કીડીઓ આવી પહોંચી અને તેઓ આ સર્પના શરીર ઉપર દુઃસહ ચટકા ભરવા લાગી. થોડા સમયમાં તો આ સર્પનું શરીર ચાળણી જેવું થઇ ગયું, પરંતુ આ પ્રમાણેનું મરણાન્ત કષ્ટ આવી પડતાં પણ તે શાન્ત રહ્યો અને અંતમાં મરીને તે **સહસ્રાર** (આઠમા) દેવલોકમાં દેવ તરીકે ઉત્પન્ન થયો.

* * * * *

भगवद्विहारे ईतयो न भवन्तीत्याह—

तुर्यारके विचरसि स्म हि यत्र देशे
तत्र त्वदागमत ईतिकुलं ननाश ।
अद्यापि तद्भयमहर्मणिधामरूपात्
त्वत्कीर्तनात् तम इवाशु भिदामुपैति ॥ ३८ ॥

टीका

हे जिन ! तुर्यारके–चतुर्थारके यत्र देशे त्वं विचरसि स्म–विजहर्थ, तत्र देशे त्वदागमतः–तवागमनाद् ईतिकुलं–सप्तेतयस्तासां कुलं–समूहो ननाश–नाशं प्राप । यतः–

"अतिवृष्टिरनावृष्टि–र्मूषकाः शलभाः शुकाः ।
स्वचक्रं परचक्रं च, सप्तैता ईतयः स्मृताः ॥१॥"

अद्यापि ताभ्यो भयं तद्भयं त्वत्कीर्तनादाशु–शीघ्रं भिदां–नाशमुपैति । कस्मात् किमिव ? अहर्मणिधामरूपात्–सूर्यप्रशस्ततेजसस्तम इव–ध्वान्तमिव । यथा तमो भिदां–नाशमुपैति, तथेतिकुलमिति ॥ ३८ ॥

अन्वयः

तुर्य–अरके यत्र देशे (हे जिन ! त्वं) विचरसि स्म, तत्र त्वद्–आगमतः ईति–कुलं हि ननाश; अद्यापि तद्–भयं त्वत्–कीर्तनात् अहन्–मणि–धामन्–रूपात् तमः इव भिदां आशु उपैति ।

શબ્દાર્થ

तुर्य=ચતુર્થ, ચોથો.
अरक=આરો.
तुर्यारके=ચોથા આરામાં.
विचरसि स्म (धा० चर्)=વિચરતા હવા.
हि=નિશ્ચયવાચક અવ્યય.
यत्र=જ્યાં.
देशे (मू० देश)=દેશમાં.
तत्र=ત્યાં.
आगम=આગમન.
त्वदागमतः=તારા આગમનથી.
ईति=ઈતિ, ઉપદ્રવ.
कुल=સમૂહ.
ईतिकुलं=ઈતિનો સમૂહ.
ननाश (धा० नश्)=નાશ પામતો હવો.
अद्यापि=હજી પણ.
तद्भयं=તેનો ભય.
अहन्=દિવસ.
मणि=રત્ન.

अहर्मणि=સૂર્ય.
धामन्=તેજ.
रूप=સમાન, જેવા.
अहर्मणिधामरूपात्=સૂર્યના તેજ જેવા.
त्वत्कीर्तनात्=તારા કીર્તનથી.

तमः (मू० तमस्)=અંધકાર.
इव=જેમ.
आशु=શીઘ્ર, સત્વર.
भिदां (मू० भिदा)=નાશને.
उपैति (धा० इ)=પામે છે.

શ્લોકાર્થ

પ્રભુના વિહારનો પ્રતાપ—

"(હે જિનેશ્વર !) ચોથા આરામાં જે દેશમાં તું વિચરતો હતો, ત્યાં તારા આગમનથી (અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ઉંદર, તીડ, પોપટ, સ્વચક્ર અને પરચક્ર એ સાત) ઈતિનો સમૂહ નાશ પામતો હતો. (વળી) જેમ સૂર્યના પ્રશસ્ત તેજ વડે અંધકાર નાશ પામે છે, તેમ હજુ પણ તારા સંકીર્તનથી તે (ઈતિ—સમુદાય)નો ભય નષ્ટ થાય છે."—૩૮

*   *   *   *   *

भगवत्पादसेवाफलम्—

निर्विग्रहाः सुगतयः शुभमानसाशाः
सच्छुक्लपक्षविभवाश्चरणेषु रक्ताः ।
रम्याणि मौक्तिकफलानि च साधुहंसा-
स्त्वत्पादपङ्कजवनाश्रयिणो लभन्ते ॥ ३९ ॥

टीका

हे जिन ! तव पादावेव पङ्कजे—कमले तदुपलक्षितं वनमाश्रयन्तीति त्वत्पादपङ्कजवनाश्रयिणः । शीलेऽर्थे णिन् प्रत्ययः । ईदृशाः साधुहंसा रम्याणि मौक्तिकफलानि लभन्ते । साधुपक्षे मोक्षफलानि, हंसपक्षे मुक्ताफलानि । कीदृशाः साधवो हंसाश्च ? विग्रहान्निष्क्रान्ता—निर्विग्रहाः सुगतयः शुभमानसे—सुचित्ते मानससरोवरे (च) आशा—इच्छा येषां ते शुभमानसाशाः । साधवः कीदृशाः ? सन्—समीचीनो यः शुक्लपक्षो—मातृपितृपक्षस्तत्र विभव—उद्भवो येषां ते । अथवा सम्यक्त्वलाभात् शुक्लपक्षः—अपार्धपुद्गलसंसारस्तत्र विभवो—जन्म येषां ते, तत्परतो भ्रमणाभावात्, सच्छु[क्लपक्षवि]भवाः । हंसास्तूज्ज्वलपक्षविभवाः । पुनश्चरणेषु—चारित्रेषु रक्ताः, हंसास्तु चलनेषु रक्ता[ः] । उभयत्र विशेषणानि तुल्यानि ॥ ३९ ॥

अन्वयः

[त्व]त्-पाद-पङ्कज-वन-आश्रयिणः, निर्-विग्रहाः, सु-गतयः, शुभ-मानस-आशाः, सत्-शुक्ल[-पक्ष-विभवाः], चरणेषु रक्ताः च साधु-हंसाः रम्याणि मौक्तिक-फलानि लभन्ते ।

આની સ્થૂલ માહિતી માટે જુઓ મુનિરાજ શ્રીન્યાયવિજયકૃત ન્યાયકુસુમાંજલિનુ સ્પષ્ટીકરણ (પૃ० ૫). આ વિષયના વિશેષ જિજ્ઞાસુએ જમ્બૂદ્વીપ-પ્રજ્ઞપ્તિનો દ્વિતીય વક્ષસ્કાર જોવો.

શબ્દાર્થ

निर्=અભાવવાચક અવ્યય.
विग्रह=(૧) લડાઈ, સંગ્રામ; (૨) કલેશ; (૩) દેહ.
निर्विग्रहाः=લડાઈથી અથવા શરીરથી વિમુખ.
सु=સુન્દરતાવાચક અવ્યય.
गति=(૧) ગતિ, (૨) જ્ઞાન.
सुगतयः=સારી છે ગતિ જેમની એવા
शुभ=સારૂં.
मानस=(૧) ચિત્ત, (૨) માનસ (સરોવર)
आशा=અભિલાષા, ઇચ્છા
शुभमानसाशाः=(૧) શુભ ચિત્તને વિષે ઇચ્છા છે જેમની એવા, (૨) સુંદર માનસને વિષે અભિલાષા છે જેમની એવા.
सत्=સારા.
शुक्ल=શ્વેત.
पक्ष=પાંખ.
शुक्लपक्ष=અર્ધપુદ્ગલ સંસાર, જૈનોનો પારિભાષિક શબ્દ.
विभव(=૧) જન્મ, (૨) સંપત્તિ.
सच्छुक्लपक्षविभवाः=(૧) સારા શુક્લ પક્ષને વિષે જન્મ છે જેમનો એવા, (૨) સમ્યક્ત્વનો લાભ થયેલો હોવાથી અર્ધપુદ્ગલ સંસારને વિષે ઉત્પત્તિ છે જેમની એવા; (૩) સુન્દર સફેદ પાંખરૂપી સંપત્તિવાળા.
चरणेषु (मू० चरण) (૧) ચારિત્રોને વિષે; (૨) ચરણોને વિષે.
रक्ताः (मू० रक्त)=(૧) રાગી; (૨) લાલ.
रम्याणि (मू० रम्य)=મનોહર.
मौक्तिक=(૧) મુક્તિ સંબંધી; (૨) મોતી.
फल=ફળ
मौक्तिकफलानि (૧) મુક્તિ સંબંધી ફળો; (૨) મોતીઓ.
च=અને.
साधु=મહાત્મા.
हंस=હંસ.
साधुहंसाः=સાધુરૂપી હંસો.
पाद=ચરણ.
पङ्कज=કમળ.
वन=વન.
आश्रयिन्=આશ્રય લેનાર.
त्वत्पादपङ्कजवनाश्रयिणः=તારાં ચરણ-કમલના વનનો આશ્રય લેનારા.
लभन्ते (धा० लभ्)=મેળવે છે.

શ્લોકાર્થ

પ્રભુની ચરણ-સેવાનું ફળ—

"તારાં ચરણ કમલના વનનો આશ્રય લેનારા, વિગ્રહથી વિમુખ, સારી ગતિને પ્રાપ્ત થયેલા, સુંદર માનસને વિષે અભિલાષા છે જેમને એવા, સારા શુક્લપક્ષરૂપ વિભવવાળા અને વળી ચરણને વિષે રક્ત એવા સાધુરૂપી હંસો મૌક્તિક-ફલો પામે છે."—૩૯

સ્પષ્ટીકરણ

પદ્ય-મીમાંસા—

આ સ્તોત્રમાં જોકે બબ્બે વસ્તુઓમાં સરખી રીતે ઘટી શકે એવાં દ્વિઅર્થી વિશેષણોથી યુક્ત અન્ય પદ્યો (જેવાંકે ૨૮મા, ૨૯મા) પણ છે, છતાં આ પદ્ય વાંચતાં કંઇ ઓરજ લહેર આવે છે, કેમકે એમાં એવાં વિશેષણો વિશેષ દૃષ્ટિ-ગોચર થાય છે. આવાં પદ્યો રચવાં એ કંઇ બાળકનો ખેલ નથી; એ તો શબ્દ-શાસ્ત્રમાં પ્રવીણ હોય તેજ રચી શકે. જૈન સાહિત્યમાં આવાં પદ્યોથી વિશિષ્ટ ઘણાં કાવ્યો છે. પરંતુ અત્ર તો તેમાંના એકનોજ ઉલ્લેખ કરવામાં આવે છે. તે કાવ્ય બીજું કોઇ નહિ પણ **કાવ્ય-માલાના** સપ્તમ ગુચ્છકમાં છપાયેલ શ્રીજમ્બૂમુનિવિરચિત **જિનશતક** છે. એ કાવ્યનાં સમસ્ત (૧૦૦) પદ્યો સ્રગ્ધરા જેવા વિશાળ વૃત્તમાં રચાયાં છે એ પણ એની વિશેષતા સૂચવે છે.

अहर्मणि=સૂર્ય.
धामन्=તેજ.
रूप=સમાન, જેવા.
अहर्मणिधामरूपात्=સૂર્યના તેજ જેવા.
त्वत्कीर्तनात्=તારા કીર્તનથી.

तमः (मू० तमस्)=અંધકાર.
इव=જેમ.
आशु=શીઘ્ર, સત્વર.
भिदां (मू० भिदा)=નાશને.
उपैति (धा० इ)=પામે છે.

શ્લોકાર્થ

પ્રભુના વિહારનો પ્રતાપ—

"(હે જિનેશ્વર !) ચોથા આરામાં જે દેશમાં તું વિચરતો હતો, ત્યાં તારા આગમનથી (અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ઉંદર, તીડ, પોપટ, સ્વચક્ર અને પરચક્ર એ સાત) ઈતિનો સમૂહ નાશ પામતો હતો. (વળી) જેમ સૂર્યના પ્રશસ્ત તેજ વડે અંધકાર નાશ પામે છે, તેમ હજુ પણ તારા સંકીર્તનથી તે (ઈતિ–સમુદાય)નો ભય નષ્ટ થાય છે."—૩૮

* * * * *

भगवत्पादसेवाफलम्—

निर्विग्रहाः सुगतयः शुभमानसाशाः
सच्छुक्लपक्षविभवाश्चरणेषु रक्ताः ।
रम्याणि मौक्तिकफलानि च साधुहंसा-
स्त्वत्पादपङ्कजवनाश्रयिणो लभन्ते ॥ ३९ ॥

टीका

हे जिन ! तव पादावेव पङ्कजे–कमले तदुपलक्षितं वनमाश्रयन्तीति त्वत्पादपङ्कजवनाश्रयिणः । शीलेऽर्थे णिन् प्रत्ययः । ईदृशाः साधुहंसा रम्याणि मौक्तिकफलानि लभन्ते । साधुपक्षे मोक्षफलानि, हंसपक्षे मुक्ताफलानि । कीदृशाः साधवो हंसाश्च ? विग्रहान्निष्क्रान्ता–निर्विग्रहाः सुगतयः शुभमानसे–सुचित्ते मानससरोवरे (च) आशा–इच्छा येषां ते शुभमानसाशाः । साधवः कीदृशाः ? सन्–समीचीनो यः शुक्लपक्षो–मातृपितृपक्षस्तत्र विभव–उद्भवो येषां ते । अथवा सम्यक्त्वलाभात् शुक्लपक्षः–अपार्धपुद्गलसंसारस्तत्र विभवो–जन्म येषां ते, तत्परतो भ्रमणाभावात्, सच्छुक्लपक्षविभवाः । हंसास्तूज्ज्वलपक्षविभवाः । पुनश्चरणेषु–चारित्रेषु रक्ताः, हंसास्तु चलनेषु रक्ता-रक्तवर्णाः । उभयत्र विशेषणानि तुल्यानि ॥ ३९ ॥

अन्वयः

त्वत्-पाद-पङ्कज-वन-आश्रयिणः, निर्-विग्रहाः, सु-गतयः, शुभ-मानस-आशाः, सत्-शुक्ल-पक्ष-विभवाः, चरणेषु रक्ताः च साधु-हंसाः रम्याणि मौक्तिक-फलानि लभन्ते ।

१ [illegible] મુનિરાજ શ્રીન્યાયવિજયકૃત ન્યાયકુસુમાંજલિનું સ્પષ્ટીકરણ (પૃ०
[illegible] જમ્બૂદ્વીપ-પ્રજ્ઞપ્તિનો દ્વિતીય વક્ષસ્કાર જોવો.

શબ્દાર્થ

निर्=અભાવવાચક અવ્યય.
विग्रह=(૧) લડાઇ, સંગ્રામ; (૨) કલેશ; (૩) દેહ.
निर्विग्रहाः=લડાઇથી અથવા કલેશથી વિમુખ.
सु=સુન્દરતાવાચક અવ્યય.
गति=(૧) ગતિ, (૨) ચાલ.
सुगतयः=સારી છે ગતિ જેમની એવા.
शुभ=સારૂં.
मानस=(૧) ચિત્ત, (૨) **માનસ** (સરોવર).
आशा=અભિલાષા, ઇચ્છા.
शुभमानसाशाः=(૧) શુભ ચિત્તને વિષે ઇચ્છા છે જેમની એવા; (૨) સુંદર **માનસને** વિષે અભિલાષા છે જેમની એવા.
सत्=સારા.
शुक्ल=શ્વેત.
पक्ष=પાંખ.
शुक्लपक्ष=અર્ધપુદ્ગલ સંસાર, જૈનોનો પારિભાષિક શબ્દ.
विभव(=૧) જન્મ, (૨) સંપત્તિ.
सच्छुक्लपक्षविभवाः=(૧) સારા શુકલ પક્ષને વિષે જન્મ છે જેમનો એવા, (૨) સમ્યકત્વનો લાભ થયેલો હોવાથી અર્ધપુદ્ગલ સંસારને વિષે ઉત્પત્તિ છે જેમની એવા; (૩) સુન્દર સફેદ પાંખરૂપી સંપત્તિવાળા.
चरणेषु (मू० चरण) (૧) ચારિત્રોને વિષે, (૨) ચરણોને વિષે.
रक्ताः (मू० रक्त)=(૧) રાગી, (૨) લાલ.
रम्याणि (मू० रम्य)=મનોહર.
मौक्तिक=(૧) મુક્તિ સંબંધી; (૨) મોતી.
फल=ફળ.
मौक्तिकफलानि (૧) મુક્તિ સંબંધી ફળો; (૨) મોતીઓ.
च=અને.
साधु=મહાત્મા.
हंस=હંસ.
साधुहंसाः=સાધુરૂપી હંસો.
पाद=ચરણ.
पङ्कज=કમળ.
वन=વન.
आश्रयिन्=આશ્રય લેનાર.
त्वत्पादपङ्कजवनाश्रयिणः=તારાં ચરણ-કમલના વનનો આશ્રય લેનારા.
लभन्ते (धा० लभ्)=મેળવે છે.

શ્લોકાર્થ

પ્રભુની ચરણ-સેવાનુ ફળ—

"તારાં ચરણ-કમલના વનનો આશ્રય લેનારા, વિગ્રહથી વિમુખ, સારી ગતિને પ્રાપ્ત થયેલા, સુંદર માનસને વિષે અભિલાષા છે જેમને એવા, સારા શુક્લપક્ષરૂપ વિભવવાળા અને વળી ચરણને વિષે રક્ત એવા સાધુરૂપી હંસો મૌક્તિક-ફ્લો પામે છે."—૩૯

સ્પષ્ટીકરણ

પદ્ય-મીમાંસા—

આ સ્તોત્રમાં જોકે બબ્બે વસ્તુઓમાં સરખી રીતે ઘટી શકે એવાં દ્વિઅર્થી વિશેષણોથી યુક્ત અન્ય પદ્યો (જેવાં કે ૨૮મા, ૨૯મા) પણ છે, છતાં આ પદ્ય વાંચતાં કંઇ ઓરજ લહેર આવે છે, કેમકે એમાં એવાં વિશેષણો વિશેષ દષ્ટિ-ગોચર થાય છે. આવાં પદ્યો રચવાં એ કંઇ બાળકનો ખેલ નથી; એ તો શબ્દ-શાસ્ત્રમાં પ્રવીણ હોય તેજ રચી શકે. જૈન સાહિત્યમાં આવાં પદ્યોથી વિશિષ્ટ ઘણાં કાવ્યો છે. પરંતુ અત્ર તો તેમાંના એકનોજ ઉલ્લેખ કરવામાં આવે છે. તે કાવ્ય બીજુ કોઇ નહિ પણ **કાવ્ય-માલાના** સપ્તમ ગુચ્છકમાં છપાયેલ શ્રીજમ્બૂમુનિવિરચિત **જિનશતક** છે. એ કાવ્યનાં સમસ્ત (૧૦૦) પદ્યો સ્રગ્ધરા જેવા વિશાળ વૃત્તમાં રચાયાં છે એ પણ એની વિશેષતા સૂચવે છે.

ઉદાહરણ તરીકે, એ કાવ્યનું નીચે મુજબનું દશમું પદ્ય અત્ર આપવામાં આવે છેઃ—

"तन्वाना वैनतेयश्रियमंहितवृषोत्कर्षमोपिप्रतापाः
कामं कौमोदकीनाशरणशरणदा नीरजोदाररागाः ।
सद्यः प्रद्युम्नयुक्ताः सदसिकृतमुदो यत्क्रमाश्चक्रिणो वा
भ्राजन्ते भ्राजिताशाः सुखमखिलमसौ श्रीजिनो वो विधेयात् ॥"

શુક્લપક્ષી એટલે શું ?—

જે જીવને નિર્વાણ-નગરે પહોંચવામાં વધારેમાં વધારે અર્ધપુદ્‌ગલ-પરાવર્ત જેટલાજ કાલ સુધી વિલંબ ખમવો પડે તેમ હોય, તે જીવ 'શુક્લપક્ષી' કહેવાય છે; જ્યારે એથી વધારે કાળ પર્યંત જેને સંસારમાં રખડપટ્ટી કરવાની બાકી હોય, તે 'કૃષ્ણપક્ષી' કહેવાય છે. આ વાત લક્ષ્યમાં આવે તેટલા માટે જૈન શાસ્ત્રમાં કાલના વિભાગને આશ્રીને વાપરેલી પુદ્‌ગલ-પરાવર્ત નામની પરિભાષા પરત્વે વિચાર કરીએ.

પુદ્‌ગલપરાવર્ત એ જૈનશાસ્ત્રનો ઘણા મોટા કાલના વિભાગને દર્શાવનારો પારિભાષિક શબ્દ છે. કરોડો વર્ષ જેટલો સમય પણ આ કાલ-વિભાગની આગળ કંઇ હિસાબમાં નથી. આ પુદ્‌ગલ–પરાવર્તના (૧) દ્રવ્ય–પુદ્‌ગલ–પરાવર્ત, (૨) ક્ષેત્ર–પુદ્‌ગલ–પરાવર્ત, (૩) કાલ–પુદ્‌ગલ–પરાવર્ત અને (૪) ભાવ–પુદ્‌ગલ–પરાવર્ત એમ ચાર પ્રકારો છે. તેમાં પણ વળી આ દરેક પ્રકારના પરાવર્તના બાદર અને સૂક્ષ્મ એમ બબ્બે અવાન્તર ભેદો છે. આ દરેકનું સ્વરૂપ તો અત્ર વિચારવું પ્રાસંગિક નહિ ગણાય, વાસ્તે અહિં તો આ બધા પ્રકારાન્તરોમાંથી ફક્ત સૂક્ષ્મ-ક્ષેત્ર–પુદ્‌ગલ–પરાવર્તનુંજ સ્વરૂપ વિચારી લઇએ, કેમકે પ્રસ્તુતમાં તેનુંજ કામ છે.

જૈન શાસ્ત્ર પ્રમાણે આકાશના લોકાકાશ અને અલોકાકાશ એમ બે વિભાગો કલ્પવામાં આવ્યા છે અને તેમાં વળી લોકાકાશના અસંખ્ય પ્રદેશો માનવામાં આવ્યા છે. આ દરેક પ્રદેશને મરણ દ્વારા સ્પર્શવામાં જેટલો સમય વ્યતીત થાય, તે સંપૂર્ણ સમયને 'બાદર-ક્ષેત્ર-પુદ્‌ગલ–પરાવર્ત' કહેવામાં આવે છે. આ સર્વ પ્રદેશોને ક્રમસર અર્થાત્ એક પછી એક જેમ તે ગોઠવાયેલા છે તેમ તેને મરણથી સ્પર્શવામાં જેટલો કાલ જાય તે બધો વખત 'સૂક્ષ્મ–ક્ષેત્ર–પુદ્‌ગલ–પરાવર્ત' કહેવાય છે. અન્ય શબ્દોમાં કહીએ તો ધારો કે કોઇ એક જીવનું એક અમુક આકાશ–પ્રદેશમાં મરણ થયું. ત્યાર પછી ગમે ત્યારે (ત્યાર પછી તરતજ અથવા અમુક કાલ વીત્યા બાદ, કેમકે ફરીથી તેનું મરણ તે પ્રદેશના અનન્તરવર્તી પ્રદેશમાં થવુંજ જોઇએ એવો કંઇ નિયમ નથી) પણ તે જીવનું અનન્તર પ્રદેશમાં મરણ થાય (વચ્ચેના વખતમાં કોઇ અન્ય પ્રદેશ કે પ્રદેશોમાં મરણ થાય તો તે પ્રદેશ કે પ્રદેશોની આમાં ગણત્રી કરવાની નથી, કેમકે તે ક્રમથી સ્પર્શાયેલ નથી), ત્યાર પછી વળી તેવીજ રીતે પાછું આ દ્વિતીય પ્રદેશના અનન્તર પ્રદેશમાં મરણ થાય, એવી રીતે એક પછી એક ક્રમ-

१-[illegible] पक्षे वैनतेयो-गरुडः । २ अहितो-[illegible] [illegible] । ३ कौ-[illegible] [illegible] पक्षे कौमोदकी [illegible] । ४ [illegible] पक्षे [illegible] । ५ [illegible] पक्षे [illegible] । ६ [illegible]

આ પ્રમાણે ઉપર્યુક્ત અજૈન અને જૈન કાવ્યોની છાયા કે પાદપૂર્તિરૂપે કાવ્યો રચવામાં માનવની અનુકરણરૂપ પ્રકૃતિ કારણભૂત હોય અને એ અનુકરણનો મુખ્ય ઉદ્દેશ મૂળ કર્તાના કરતાં પણ વધારે ઉચ્ચ પદ પ્રાપ્ત કરવાની અભિલાષા હોય એમ માની લઇએ, તોપણ મહાવાદી તાર્કિક-શિરોમણિ શ્રીસિદ્ધસેન દિવાકરના શબ્દ-લાલિત્ય અને અર્થ-ગૌરવથી અલંકૃત કલ્યાણ-મંદિર-સ્તોત્રના તેમજ શ્રીમાન્ માનતુંગસૂરિના પ્રસાદતાથી વિભૂષિત ભક્તામર-સ્તોત્રના અન્તિમ પાદ લઇને ફક્ત અનુકરણ કરવાના ઉદ્દેશથી અને તે પણ આ પ્રખર કવીશ્વરોની પ્રતિભાને પહોંચી વળવાના કે બલ્કે તેથી પણ વિશિષ્ટ પ્રકારનું પાણ્ડિત્ય પ્રકટ કરવાના હેતુથી જૈન કવિઓએ પાદ-પૂર્તિરૂપ કાવ્યો રચ્યાં છે એમ માનવા મારૂં મન તો ના પાડે છે, કેમકે પાદ-પૂર્તિરૂપ કાવ્યો રચવાનો ઉદ્દેશ તે તે કૃતિઓ પ્રતિ બહુમાન હોવાને લીધે તેને ચિરસ્થાયી બનાવવાનો હોય એમ પણ સંભવી શકે છે.

હિંદુસ્તાનનો ઇતિહાસ તપાસતાં એ સહેલાઇથી જોઇ શકાય છે કે અનેક અપૂર્વ ગ્રન્થો અત્યારે દૃષ્ટિ-ગોચર થતા નથી. વૈર-ભાવને લઇને ધર્માંધ અજૈનોને હાથે કેટલાએ જૈન ભંડારો અગ્નિદેવના બલિદાનરૂપ થયા છે. આવી પરિસ્થિતિમાં કોઇ પણ અપૂર્વ કાવ્યને અમર રાખવા લાલસા થાય તો તે પૂર્ણ કરવા તેના સમસ્ત શ્લોકોના પ્રત્યેક ચરણની પાદ-પૂર્તિરૂપ કાવ્યો રચવાં એ પણ એક જાતનો માર્ગ છે, જોકે બીજો માર્ગ એ પણ છે કે તે તે કાવ્યોની અનેક નકલો કરાવી અન્ય અન્ય સ્થળોમાં સ્થાપિત કરવી.

પાદ-પૂર્તિરૂપ કાવ્યની રચના—

અત્ર એ ધ્યાનમાં રાખવું કે પાદ-પૂર્તિરૂપ કાવ્ય રચવું એ બાળકનો ખેલ નથી. મૂળ કાવ્યમાં જે જે વિશિષ્ટ ગુણોનો સદ્ભાવ હોય, તે તે ગુણોથી વિભૂષિત કાવ્ય રચવું એ પ્રતિભાશાળી મનુષ્યજ કરી શકે એમ કહેવું ખોટું નહિ ગણાય. કેમકે 'લાકડે માંકડું' વળગાડ્યાનો દોષ પોતાને શિરે ન આવે એટલા માટે પાદ-પૂર્તિ તરીકે લીધેલા પાદમાંથી નીકળતા અર્થનું અનુસન્ધાન કરવા તરફ પણ લક્ષ્ય આપવાની આવશ્યકતા રહે છે એ ભૂલવા જેવું નથી. વળી તેમાં પણ કોઇ મહાવ્યક્તિનું ચારિત્ર સાંગોપાંગ આલેખવું એ તો પ્રતિ-

૧ Indische Studien (vol. 14, pp. 357-371) માં ઇ. સ. ૧૮૭૬ માં ડૉ. યાકોબી (Jacobi)એ તૈયાર કરેલાં ભક્તામર અને કલ્યાણ-મંદિર સ્તોત્રનાં જર્મન ભાષાન્તર છપાયાં છે. આની પ્રસ્તાવનામાં તે વિદ્વાને એમ કહ્યું છે કે કલ્યાણમંદિર-સ્તોત્ર ભક્તામર-સ્તોત્ર ઉપરથી રચવામાં આવ્યું છે. એટલે કલ્યાણમંદિર-સ્તોત્ર એ ભક્તામર-સ્તોત્રના અનુકરણરૂપ છે. આ તેમની માન્યતામાં હવે કંઇ ફેર પડ્યો છે કે નહિ તે મારા જાણવામાં આવ્યું નથી પરન્તુ આ માન્યતા જૈન પરંપરાથી વિરૂદ્ધ છે એટલુંજ અત્ર નિવેદન કરવામાં આવે છે, કેમકે તેના સંબંધમાં અત્ર વિશેષ વિચાર કરવો યોગ્ય નથી.

૨ અન્તિમ કહેવાનો હેતુ એ છે કે અન્ય ચરણોથી પાદ-પૂર્તિ કરેલાં સંપૂર્ણ કાવ્યો મારા જોવામાં આવ્યાં નથી, બાકી શ્રીયશોવિજય જૈન ગ્રન્થમાલાના શ્રીજૈનસ્તોત્ર-સંગ્રહના દ્વિતીય ભાગ (પૃ૦ ૧૫-૧૬)માં ભક્તામર તેમજ કલ્યાણ-મંદિરના પ્રથમ શ્લોકના પ્રત્યેક પાદથી પાદ-પૂર્તિ કરેલાં ચાર ચાર શ્લોકના બે કાવ્યો છે. અત્ર એ ઉમેરવું અનુચિત નહિ ગણાય કે આદિ યા અંતનું પાદ લઇને અનેક સ્તોત્રો રચાયાં છે એમ સાંભળવામાં આવતાં તદનુસાર પ્રથમ પદની પાદ-પૂર્તિરૂપ કાવ્યો મેળવવા મેં શ્રીયુત જીવણચંદ સાકરચંદ ઝવેરી દ્વારા પણ ભંડારોમાં તપાસ કરાવી પરંતુ કોઇ સ્થળેથી પત્તો લાગ્યો નથી. વાસ્તે આ હકીકત વિચારણીય છે.

સર આવતા જતા સમસ્ત લોકાકાશના પ્રદેશોમાં ક્રમશઃ મરણ થાય અને તેમ થવામાં જેટલો સમય પસાર થઇ જાય તેટલો બધો સમય 'સૂક્ષ્મ–ક્ષેત્ર–પુદ્‌ગલ–પરાવર્ત'ના નામથી ઓળખાય છે. આ કાલ અનન્ત કાલ કહેવાય છે. આનાથી અડધો સમય કે જેને અર્ધ–પુદ્‌ગલ–પરાવર્ત કાલ કહેવામાં આવે છે, તે પણ અનન્ત કાલ છે.

*　*　*　*　*　*

भगवद्वचनश्रद्धानात् कामितप्राप्तिर्भवतीत्याह—

संसारकाननपरिभ्रमणश्रमेण
क्लान्ताः कदापि दधते वचनं कृतं ते ।
ते नाम कामितपदे जिन ! देहभाज-
स्त्रासं विहाय भवतः स्मरणाद् व्रजन्ति ॥ ४० ॥

टीका

हे जिन ! देहभाजः–प्राणिनः कदापि ते वचनं कृतं–सत्पदं धरन्ति । ते [illegible] लामन्त्रणे, कामितपदे–वाञ्छितस्थाने व्रजन्ति–गच्छन्ति । किंविशिष्टाः ? संसारकानन[illegible] णश्रमेण क्लान्ताः–खेदं(शं) प्राप्ताः । किं कृत्वा ? त्रासम्–आकस्मिकं भयं विहाय । [illegible] स्मरणात् । ईप्सितपदप्राप्तौ भवत्स्मरणमेव हेतुरित्यर्थः ॥ ४० ॥

अन्वयः

(हे) जिन ! (ये) देह–भाजः कदापि ते वचनं कृतं दधते, ते संसार-[illegible] क्लान्ताः भवतः स्मरणात् त्रासं विहाय कामित-पदं नाम व्रजन्ति ।

શબ્દાર્થ

संसार=સંસાર, ભવ.
कानन=અરણ્ય, જંગલ.
परिभ्रमण=રખડપટ્ટી, ભ્રમણ.
श्रम=થાક.
संसारकाननपरिभ्रमणश्रमेण=સંસારરૂપી વનમાંની રખડપટ્ટીના થાકથી
क्लान्ताः (मू० क्लान्त)=ખેદ પામેલા, ખિન્ન થયેલા
कदापि કોઇક વાર
दधते (धा० धा) ધારણ કરે છે
कृतं (मू० कृत) આચરણ કરેલ
ते (मू० युष्मद्) તારા.
ते (मू० तद्) તેઓ.

नाम [illegible]
कामित ([illegible]
[illegible]
कामितपदे [illegible]
जिन [illegible]
देहभाज [illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

[illegible]

ભગવત્સ્મરણથી [illegible]

[illegible]

[illegible]

(જીવો) તારા સ્મરણથી ત્રાસ-રહિત થઇને ઇચ્છિત સ્થાનમાં (નિર્વાણ-નગરમાં) ખરેખર જાય છે."—૪૦

* * * * *

भगवद्रूपं दृष्ट्वा सुरूपा अपि स्वरूपमदं मुञ्चन्तीत्याह—

सर्वेन्द्रियैः पटुतरं चतुरस्रशोभं
त्वां सत्प्रशस्यमिह दृश्यतरं प्रदृश्य ।
तेऽपि त्यजन्ति निजरूपमदं विभो ! ये
मर्त्या भवन्ति मकरध्वजतुल्यरूपाः ॥ ४१ ॥

टीका

हे विभो ! ये मर्त्या मकरध्वजतुल्यरूपाः–कामदेवसदृशरूपा भवन्ति, तेऽपि त्वां प्रदृश्य–दृष्ट्वा निजरूपमदं त्यजन्ति । किंभूतं त्वां ? सर्वेन्द्रियैः पटुतरं–स्पष्टतरम्, चतुरस्रशोभं-समचतुरस्रसंस्थानराजिनम्, पुनः सद्भिः–सज्जनैः (प्रशस्यः–) प्रशंसार्हः सत्प्रशस्यस्तम्, इह-अस्मिन् लोके दृश्यतरं, दर्शनायार्हो दृश्यः, अतिशयेन दृश्यो दृश्यतरस्तम् ॥ ४१ ॥

अन्वयः

(हे) विभो ! ये मर्त्याः मकर-ध्वज-तुल्य-रूपाः भवन्ति, ते अपि सर्व-इन्द्रियैः पटु-तरं, चतुरस्र-शोभं, सत्-प्रशस्यं इह दृश्य-तरं त्वां प्रदृश्य- निज-रूप-मदं त्यजन्ति ।

શબ્દાર્થ

सर्व=સમસ્ત.
इन्द्रिय=ઇન્દ્રિય.
सर्वेन्द्रियैः=સમસ્ત ઇન્દ્રિયો વડે.
पटुतरं (मू० पटुतर)=મનોહર.
[illegible]=(સમ-)ચતુરસ્ર (સંસ્થાન).
शोभा=શોભા.
चतुरस्रशोभं=(સમ-)ચતુરસ્ર વડે શોભતો.
त्वां (मू० युष्मद्)=તને.
[illegible]=સજ્જન, સાધુ
[illegible]=પ્રશંસા કરવા લાયક.
[illegible]=સજ્જનોને પ્રશંસા કરવા લાયક.
[illegible] દુનિયામાં.
[illegible]रं (मू० दृश्यतर)=અત્યન્ત દર્શનીય, અતિશય [illegible] લાયક.
[illegible]र)=તેઓ.

प्रदृश्य (धा० दृश्)=જોઇને.
त्यजन्ति (धा० त्यज्)=ત્યજી દે છે.
निज=પોતાના.
रूप=સ્વરૂપ.
मद=અભિમાન.
निजरूपमदं=પોતાના રૂપના મદને.
विभो ! (मू० विभु)=હે નાથ !
ये (मू० यद्)=જેઓ.
मर्त्याः (मू० मर्त्य)=પ્રાણીઓ.
भवन्ति (धा० भू)=હોય છે.
मकर=મગર.
ध्वज=ધ્વજા.
मकरध्वज=મગર છે જેની ધ્વજામાં તે, કામદેવ.
तुल्य=સમાન.
मकरध्वजतुल्यरूपाः=કામદેવના સમાન રૂપ છે જેમનું એવા.

શ્લોકાર્થ

પ્રભુનું અલૌકિક રૂપ—

"હે નાથ ! જે પ્રાણીઓ કામદેવના સમાન રૂપવાળા હોય છે, તેઓ પણ સમસ્ત ઇન્દ્રિયો વડે મનોહર, (સમ-) ચતુરસ્ર (સંસ્થાન) વડે શોભતા, સજ્જનોને પ્રશંસા કરવા લાયક તેમજ વળી આ લોકને વિષે અતિશય દર્શનીય એવા તને જોઇને પોતાના રૂપનો અભિમાન લજી દે છે. (અર્થાત્ તારૂં રૂપ અનુપમ છે)."—૪૧

સ્પષ્ટીકરણ

સંસ્થાન-વિચાર—

'સંસ્થાન' એટલે અવયવોની રચના પૂર્વકની શરીરની આકૃતિ. આ સંસ્થાનના જૈન શાસ્ત્રમાં ૭ ભેદો પાડવામાં આવ્યા છે:—(૧) સમચતુરસ્ર, (૨) ન્યગ્રોધપરિમણ્ડલ, (૩) સાદિ, (૪) કુબ્જ, (૫) વામન અને (૬) હુણ્ડ.[1]

(૧) સમચતુરસ્ર સંસ્થાન એ સર્વોત્તમ છે. 'સમ' એટલે જેવું જેટલું માપ હોવું જોઇએ તેટલું; 'અસ્ર' એટલે ચાર દિશાઓથી ઉપલક્ષિત શરીરનાં અવયવો આ સંસ્થાનમાં સર્વ અવયવોનું માપ જેટલું જોઇએ એટલુંજ હોય છે.

(૨) ન્યગ્રોધ-પરિમણ્ડલ સંસ્થાન એ એના નામ પ્રમાણે વડના જેવા પરિમણ્ડલવાળુ છે. અર્થાત્ જેમ વડનું ઝાડ ઉપરના ભાગમાં પરિપૂર્ણ અવયવવાળું હોય છે, પરંતુ તેનો નીચલો ભાગ તેવો નથી, તેવી રીતે આ સંસ્થાનવાળાનો નાભિથી ઉપરનો ભાગ બહુ વિસ્તારવાળો યાને સુંદર હોય છે જ્યારે નીચલો ભાગ ઓછાવત્તા પ્રમાણવાળો હોય છે.

(૩) સાદિ[2] શબ્દમાંના 'આદિ' શબ્દથી નાભિની નીચેનો ઉત્સેધના નામથી ઓળખાતો દેહનો એક ભાગ સમજવો. જેમ ઉપર્યુક્ત સંસ્થાનનો ઉપરનો ભાગ શુભ છે, તેમ આ સંસ્થાનનો નીચેનો ભાગ શુભ છે.

(૪) કુબ્જ[3] સંસ્થાનવાળાનાં મસ્તક, ડોક, હાથ અને પગનું પ્રમાણ યથોચિત હોતું નથી, પરંતુ તેનાં બાકી બધાં અવયવોનું પ્રમાણ બરાબર હોય છે.

(૫) વામન સંસ્થાન આનાથી ઉલટું છે. અર્થાત્ એ સંસ્થાનવાળા પ્રાણીના મસ્તક ઇત્યાદિ બરાબર પ્રમાણવાળા હોય છે, જ્યારે બાકીનાં અવયવોનું પ્રમાણ યથોચિત હોતું નથી.

---

૧ સરખાવો—"छव्विहे संठाणे पण्णत्ते, तंजहा—(१) समचउरंसे, (२) णग्गोहपरिमण्डले, (३) साती, (४) खुज्जे, (५) वामणे, (६) हुंडे."—स्थानांगे, सू० ४९५.

૨ પંચસંગ્રહની વૃત્તિમાં સૂચવ્યા મુજબ કેટલાક આને 'સાચિ'ના નામથી ઓળખાવે છે અને 'સાચિ'નો અર્થ શાલ્મલી વૃક્ષ કરે છે. આ વૃક્ષ મૂળમાં ગોળ અને પુષ્ટ હોય છે, જ્યારે તેનો ઉપરનો ભાગ તેમજ તેની શાખા-પ્રશાખા તેમ નથી.

૩ કેટલાક વામન સંસ્થાનને 'કુબ્જ' અને કુબ્જ સંસ્થાનને 'વામન' કહે છે, કેમકે તેઓ તેનાં વિપરીત લક્ષણો આપે છે.

અર્થાત્ શું આ ચન્દ્ર છે ? ના એમ તો નહિ, કેમકે તે તો કલંકી છે. આ સૂર્ય પણ નથી, કારણકે તેનુ તેજ અસહ્ય છે. ત્યારે શું આ મેરૂ છે ? એમ પણ નથી, કેમકે તે તો અત્યંત કઠિન છે. વળી આ વિષ્ણુ પણ નથી, કેમકે તે તો શ્યામ(વર્ણી) છે. ત્યારે શું આ બ્રહ્મા છે ? નહિ, તેમ નથી, કેમકે આ કંઇ વૃદ્ધ નથી તેમજ આ અનંગ (કામદેવ) પણ નથી, કેમકે તે તો દેહ-રહિત છે. ઠીક, હવે મને માલૂમ પડ્યું કે આ તો સર્વ દોષોથી મુક્ત અને સમસ્ત ગુણોથી યુક્ત અન્તિમ તીર્થંકર (મહાવીર) છે.

* * * * *

निर्बन्धनं जिनं ध्यायन्तो निर्बन्धना भवन्तीत्याह—

छित्त्वा दृढानि जिन ! कर्मनिबन्धनानि
सिद्धस्त्वमापिथ च सिद्धपदं प्रसिद्धम् ।
एवं तवानुकरणं दधते तकेऽपि
सद्यः स्वयं विगतबन्धभया भवन्ति ॥ ४२ ॥

टीका

हे जिन ! त्वं दृढानि कर्मनिबन्धनानि छित्त्वा (सिद्धः) प्रसिद्धं सिद्धपदं–मोक्षपदमापिथ–प्राप्तवान् (च)। एवम्–अमुना प्रकारेण ये तवानुकरणं–त्वद्रूपसमाचरणं दधते–धरन्ति ते एव तके, स्वार्थेऽक्प्रत्ययः, तकेऽपि जनाः सद्यः–तत्कालं स्वयं–स्वतो विगतबन्धभया–बन्धनभयरहिता भवन्ति ॥ ४२ ॥

अन्वयः

આ પદ્યના ચતુર્થ ચરણમાં 'ચ' અને 'ઇમાં' ની સંધિ કરવામાં આવી નથી [illegible] સંધિ નહિ કરવાથી વ્યાકરણના નિયમનો ભંગ થાય છે કે નહિ, તે સંબંધમાં [illegible] પ્રકાશ પાડે છે.—

> " संहितैकपदे नित्या, नित्या धातूपसर्गयोः ।
> नित्या समासे वाक्ये तु, सा विवक्षामपेक्षते ॥ "

આ ઉપરથી જોઇ શકાય છે કે એક પદમાં, ધાતુ અને ઉપસર્ગમાં [illegible] સમાં સંધિ કરવીજ જોઇએ; પરંતુ વાક્યમાં સંધિ કરવી કે નહિ, તેની તે [illegible] રાખે છે. આથી આ કાવ્ય દૂષિત નથી એમ સિદ્ધ થાય છે [illegible] નીચે મુજબનું સૂત્ર—

> " ऋदृस्वोऽ पदे वा " ([illegible])

પણ આ વાતની સાક્ષી પૂરે છે.

વીર-ભક્તામર અને નેમિ-ભક્તામરની તુલના

આ બંને કાવ્યો શ્રીમાનતુંગસૂરિ [illegible] ભક્તામર-સ્તોત્રના [illegible] ચરણની સમસ્યા (પાદ-પૂર્તિરૂપ હોવાથી તે [illegible]

૧ સરખાવો—

" [illegible] "

— [illegible]

भूति=સંપત્તિ.
विवाहभूत्या=લગ્નની સંપત્તિ વડે.
आश्रित (પા० श्रि)=આશ્રય કરાયેલ.
विवाहभूत्याश्रितं=લગ્નની સંપત્તિ વડે આશ્રય કરાયેલ.
यः (મૂ० यद्)=જે.
इह=અત્ર.
आत्मन्=આત્મા.
सम=તુલ્ય, સમાન.
आत्मसमं=પોતાના સમાન.
करोति (પા० कृ)=કરે છે.

શ્લોકાર્થ

" હે (સર્વદા) ચપળ (ચિત્તવાળા નાથ) ! જનૈયા, જનની, જનક, બંધુ અને ભગિની [અથવા કુળ-સ્ત્રી] તેમજ હું યુવતિ એવા આ પોતાના સમાન (કુટુંબ-) સમુદાયને જે વિવાહની (સુંદર વસ્ત્ર, આભૂષણ, ભોજન, વિલેપન ઇત્યાદિ) સમૃદ્ધિ વડે આશ્રિત કરતો નથી, એવો જે તું (છે) તેના આગમનથી શું ? (અર્થાત્ તું અત્ર નહિ આવ્યો હોત, તો સખીઓમાં મારી હાંસી થાત નહિ.) [**અથવા** આ તારી શી દશા છે **અથવા** આ તારૂં શું જ્ઞાન છે ? (તે હું જાણી શકતી નથી; પરંતુ ભવિષ્યમાં સ્ત્રી વિના તું દુઃખી થશે એમ મને લાગે છે, કેમકે 'ગોળ વિનાનો કંસાર, તેવો બાયડી વિનાનો સંસાર')] તેમજ વળી તે તું છે ? ના (અકિંચિત્કર હોવાથી તું નિરર્થક છે) [**અથવા** તે તું નથીજ ! (તેજ તું સ્વેચ્છાચારી છે) **અથવા** તે તું શું પુરૂષ છે, (કેમકે ક્ષત્રિયનો ધર્મ તો શરણાગત અબળાનું રક્ષણ કરવાનો છે) **અથવા** હે (બાલ્યાવસ્થામાંજ નહિ પરંતુ) સર્વદા ચપળ ! તે તું ખરાબ છે]. "—૧૦

* * * * *

दृष्ट्वा भवं तमनिमेषविलोकनीयं
नान्यत्र तोषमुपयाति मदीयचक्षुः ।
पीत्वा पयः शशिकरद्युति दुग्धसिन्धोः
क्षारं जलं जलनिधेरशितुं क इच्छेत् ? ॥ ११ ॥

टीका

हे सुभग ! मदीयचक्षुः-मम नेत्रं कर्तृपदं तोषं-तुष्टिं नोपयाति-न प्राप्नोति । कस्मिन् ? अन्यत्र-शुभसांसारिकभोगविलाससुखं विहायान्यत्र मुनिधर्ममार्गे । किं कृत्वा ? तं-प्रसिद्धं सुकृतोपेतं भवं-संसारं उपलक्षणत्वाद् विविधभोगसंयोगलीलाजनितसुखास्वादप्रमोदमेदुरबहुनरनारीरूपं दृष्ट्वा-विलोक्य । कथंभूतं भवं ? अनिमेषविलोकनीयं-(नेत्र)निमीलनरहितदर्शनीयम् । दृष्टान्तमाह-को नरो जलनिधेः-लवणसमुद्रस्य क्षारं जलमशितुं-जलपानं कर्तुमिच्छेत् ? न कोऽपीत्यर्थः । किं कृत्वा ? दुग्धसिन्धोः-क्षीरसमुद्रस्य पयः-जलं पीत्वा । किंविशिष्टं पयः ? शशिकरद्युति-चन्द्रकिरणधवलमिति । अत्र मुनिधर्ममार्गस्य क्षारजलोपमानं विविधक्लेशजालसहनत्वात्, सांसारिकसुखस्य तु क्षीरसमुद्रनिर्मलजलोपमानं प्रत्यक्षसुखत्वात् सर्वजनानुभवसिद्धमिति । एतेन पुण्यवतां भोगविलासं दृष्ट्वा मन्मनस्तत्र धावति, त्वं तु तत्र विमुख इति तव मूढत्वमस्तीति ॥

अथ द्वितीयमर्थमाह-हे सुभग ! मदीयचक्षुः-(मम) नेत्रं तोषं नोपयाति । कस्मिन् ? त्वां विना-अन्यत्र वररूपे । किं कृत्वा ? भवन्तं-नेमिं दृष्ट्वा । कथंभूतं भवन्तं ? अनिमेषविलोकनीयं

स्पष्टम् । दृष्टान्तमाह—को नर इत्यादि पूर्ववत् अन्वयः । परं अन्यपुरुषस्य लवणसमुद्रक्षारजलोपमानं, श्रीनेमिनस्तु क्षीर(निधि)जलोपमानमिति ॥ ११ ॥

अन्वयः

(हे सुभग !) अनिमेष-विलोकनीयं तं भवं [अथवा भवन्तं] दृष्ट्वा मदीय-चक्षुः न अन्यत्र तोषं उपयाति । दुग्ध सिन्धोः शशिन्-कर-द्युति पयः पीत्वा जल-निधेः क्षारं जलं अशितुं कः इच्छेत् ?

શબ્દાર્થ

दृष्ट्वा (धा० दृश्)=જોઈને.
भवं (मू० भव)=સંસારને.
तं (मू० तद्)=પ્રસિદ્ધ.
भवन्तं (मू० भवत्)=આપને.
निमेष=મટકું મારવું તે, આંખ મીચવી તે.
अनिमेष=દેવ.
विलोकनीय=દર્શનીય, જોવા લાયક.
अनिमेष-विलोकनीयं=(१) એકી ટસે જોવા લાયક; (२) દેવની જેમ દર્શનીય.
न=નહિ.
अन्यत्र=બીજે સ્થળે.
तोषं (मू० तोष)=સંતોષ.
उपयाति (धा० या)=પામે છે.
मदीय=મારી.
चक्षुस्=આંખ.
मदीयचक्षुः=મારી આંખ.
पीत्वा (धा० पा)=પાન કરીને, પીને.
पयः (मू० पयस्)=(१) દૂધ; (२) જળ.
शशिन्=ચન્દ્ર.
कर=કિરણ.
द्युति=પ્રભા, તેજ.
शशिकरद्युति=ચન્દ્રનાં કિરણોના જેવું તેજ છે જેવું એવું.
दुग्ध=ક્ષીર, દૂધ.
सिन्धु=સમુદ્ર.
दुग्धसिन्धोः=ક્ષીર-સમુદ્રનું.
क्षारं (मू० क्षार)=ખારૂં.
जलं (मू० जल)=જળ, પાણી.
जलनिधेः (मू० जलनिधि)=સમુદ્રનું.
अशितुं (धा० अश्)=પાન કરવાને.
इच्छेत् (धा० इष्)=ઇચ્છે.

શ્લોકાર્થ

" (હે નાથ !) (વિવિધ પ્રકારનાં ભોગ, લીલા, લલના ઇત્યાદિથી મનોહર અત એવ) નિર્નિમેષ જોવા લાયક એવા પ્રસિદ્ધ સંસારને જોયા બાદ સુંદર સાંસારિક ભોગ-વિલાસથી વિમુખ એવા મુનિ-ધર્મરૂપી) અન્ય સ્થળે મારૂં નેત્ર સંતોષ પામતું નથી [અથવા દેવની જેમ દર્શનીય એવા આપને જોયા પછી મારૂં નેત્ર અન્યત્ર સંતોષ પામતું નથી], (કેમકે) ચન્દ્રનાં કિરણોના સમાન પ્રભાવાળા ક્ષીર-સમુદ્રના જલનું પાન કર્યા બાદ (લવણ) સમુદ્રના ખારા જલનો આસ્વાદ લેવાને કોણ ઇચ્છે ? "—११

* * * * * *

राज्ञो महामृगमदाकुलमण्डलस्य
दैत्यारिमार्गगमनस्य तमोऽदितस्य ।
चक्षुष्य ! चारुचतुराक्षिगतस्य किञ्च
यत् ते समानमपरं न हि रूपमस्ति ॥ १२ ॥

टीका

किञ्चेति पक्षान्तरे । कोऽर्थः ? अनन्तरकाव्ये द्वितीयेऽर्थे मदीयचक्षुरन्यत्र तोषं नोपयातीति यदुक्तं तदर्थमेव हेत्वन्तरेण द्रढयति–हे चक्षुष्य !–हे सुभग ! "चक्षुष्यः सुभगः" इत्यभिधानचिन्तामणि(का० ३, श्लो० १११)वचनात् । अपरम्–अन्यद् रूप ते–तव समान नहि अस्ति, भुवने इति शेषः । कथंभूतस्य ते ? 'राज्ञः' राजत इति राजा तस्य महाभूपस्य । पुनः कथंभूतस्य ते ? 'महामृगेति' महामृगा–गजास्तेषां मदैः–दानवारिभिराकुलं–व्याप्तं मण्डलं–देशो यस्य स तस्य । पुनः किंभूतस्य ते ? 'दैत्येति' दैत्यारेः–वासुदेवस्य मार्गे–पथि गमनं यस्य स तस्य । अथवा दैत्यारयो–देवास्तेषां मार्गे गमनं यस्य स तस्य । एतेन तवाग्रतः कृष्णोऽस्ति, अग्रगा देवाः सेवकाः सन्ति इत्यर्थः । पुनः कथंभूतस्य ते ? तमोभिः–पापैरदितः–अखण्डितस्तस्य । पुनः कथंभूतस्य ते ? 'चार्विति' चारवो मनोहराश्चतुरा–नरनारीजनास्तेषां अक्षिगतो–द्वेष्यस्तस्येति । चक्षुषे हितश्चा(च)क्षुष्यः यं दृष्ट्वा चक्षुः प्रसादं प्राप्नोति । अक्षिगतस्तु द्वेषणीयः, "द्वेष्योऽक्षिगतः" (का० ३, श्लो० ११२) इति हैमवचनात् । अत्र विरोधः–यश्चक्षुष्यः सोऽक्षिगतः कथं स्यात् ? परिहारस्तु–चारुचतुराक्षिषु गतः स्थितः स तस्य । ते नेत्रोपरि (?) रक्षन्ति, सादरविलोकनेन वाल्लभ्यत्वादिति । अथवा चारुनिपुणजननेत्रैः सह गतं–गमनं यस्य सः, "आः स्थं व्यापुष्य गतो गतः" इत्यर्थः । अत्र लुप्तोपम्यत्वात् कथंभूतस्य ते–तव कस्येव ? राज्ञः–चन्द्रस्येव, यथा राज्ञः–चन्द्रस्य समानं अपरं रूपं नास्ति । कथंभूतस्य राज्ञः ? महामृगो लक्ष्मस्वरूपहरिणः तस्य मदेन–कस्तूरिकया आकुलं मण्डलं यस्य स तस्य । अथवा महामृग(मद?)शब्देन उपलक्षणत्वात् कस्तूरिकादिसुगन्धद्रव्यैराकुलं मण्डलं यस्य स तस्य । देवस्थानं सुगन्धद्रव्यमिश्रितमेव स्यादिति । पुनः कथंभूतस्य राज्ञः ? दैत्यारीणां–देवानां मार्गे–आकाशस्तस्मिन् गमनं यस्य स तस्येति । पुनः कथंभूतस्य राज्ञः ? तमायां–रात्रौ उदितः– उदयं प्राप्तः । अथवा तमोभिः–अन्धकारैरदितः–अखण्डितः । अथवा तमसा–राहुणाऽदितः–अखण्डितः, राहुणा मुक्तस्येति, शेषं तथैव विशेषणम् । पुनः राज्ञः–इन्द्रस्येव, इन्द्रपक्षेऽपि महामृग ऐरावण इत्यादि यथोचितयोजना कर्तव्येति ॥ १२ ॥

अन्वयः

किञ्च (हे) चक्षुष्य ! यद् महत्–मृग–मद–आकुल–मण्डलस्य, दैत्य–अरि–मार्ग–गमनस्य, तमस्–अदितस्य [अथवा तमा–उदितस्य], चारु–चतुर–अक्षिगतस्य [अथवा चारु–चतुर–अक्षि–गतस्य)] ते समानं अपरं रूपं न हि अस्ति ।

શબ્દાર્થ

राज्ञः (मू० राजन्)=(१) નૃપતિના, (२) ચન્દ્રના; (३) ઇન્દ્રના.

महामृग=(१) હાથી; (२) (લાંછનરૂપી) હરણ, (३) કસ્તૂરી (ઉપલક્ષણથી ?).

मद=(१) દાન-જલ, (२) કસ્તૂરી.

आकुल=વ્યાપ્ત.

मण्डल=(१) બિમ્બ, (२) દેશ.

महामृगमदाकुलमण्डलस्य=(१) હાથીઓના મદ વડે વ્યાપ્ત છે દેશ જેનો એવા; (२) (લાંછનરૂપ) હરણની કસ્તૂરી [અથવા કસ્તૂરી વગેરે [illegible]] વડે વ્યાપ્ત છે [illegible] જેનું એવા.

દૈત્ય=દાનવ.

માર્ગ=[illegible]

દૈત્યારિ=(१) દેવ (२) કૃષ્ણ.

१ आसादजन्द० पुस्तिकायामेतत् ।

टीका

शिवाया अपत्यं शैवेयः, तस्य संबोधने हे शैवेय ! हे देव ! हे जलजाङ्कित !–हे शङ्खलाञ्छन ! अहमीदृशी वर्ते । तदाह—कथंभूताऽहं? 'त्वत्सेति' त्वमेव सन्–शोभनो विः–पक्षी तस्य योगोऽस्मिंस्तत् एवंविधं वनं–गृहं जलं काननं वा गता–प्राप्ता, (यद्वा) तस्य योग एव वनं–गृहं जलं काननं वा गता चेतसा भावितत्वन्मयसफलस्थानेत्यर्थः कर्तरि क्तः । "वनं प्रश्रवणे गेहे, प्रवासेऽम्भसि कानने" इति हैमानेकार्थ्याम् । तथापि कथंभूताऽहं ? 'तीव्रेति' तीव्रः–कटुः आतपो–विरहलक्षणसंतापस्तस्योद्धत–उत्कटो यः पराभवः–अभिभवस्तेन भाविता–मिश्रिता, पीडितेत्यर्थः । तथापीति विरोधालङ्कारो दर्शितः, त्वद् (द्यु)क्तगृहादिके आतपपीडा न भवतीति । परमत्र विहङ्गोपमानमुचितं चञ्चलस्वभावत्वात् स्थितः सन् तत्कालमेवोड्डयनं कुर्यात्, त्वमप्यागतः सन् त्वरितं गत इत्यर्थः । अथ विरोधपरिहारमाह—'त्वत्सेति' तव सत्–निरन्तरं यो वियोगस्तस्य वनं–गृहं तव वियोगमन्दिरं प्राप्तेति । अथवा तव निरन्तरवियोगात्, पञ्चमीतत्पुरुषसमासात्, वनं–जलं गृहं काननं इत्यादि स्थानं गताऽपि कापि रतिं न लब्धेत्यर्थः । हे देव ! यत एतद् वनं पाण्डुपलाशकल्पं जातम् । कस्मिन् सति ? भातीति भवान् तस्मिन् भवति–त्वयि वासरे–दिवसे सति । पलं–मांसमश्नातीति पलाशो–राक्षसः, पाण्डुः–बुभुक्षितत्वाच्छ्वेतश्चासौ राक्षस(पलाश)श्च तेन कल्पं–सदृशं भक्षणकारित्वादिति ॥ १३ ॥

अन्वयः

(हे) 'शैवेय' ! (हे) देव ! (हे) जलज-अङ्कित ! अहं त्वत्-सत्-वि-योग-वनं एव गता तथापि तीव्र-आतप-उद्धत-पराभव-भाविता (अस्मि) यद् भवति वासरे (सति) एतद् (वनं) पाण्डु-पलाश-कल्पं जातम् ।

શબ્દાર્થ

सत्=(१) શોભન; (२) નિરંતર.
वि=પક્ષી.
योग=સંયોગ.
वियोग=વિયોગ.
वन=(१) જંગલ; (२) ગૃહ; (३) જળ.
त्वत्सद्वियोगवनं=(१) તારા સમાન શોભન પક્ષીનો યોગ છે જેને વિષે એવા વનમાં, (२) તારા સમાન સુંદર પક્ષીના યોગરૂપી વનમાં; (३) તારા નિરંતર વિયોગરૂપી વનમાં, (४) તારા નિરંતર વિયોગથી વનમાં.
एव=જ.
गता (मू० गत)=ગયેલી, પામેલી.
तथापि=તોપણ.
तीव्र=સખ્ત.
आतप=સંતાપ.
उद्धत=ઉત્કટ.
पराभव=પરાભવ.
भावित=મિશ્રિત.
तीव्रातपोद्धतपराभवभाविता=સખ્ત સંતાપના ઉત્કટ પરાભવથી પીડિત.
अहं (मू० अस्मद्)=હું.
शैवेय ! (मू० शैवेय)=હે શિવા-નન્દન, હે નેમિનાથ !
देव ! (मू० देव)=હે દેવ !
जलज=શંખ.
अङ्कित=(धा० अङ्क्)=લાંછિત
जलजाङ्कित !=હે શંખના લાંછનથી યુક્ત !
जातं (मू० जात)=બન્યું.
एतद् (मू० एतद्)=આ.
यद्=જેથી કરીને.
वासरे (मू० वासर)=દિવસે.

१ 'गृहं जलं' इति ख-पाठः । २ 'यदेतद्' इति क-पाठः ।

भवति (मू० भवत्)=પ્રકાશમાન.
पाण्डु=ફિક્કો.
पल=માંસ.
अश्=ખાવું.
पलाश=રાક્ષસ.
कल्प=સમાન, તુલ્ય.
पाण्डुपलाशकल्पं=ફિક્કા (પડી ગયેલા) રાક્ષસની સમાન.

શ્લોકાર્થ

" હે શિવા-નન્દન ! હે દેવ ! હે શંખના લાંછનથી લાંછિત (જિનેશ્વર) ! હું તારા સમાન સુંદર પક્ષીનો યોગ છે જેને વિષે એવા વનમાં ગઇ તોપણ (તારા વિરહરૂપી) સખ્ત સંતાપના પરાભવથી પીડિત છું; જેથી કરીને પ્રકાશમાન (આપરૂપી) દિવસ હોતે છતે આ વન (ક્ષુધાર્ત હોવાને લીધે) ફિક્કા પડી ગયેલા રાક્ષસના જેવું (ખાવા ધાય) છે."—૧૩

સ્પષ્ટીકરણ

વિરોધાલંકારનો પરિહાર—

હે શિવા દેવીના પુત્ર ! હે દેવ ! હે શંખના લાંછનવાળા (નાથ) ! હું તારા નિરન્તર વિયોગરૂપી વનમાં ગઇ તેથી [અથવા તો તારા સતત વિયોગને લીધે જલ, ગૃહ કે જંગલમાં ગઇ તો પણ] હું તીવ્ર સંતાપના ઉત્કટ પરાભવથી પીડિત થઇ (અને મને કોઇ પણ સ્થલે ચેન પડ્યું નહિ).

* * * * *

व्याहारमेड इव मे यदि नो शृणोषि
शब्दादिकं सुखमिदं व्रज हारि हित्वा ।
नेतर्नरा भुवि भवन्ति गताङ्कुशा ये
कस्तान् निवारयति सञ्चरतो यथेष्टम् ? ॥ १४ ॥

टीका

हे नेतः !–हे स्वामिन् ! यदि-चेत् त्वं मे–मम व्याहारं–वचनं एड इव बधिर इव नो शृणोषि, मम वचनं नाङ्गीकरोषीत्यर्थः, तदा त्वं व्रज–याहि । किं कृत्वा ? इदं-प्रत्यक्षं शब्दादिकं शब्दरूपरसगन्धस्पर्शरूपम् सुखं हित्वा–त्यक्त्वा । किंविशिष्टं सुखं ? हारि–रम्यम् । हे नेतः ! ये नरा भुवि-पृथिव्यां गताङ्कुशा–निरंकुशा भवन्ति, को नरस्तान् नरान् यथेष्टं–स्वेच्छं यथा स्यात् तथा सञ्चरतो–गच्छतो निवारयति ? । अपितु न कोऽपि तान् निषेधयतीति ॥ १४ ॥

अन्वयः

हे [illegible] यदि [illegible] एड इव ([illegible]) नो शृणोषि, (तदा) इदं शब्द-आदिकं हारि सुखं
[illegible] भवन्ति, तान् यथेष्टं सञ्चरतः कः निवारयति ? ।

શબ્દાર્થ

व्याहारं (मू० व्याहार)=વચનને.
बधिरः (मू० बधिर)=બહેરો.
इव=જેમ
मे (मू० अस्मद्)=મારા.
यदि=જો.
नो=નહિ
शृणोषि (धा० श्रु)=તું સાંભળે છે
शब्द=શબ્દ
आदि=પ્રમુખ.
शब्दादिकं=શબ્દ પ્રમુખ
सुखं (मू० सुख)=સુખ
इदं (मू० इदम्)=આ
व्रज (धा० व्रज्)=તું જા.
हारि (मू० हारिन्)=મનોહર.
हित्वा (धा० हा)=ત્યજી દઈને.
नेतः ! (मू० नेतृ)=હે નાયક !
नरा: (मू० नर)=મનુષ્યો.
भुवि (मू० भू)=પૃથ્વીને વિષે.
भवन्ति (धा० भू)=થાય છે, હોય છે.
गत (धा० गम्) ગયેલ.
अङ्कुश=અંકુશ, મર્યાદા.
गताङ्कुशाः=ગયેલો છે અંકુશ જેમનો એવા.
ये (मू० यद्) જેઓ.
कः (मू० किम्) કોણ.
तान् (मू० तद्)=તેમને.
निवारयति (धा० वार्)=નિવારે છે.
सञ्चरतः (मू० सञ्चरत्)=જતા.
यथेष्टं=મરજી મુજબ.

શ્લોકાર્થ

"હે નાયક ! જો બહેરાની માફક તું મારૂં વચન સાંભળતો નથી, તો (પછી) આ શબ્દાદિક મનોહર સુખને છોડીને જા. જે મનુષ્યો જગતૂમાં નિરંકુશ હોય છે, તેવા ઇચ્છા મુજબ ફરતા જનોને કોણ અટકાવે ?"—૧૪

* * * * *

ध्यानं विधेहि कुरु रैवतके तपांसि
विद्धीति मां हरिसुतोऽस्थिरमाशु कर्ता ।
यज्जन्ममात्रलघुगात्रजिनांह्रितो नो
किं मन्दराद्रिशिखरं चलितं कदाचित् ? ॥ १५ ॥

टीका

हे नेमे ! त्वं रैवतके गिरौ ध्यानं विधेहि–कुरु । पुनः त्वं तपांसि कुरु । हे नेमे ! हरिसुतः–कृष्णपुत्रः–कामः आशु–शीघ्रं मां–नेमिं अस्थिरं व्रताद् भ्रष्टं कर्ता–करिष्यति इति त्वं विद्धि–जानीहि । यद्–यस्मात् कारणात् कदाचित्–कस्मिंश्चित् काले मन्दराद्रिशिखरं किं नो चलितं ? अपितु कम्पितमेव । कस्मात् ? 'जन्मेति' जन्ममात्रश्चासौ लघुगात्रश्चासौ जिनो–वीरश्च तस्यांह्रितः–पादकमलात् । अत्र महावीरचरणत इति दृष्टान्तमात्रविवक्षितत्वात् भाविनि दृष्टान्ते भूतोपचारः । अथवा "पुव्वतित्थयरनिद्दिट्ठे" इति वचनात् प्रसिद्धत्वाद् भवत्येव । एवं "धम्मसारहीणं" इति पदे भाविनि मेघकुमारदृष्टान्ते भूतारोपणा दृश्यते ॥ १५ ॥

---

१ पूर्वतीर्थंकरनिर्दिष्ट. । २ धर्मसारथिभ्यः ।

भवति (मू० भवत्)=પ્રકાશમાન.
पाण्डु=ફિક્કો.
पल=માંસ.
अश्=ખાવું.
पलाश=રાક્ષસ.
कल्प=સમાન, તુલ્ય.
पाण्डुपलाशकल्पं=ફિક્કા (પડી ગયેલા) રાક્ષસની સમાન.

શ્લોકાર્થ

" હે શિવા-નન્દન ! હે દેવ ! હે શંખના લાંછનથી લાંછિત (જિનેશ્વર) ! હું તારા સમાન સુંદર પક્ષીનો યોગ છે જેને વિષે એવા વનમાં ગઇ તોપણ (તારા વિરહરૂપી) સખ્ત સંતાપના પરાભવથી પીડિત છું; જેથી કરીને પ્રકાશમાન (આપરૂપી) દિવસ હોતે છતે આ વન (ક્ષુધાર્ત હોવાને લીધે) ફિક્કા પડી ગયેલા રાક્ષસના જેવું (ખાવા ધાય) છે."—૧૩

સ્પષ્ટીકરણ

વિરોધાલંકારનો પરિહાર—

હે શિવા દેવીના પુત્ર ! હે દેવ ! હે શંખના લાંછનવાળા (નાથ) ! હું તારા નિરન્તર વિયોગરૂપી વનમાં ગઇ તેથી [અથવા તો તારા સતત વિયોગને લીધે જલ, ગૃહ કે જંગલમાં ગઇ તો પણ] હું તીવ્ર સંતાપના ઉત્કટ પરાભવથી પીડિત થઇ (અને મને કોઇ પણ સ્થલે ચેન પડ્યું નહિ).

* * * * *

व्याहारमेड इव मे यदि नो शृणोषि
शब्दादिकं सुखमिदं व्रज हारि हित्वा ।
नेतर्नरा भुवि भवन्ति गताङ्कुशा ये
कस्तान् निवारयति सञ्चरतो यथेष्टम् ? ॥ १४ ॥

टीका

हे नेतः !-हे स्वामिन् ! यदि-चेत् त्वं मे-मम व्याहारं-वचनं एड इव बधिर इव नो शृणोषि, मम वचनं नाङ्गीकरोषीत्यर्थः, तदा त्वं व्रज-याहि । किं कृत्वा ? इदं-प्रत्यक्षं शब्दादिकं [illegible] सुखं हित्वा-त्यक्त्वा । किंविशिष्टं सुखं ? हारि-रम्यम् । हे नेतः ! ये नरा भुवि पृथिव्यां गताङ्कुशा-निर्मर्यादा भवन्ति, को नरस्तान् नरान् यथेष्टं-स्वेच्छं यथा स्यात् तथा सञ्चरतो-गच्छतो निवारयति ? । अपितु न कोऽपि तान् निवारयतीति ॥ १४ ॥

अन्वयः

[illegible] नो शृणोषि, (तदा) इदं शब्द-आदिकं हारि सुखं [illegible] निवारयति ? ।

बीजो उत्तर ए छे के पुव्वतित्थयरनिद्दिट्ठे अर्थात् पूर्व तीर्थंकरे निर्देश कर्यो होय के वीर प्रभु मेरु पर्वत कंपावशे ए वात जन-समाजमां सुप्रसिद्ध होय अने एथी करीने राजीमती ते वात जाणती हती एम कही शकाय.

* * * * *

तत्रोषितं निधुवनाय समागतास्त्वां
देव्यः समं सहचरैः सुतनुं समीक्ष्य ।
वक्ष्यन्ति मोहिततरा इति कामरूपो
दीपोऽपरस्त्वमसि नाथ ! जगत्प्रकाशः ॥ १६ ॥

टीका

हे नेमे ! देव्यो-देवनार्य इति वक्ष्यन्ति-कथयिष्यन्ति । किं कृत्वा ? त्वां समीक्ष्य-विलोक्य । कथंभूतं त्वां ? तत्र रैवतके उषितं-स्थितम् । पुनः कथंभूतं त्वां ? सुतनुं-शोभनदेहम् । कथंभूता देव्यः ? सहचरैः-निजमित्रैः समं-सार्धं समागता-आयाताः । कस्मै ? निधुवनाय-सम्भोगाय । पुनः कथंभूता देव्यः ? मोहिततरा-अतिशयमोहं प्राप्ताः । इति वक्ष्यन्ति, इतीति किं ? हे नाथ ! त्वमपरः-अपूर्वो दीपोऽसि । कथंभूतस्त्वं ? 'जगत्प्रकाशः' जगति-विष्टपे प्रकाशो यस्येति । तैलमयदीपस्तु गृहमात्रमेव प्रकाशयति, अतोऽपर इति । कथंभूतस्त्वं ? कामरूपः-कन्दर्पसमानः । अथवा तपः-सिद्धत्वादिच्छास्वरूपः ॥ १६ ॥

अन्वयः

सहचरैः सह निधुवनाय समागताः, मोहित-तराः देव्यः तत्र उषितं सु-तनुं त्वां समीक्ष्य '(हे) नाथ ! कामरूपः त्वं जगत्-प्रकाशः अपरः दीपः असि' इति वक्ष्यन्ति ।

शब्दार्थ

तत्र=त्यां.
उषितं (मू० उषित)=रहेला.
निधुवनाय (मू० निधुवन)=संभोगने माटे.
समागताः (मू० समागता)=आवेली.
त्वां (मू० युष्मद्)=तने.
देव्यः (मू० देवी)=देवीओ.
समं=सहित.
सहचरैः (मू० सहचर)=मित्रो.
सु=श्रेष्ठतावाचक अव्यय.
तनु=शरीर.
सुतनुं=सुंदर छे शरीर जेनुं एवाने.
समीक्ष्य (धा० ईक्ष्)=जोईने.
वक्ष्यन्ति (धा० वच्)=कहेशे.
मोहिततरा (मू० मोहित-तरा)=अतिशय मोह पामेली.
इति=एम.
काम=(१) कंदर्प, कामदेव, (२) [illegible].
रूप=रूप.
कामरूपः=(१) कंदर्पना समान [illegible]
(२) [illegible]
दीपः (मू० दीप)=[illegible]
अपरः (मू० अपर)=अपूर्व
त्वं (मू० युष्मद्)=तुं
असि (धा० अस्)=छे
नाथ ! (मू० नाथ)=हे नाथ !
जगत्=[illegible].
प्रकाश=[illegible], तेज.
जगत्प्रकाशः=[illegible]

१ [illegible] मेघदूते (स० १, श्लो० २) [illegible]

શ્લોકાર્થ

" પોતાના મિત્રોની સાથે સંભોગાર્થે આવેલી તેમજ અતિશય મોહ પામેલી એવી દેવીઓ ત્યાં (રૈવતક પર્વત ઉપર) રહેલા એવા તેમજ સુંદર દેહવાળા એવા તને જોઇને કહેશે કે હે નાથ ! કંદર્પના સમાન રૂપવાળો [અથવા ઇચ્છિત રૂપવાળો] એવો તું જગત્‌ને વિષે પ્રકાશ પાડનારો અપૂર્વ દીપક છે. "—૧૬

* * * * *

त्वद्ध्यानभाज्यपि पुनर्मयि नो गताया–
मिष्टार्थबाधकबृहद्विरहान्धकारम् ।
सद्धर्मधाम्नि सहजोद्यमधौतदोषः
सूर्यातिशायिमहिमाऽसि मुनीन्द्रलोके ॥ १७ ॥

टीका

हे नेमे ! त्वं मुनीन्द्रलोके–योगीश्वरजने 'सूर्येति' सूर्याद् अतिशायी–अधिको महिमा यस्य स एवंविधोऽसि । कथंभूतस्त्वं ? 'सहजेति' सहजोद्यमेन–आत्मनिष्ठितारम्भेण धौता–प्रक्षालिता दोषा–कर्ममलरूपा रात्रिर्येन स इति । कथंभूते मुनीन्द्रलोके ? सद्धर्मधाम्नि–शुभधर्ममन्दिरे । पुनर्हे नेमे ! त्वं मयि विषये सूर्यातिशायिमहिमा नासि । कथंभूतायां मयि ? त्वद्ध्यानभाज्यपि–तव ध्यानयुक्तायामपि । पुनः कथंभूतायां मयि ? गतायां–प्राप्तायाम् । किं प्रति ? 'इष्टेति' इष्टार्थो–वाञ्छितार्थस्तस्य बाधकं–निरोधकं बृहत्–गाढं विरह एवान्धकारमिति स्पष्टम् । एतेन त्वं मुनीन्द्रलोके प्रद्योतकारकोऽसि, मयि तु न, विरहान्धकार(स्य) विद्यमानत्वात् इति तव न युक्तमिति ॥ १७ ॥

अन्वयः

(हे जिन !) सत्-धर्म-धाम्नि मुनि-इन्द्र-लोके सहज-उद्यम-धौत-दोषः सूर्य-अतिशायिन्-महिमा असि, पुनर् त्वद्-ध्यान-भाजि अपि, इष्ट-अर्थ-बाधक-बृहत्-विरह-अन्धकारं गतायां मयि न ।

શબ્દાર્થ

બાધક=નિરોધ કરનારો.
બૃહત્=મોટા.
અન્ધકાર=અંધકાર, અંધારું.

ઉપાધ્યાય શ્રીધર્મવર્ધનગણિએ પોતાના ગુરૂના નામનો તેમજ તેમણે આ કાવ્ય કઇ સાલમાં રચ્યું તે સૂચવનારો એક શ્લોક અંતમાં આપ્યો છે એ વિશેષતા છે.

આ બંને કાવ્યો સ્વોપજ્ઞ ટીકાથી અલંકૃત છે. **વીર-ભક્તામર**ની ટીકા જોતાં એ સહજ જોઇ શકાય છે કે એ ટીકામાં અમુક રૂપો વ્યાકરણથી સિદ્ધ છે એ બતાવવા પ્રયાસ કરવામાં આવ્યો છે, જ્યારે **નેમિ-ભક્તામર**ની ટીકા તરફ દૃષ્ટિ-પાત કરતાં એમ માલૂમ પડે છે કે તેમાં એકના એક પદ્યમાંથી જેટલા અર્થો થઇ શકે તેટલા સૂચવવા પ્રયાસ થયો છે.

વિશેષમાં **વીર-ભક્તામર**ના ચોથા ચરણમાંથી તો મૂળ **ભક્તામર**ના ચતુર્થ ચરણના અર્થનોજ ધ્વનિ નીકળે છે, જ્યારે **નેમિ-ભક્તામર**માં તો તે ચરણનો અન્ય રીતે પદચ્છેદ કરી નવીન અર્થ પણ કેટલીક વાર સૂચવવામાં આવ્યો છે. વળી જેમ **વીર-ભક્તા-મર**માં એક સ્થળે (સોળમા પદ્યમાં) મૂળ **ભક્તામર**ના સંપૂર્ણ પદ્યનો સંપૂર્ણ ભાવ નજરે પડે છે, તેવી હકીકત **નેમિ-ભક્તામર**ને પણ લાગૂ પડે છે એટલુંજ નહિ, પરંતુ મૂળ **ભક્તામર**નો સંપૂર્ણ ૧૧ મો શ્લોક 'जनस्य'ને બદલે ' मदीय ' એટલાજ ફેરફાર સાથે દૃષ્ટિ-ગોચર થાય-છે.

આ બંને કાવ્યોનો વિષય તીર્થંકરના ગુણો ગાવાનો છે. **વીર-ભક્તામર**માં તો જૈનોના ચોવીસમા અને આ અવસર્પિણીની અપેક્ષાએ અન્તિમ તીર્થંકરનું લગભગ સંપૂર્ણ જીવન આલેખવામાં આવ્યું છે, જ્યારે **નેમિ-ભક્તામર**માં તો આ અવસર્પિણીમાં થઇ ગયેલા અખંડ બ્રહ્મચારી બાવીસમા તીર્થંકરના લગ્ન-પ્રસંગથી માંડીને તેમના જીવન-ચરિત્રની રૂપરેખા દોરવામાં આવી છે. ચોવીસ તીર્થંકરોમાં આ બે તીર્થંકરો પ્રથમ તીર્થંકર શ્રી**ઋષભદેવ**, સોળમા તીર્થંકર શ્રી**શાન્તિનાથ** અને ત્રેવીસમા તીર્થંકર શ્રી**પાર્શ્વનાથ**ની જેમ વિશેષ લોક-પ્રિય છે.

આ બંને કાવ્યો પૈકી **વીર-ભક્તામર**નું ' રાજ્યર્દ્ધિવૃદ્ધિ' એવું અપર નામ છે, જ્યારે એવું નામ **નેમિ-ભક્તામર**નું આપવામાં આવ્યું નથી. પરંતુ તેનું કારણ દેખીતું છે; કેમકે જો આ કાવ્યને એવી રીતે ઓળખાવવા તેના કર્તાએ વિચાર રાખ્યો હોત, તો તે કાવ્ય 'ભક્તામર' પદથી શરૂ ન કરતાં અન્ય કોઇ પદથી શરૂ કરવું જોઇતું હતું. કેમકે આ પદથી શરૂ કરવાથી તો તેનું 'ભક્તામર' એવું નામ રાખવું પડત અને તેમ થતાં મૂળ કાવ્ય અને સમસ્યારૂપ કાવ્યની ભિન્નતા દૃષ્ટિ-ગોચર થાત નહિ.

શ્રીધર્મવર્ધનગણિની કૃતિઓ—

આ કવીશ્વરે **વીર-ભક્તામર** રચ્યું છે એ તો આ ગ્રન્થ ઉપરથી જોઇ શકાય છે. આ ઉપરાંત **જૈન ગ્રન્થાવલી** (પૃ૦ ૨૩૪) ઉપરથી જોઇ શકાય છે તેમ તેમણે એક હજાર શ્લોક જેટલું શ્રેણિક-ચરિત્ર ગદ્યમાં લખ્યું છે. આ સિવાય તેમણે કોઇ અન્ય ગ્રન્થ રચ્યો હોય એમ જાણવામાં આવ્યું નથી.

શ્રીભાવપ્રભસૂરિની કૃતિઓ—

આ કવિરાજે **નેમિ-ભક્તામર** રચ્યું છે એ વાતની તો આ ગ્રન્થ સાક્ષી પૂરે છે. વિશેષમાં જૈન ગ્રન્થાવલીમાં નિવેદન કર્યા મુજબ તેમણે સં૦ ૧૭૯૧ માં **કલ્યાણ-મંદિર**ના ચતુર્થ ચરણની

उद्यम=ઉદ્યમ.
धौत (धा० धाव्)=પ્રક્ષાલન કરેલ, ધોઇ નાંખેલ.
दोषा=રાત્રિ.
सहजोद्यमधौतदोषः=સ્વાભાવિક ઉદ્યમ વડે ધોઇ નાંખી છે (કર્મ-મલરૂપી) રાત્રિને જેણે એવો.
सूर्य=સૂર્ય, રવિ.
अतिशायिन्=ચઢિયાતો.
महिमन्=મહિમા, ગૌરવ.
सूर्यातिशायिमहिमा=સૂર્યથી ચઢિયાતો મહિમા છે જેનો એવો.
मुनि=યોગી.
इन्द्र=ઉત્તમ.
लोक=લોક.
मुनीन्द्रलोके=યોગીશ્વર લોકને વિષે.

શ્લોકાર્થ

" (હે જિન !) જેણે શુભ ધર્મ–મન્દિરરૂપ એવા યોગીશ્વર-લોકોને વિષે સ્વાભાવિક ઉદ્યમ વડે (કર્મ-મલરૂપી) રાત્રિનું પ્રક્ષાલન કર્યું છે એવો તેમજ સૂર્ય કરતાં અધિક મહિમાવાળો એવો તું છે, પરંતુ તારૂં ધ્યાન ધરનારી (હોવા છતાં) પણ વાંછિત વસ્તુના બાધક તેમજ વિસ્તીર્ણ વિરહરૂપી અંધકારને પ્રાપ્ત થયેલી એવી હું (**રાજીમતી**) તેને વિષે તું તેવો નથી (અર્થાત્ ભલે તું યોગિ-જનોની કર્મરૂપી રાત્રિનો અંત લાવનાર હોવાથી તેમના સંબંધમાં તો તું સૂર્ય કરતાં વધારે પ્રભાવશાળી હો, પરંતુ મારા વિરહરૂપી અંધકારનો તું નાશ નહિ કરી શકતો હોવાથી હું તને સૂર્ય કરતાં કેવી રીતે ચઢિયાતો ગણું ? ઉલટો તને તેનાથી ઉતરતો ગણવો જોઇએ, કેમકે તે તો અંધકારનો નાશ જરૂરજ કરે છે)."—૧૭

* * * * *

वक्त्रं जिनात्र वसतः प्रणिधानभाजो
विश्वासतो मृगशिशुव्रजचुम्बितं सत् ।
संदृश्यते बहुललक्षणभावितं ते
विद्योतयज्जगदपूर्वशशाङ्कबिम्बम् ॥ १८ ॥

टीका

हे जिन !–हे नेमे ! ते–तव वक्त्रं–मुखं अपूर्वशशाङ्कबिम्बं संदृश्यते, लोकैरिति शेषः । कथंभूतस्य ते ? अत्र–नगे वसतो–वासं कुर्वतः । पुनः कथंभूतस्य ते ? प्रणिधानभाजः–समाधियोगयुक्तस्य । कथंभूतं वक्त्रं ? 'मृगेति' मृगाणां–हरिणानां शिशवो–बालास्तेषां व्रजः–समूहस्तेन चुम्बितं सद्–वर्तमानम् । कस्मात् ? विश्वासतो–निश्चलत्वान्निर्भयत्वेन विश्वासहेतुत्वात् । अत एव कथंभूतं वक्त्रं अपूर्वशशाङ्कबिम्बं ? 'बहुलेति' बहुलानि लक्षणानि–लाञ्छनानि तैर्भावितं–सहितम् । चन्द्रमण्डलमध्ये तु एकं लक्ष्म वर्तते, अत्र तु बहूनि चिह्नानि सन्ति, तेन वक्त्रमपूर्वशशाङ्कबिम्बमित्युक्तम् । किं कुर्वत् वक्त्रं ? विद्योतयत्–प्रकाशयत् । [1]किं ? जगद्–विश्वमिति ॥१८॥

अन्वयः

(हे) जिन ! अत्र वसतः प्रणिधान–भाजः ते विश्वासतः मृग-शिशु–व्रज–चुम्बितं, सत्, बहुल-लक्षण–भावितं, जगत् विद्योतयत् वक्त्रं अपूर्व–शशाङ्क–बिम्बं (लोकैः) संदृश्यते ।

---

१ 'किं प्रति' इति ख-पाठः ।

શબ્દાર્થ

वक्त्रं (मू० वक्त्र)=મુખ, વદન.
जिन ! (मू० जिन)=હે જિન !
अत्र=અહિંઆ.
वसतः (मू० वसत्)=રહેનારા.
प्रणिधान=ધ્યાન.
भाज्=ભજનાર.
प्रणिधानभाजः=ધ્યાનયુક્ત.
विश्वासतः (मू० विश्वास)=વિશ્વાસને લીધે.
मृग=હરણ.
शिशु=બાળક.
व्रज=સમૂહ.
चुम्बित (धा० चुम्ब्)=ચુંબિત, ચુંબન કરાયેલ.
मृगशिशुव्रजचुम्बितं=હરણનાં બાળકોના સમુદાય વડે ચુંબિત.
सत् (धा० अस्)=વિદ્યમાન.
संदृश्यते (धा० दृश्)=જોવાય છે.
बहुल=અતિશય.
लक्षण=લાંછન.
भावित=યુક્ત.
बहुललक्षणभावितं=અતિશય લાંછનોથી યુક્ત.
ते (मू० युष्मद्)=તારૂં.
विद्योतयत् (धा० द्युत्)=પ્રકાશ કરનારૂં.
जगत् (मू० जगत्)=દુનિયાને.
अपूर्व=અસાધારણ.
शश=મૃગ.
अङ्क=લાંછન, ચિહ્ન.
शशाङ्क=મૃગનું લાંછન છે જેને વિષે તે, ચન્દ્ર.
बिम्ब=બિંબ.
अपूर्वशशाङ्कबिम्बं=અસાધારણ ચન્દ્રનું બિંબ.

શ્લોકાર્થ

"હે જિન ! આહિંઆ (**રૈવતક** પર્વત ઉપર) વસનારા તથા સમાધિ-યોગથી યુક્ત એવા તારા (નિશ્ચલતા તેમજ નિર્ભયતાને લીધે) વિશ્વાસથી હરણનાં બાળકોના સમુદાય વડે ચુંબિત થયેલું એવું, વળી અનેક લક્ષણોથી લક્ષિત એવું તેમજ વિશ્વને પ્રકાશમય કરનારૂં એવું મુખ અસાધારણ ચન્દ્રના [1]બિંબના સમાન (લોકોથી) જોવાય છે."—૧૮

* * * * *

उद्योग एष भवता क्रियतां किमर्थं ?
किं वाऽथ ते नु वरवस्तुन ऊनमस्ति ? ।
त्वामेव वीक्ष्य शितिभं समुदो मयूर्यः
कार्यं कियज्जलधरैर्जलभारनम्रैः ? ॥ १९ ॥

टीका

अथेति अन्वादेशे प्रश्ने वा । हे नेमे ! भवता—त्वया एष उद्योग—उद्यमः किमर्थं क्रियतां ? न कोऽपि हेतुर्दृश्यत इत्यर्थः । नुरवधारणे । वरवस्तुनः—प्रधानराज्यादिवस्तुनः सकाशात् इतरत् किं ते—तव ऊनं—असंपूर्णमस्ति ? किमप्यूनं नास्तीत्यर्थः । दृष्टान्तमाह—मयूर्यो—मयूरवल्लभाः शितिभं—श्यामवर्णं एवंविधं त्वामेव वीक्ष्य—विलोक्य समुदः—महर्षा भवन्ति । तदा जलभार—नीरभारेण नमनशीलैः जलधरैः—मेघैः कियत् कार्यं ? न किमपि कृत्यमस्तीत्यर्थः ॥१९॥

अन्वयः

एषः उद्योगः भवता किमर्थं क्रियतां ? किंवा अथ ते वर-वस्तुनः ऊनं नु अस्ति ? शितिभं त्वां एव वीक्ष्य मयूर्यः सह-मुदः (भवन्ति, तदा) जल-भार-नम्रैः जलधरैः कियत् कार्यम् ? ।

[1] અસાધારણ કહેવાનું કારણ એ છે કે ચન્દ્રમાં તો એક લાંછન છે, જ્યારે નેમિનાથમાં તો અનેક લાંછનો છે

શબ્દાર્થ

उद्योगः (मू० उद्योग)=ઉદ્યમ.
एषः (मू० एतद्)=આ.
भवता (मू० भवत्)=આપથી.
क्रियते (धा० कृ)=કરાય છે.
किमर्थं=શા માટે.
किंवा=અથવા.
अथ=પ્રશ્નાર્થક અવ્યય.
नु=નક્કી.
वर=ઉત્તમ.
वस्तु=ચીજ.
वरवस्तुनः=ઉત્તમ ચીજથી.
ऊनं (मू० ऊन)=અપૂર્ણ.
अस्ति (धा० अस्)=છે.

त्वां (मू० युष्मद्)=તને.
एव=જ.
वीक्ष्य (धा० ईक्ष्)=જોઇને.
शितिभं (मू० शितिभ)=શ્યામવર્ણી.
मुद्=હર્ષ.
समुदः=હર્ષિત.
मयूर्यः (मू० मयूरी)=મયૂરીઓ, ઢેલો.
कार्यं (मू० कार्य)=કાર્ય, ફલ.
कियत्=કેટલું.
जलधरैः (मू० जलधर)=મેઘો વડે
जल=જલ, પાણી.
भार=ભાર, બોજો
नम्र=નમનશીલ.
जलभारनम्रैः=જલના ભાર વડે નમનશીલ.

શ્લોકાર્થ

"(હે નાથ !) આ (તપશ્ચર્યા, ધ્યાન, સમાધિ ઇત્યાદિ) ઉદ્યમ તું શાને માટે કરે છે ! શું (ઉત્તમ રાજ્યરૂપી) શ્રેષ્ઠ વસ્તુથી કંઇક અપૂર્ણ છે ! શ્યામવર્ણી એવા તનેજ જોઇને મયૂરીઓ હર્ષિત થઇ જાય છે, તો પછી જલના ભાર વડે નમ્ર બનેલા એવા મેઘોનું (તેમને) શું કામ છે ? (તેવીજ રીતે તને ઉત્તમ રાજ્યાદિક સામગ્રી મળેલી હોવા છતાં તું કેમ તપશ્ચર્યા કરે છે ! તારે શાની ખોટ છે !)"—૧૯

* * * * *

इच्छावरं वरमिति स्वजनेन नुन्ना
वच्मीत्यहं द्रुतकराब्जनिरुद्धकर्णा ।
रत्ने यथा जनतया क्रियतेऽभिलाषो
नैवं तु काचशकले किरणाकुलेऽपि ॥ २० ॥

टीका

हे **नेमे** ! अहं इति वच्मि–कथयामि । कथंभूताऽहं ? इति स्वजनेन–बन्धुवर्गेण नुन्ना–प्रेरिता–कथिता । इतीति किं ? हे **राजीमति** ! त्वं अवरं–अन्यं वरं–भर्तारं इच्छ–वाञ्छ इति । (पुनः) कथंभूताऽहं ? द्रुतं–शीघ्रं कराब्जाभ्यां–हस्तकमलाभ्यां निरुद्धौ–पिहितौ कर्णौ–श्रवणौ यया सेति । इति वच्मि, इतीति किं ? हे स्वजन ! यथा जनानां–लोकानां समूहो जनता तया रत्ने–मणौ अभिलाषः–वाञ्छा क्रियते, एवं तु किरणाकुले–मरीचिव्याप्तेऽपि काचशकले–काचखण्डे न क्रियत इति ॥ २० ॥

अन्वयः

' अवरं वरं इच्छ ' इति स्वजनेन नुन्ना अहं द्रुत–कर–अब्ज–निरुद्ध–कर्णा ' यथा रत्ने जनतया अभिलाषः क्रियते (तथा) किरण–आकुले अपि काच–शकले तु न एवं ' इति (अहं) वच्मि ।

શબ્દાર્થ

इच्छ (धा० इष्)=પસંદ કર.
अवरं (मू० अवर)=અન્ય.
वरं (मू० वर)=વરને.
इति=એમ.
स्वजनेन (मू० स्वजन)=સ્વજન વડે.
नुन्ना (धा० नुद्)=પ્રેરિત.
वच्मि (धा० वच्)=કહું છું.
अहं (मू० अस्मद्)=હું.
द्रुत=શીઘ્ર, જલદી.
कर=હસ્ત, હાથ.
अब्ज=કમળ.
निरुद्ध (धा० रुध्)=બંધ કરેલ.
कर्ण=કાન.
द्रुतकराब्जनिरुद्धकर्णा=કર-કમલ દ્વારા શીઘ્ર ઢાંકી દીધા છે કાનો જેણે એવી.
रत्ने (मू० रत्न)=રત્નને વિષે.
यथा=જેમ.
जनतया (मू० जनता)=લોકથી.
क्रियते (धा० कृ)=કરાય છે.
अभिलाषः (मू० अभिलाष)=ઇચ્છા.
न=નહિ.
एवं=એવી રીતે.
तु=કિન્તુ.
काच=કાચ.
शकल=ટુકડો, કકડો.
काचशकले=કાચના કકડાને વિષે.
किरण=કિરણ.
आकुल=વ્યાપ્ત.
किरणाकुले=કિરણો વડે વ્યાપ્ત.
अपि=પણ.

શ્લોકાર્થ

"(**નેમિનાથને** મૂકીને) અન્ય વરને વર એમ સંબંધીઓ દ્વારા પ્રેરણા કરાયેલી હું કર-કમલ વડે શીઘ્ર કાન ઢાંકી દઇ[1] એમ કહું છું કે જેમ લોકો રત્ન વિષે અભિલાષા રાખે છે, તેમ તેઓ કિરણો વડે પણ વ્યાપ્ત એવા કાચના કકડા વિષે રાખતા નથી."—૨૦

* * * * *

भव्ये ! मनोहरवरो भविता भवत्याः
किं नेमिनाऽसहशुचा च किमित्थमाल्या ? ।
वाच्यं किमत्र यदि मे न भवानिवान्यः
कश्चिन्मनो हरति नाथ ! भवान्तरेऽपि ॥ २१ ॥

टीका ।

हे **नेमे** ! तदा आल्या—सख्या इत्थं किं वाच्यं—कथं वक्तव्यं, अमुना वाक्येन मृतमित्यर्थः । इत्थं किं तदाह—भव्या—मनोहरा तस्याः संबोधनं क्रियते हे भव्ये !—हे **राजीमति** ! भवत्याः—तव राजीमत्या मनोहरवरो भविता—भविष्यतीत्यर्थः । अतो नेमिना किं ? मृतमित्यर्थः । च—पुनः असहशुचा किं ? उत्कटशोकेन मृतमित्यर्थः । इति हे नाथ ! यदि—चेदन्यः कश्चिन्मनोऽत्र—अस्मिन् भवे भवान्तरे—अन्यभवेऽपि मे—मम मनः—चित्तं न हरति । क इव ? भवानिव, यथा भवान् त्वं मम मनो हरति न तथाऽन्यो नेत्यर्थः ॥ २१ ॥

[1] [illegible]

अन्वयः

यदि (हे) नाथ ! भवान् इव अन्यः कश्चित् अत्र भव-अन्तरे अपि मे मनः न हरति (तर्हि) भव्ये ! भवत्याः मनोहर-वरः भविता, (अतः) नेमिना किं ? अ-सह्य-शुचा च किं? इत्थं आल्या किं वाच्यम् ?।

શબ્દાર્થ[1]

भव्ये ! (मू० भव्या)=હે ભવ્ય (સ્ત્રી) !
मनोहर=ચિત્તાકર્ષક.
वर=વર, પતિ.
मनोहरवरः=મનોહર વર.
भविता (धा० भू)=થશે.
भवत्याः (मू० भवती)=આપનો.
किं=શું.
नेमिना (मू० नेमि)=નેમિ વડે.
असह्य=સહન ન થઇ શકે તેવો, અસહ્ય.
शुच्=શોક.
असह्यशुचा=અસહ્ય શોક વડે.
च=વળી.
इत्थं=આ પ્રમાણે.
आल्या (मू० आली)=સખી વડે.
वाच्यं (मू० वाच्य)=કહેવાય.
अत्र=આ સંસારમાં.
यदि=જો.
मे (मू० अस्मद्)=મારૂં.
न=નહિ.
भवान् (मू० भवत्)=આપ.
इव=જેમ.
अन्यः (मू० अन्य)=બીજો.
कश्चित् (मू० किम्)=કોઇ.
मनः (मू० मनस्)=ચિત્તને.
हरति (धा० हृ)=હરે છે.
नाथ ! (मू० नाथ)=હે નાથ !
भव=ભવ.
भवान्तरे=અન્ય ભવમાં.
अपि=પણ.

શ્લોકાર્થ

"હે[2] નાથ ! જ્યારે આપની જેમ કોઇ અન્ય (પુરૂષ) આ ભવમાં તેમજ ભવાન્તરમાં પણ મારૂં મન હરનાર નથી, તો પછી હે મનોહર (મૃગાક્ષી) ! આપ (રાજીમતી)ને મનોહર વર મળશે, વાસ્તે નેમિથી શું (અર્થાત્ તો પછી નેમિનાથનું શું કામ છે) ? વળી અસહ્ય શોકથી પણ સર્યું, એમ સખીથી કેમ કહેવાય ? (અર્થાત્ નજ કહેવાય)."—૨૧

\+ + + + +

अस्या न दूषणमतो हि भवानसह्यो-
ऽबाधः कृतान्तजनको भवतीश ! सोऽपि ।
साताय सर्वजगतां च शिवा यमर्कं
प्राच्येव दिग् जनयति स्फुरदंशुजालम् ॥ २२ ॥

टीका

शिवा-समुद्रविजयनृपपत्नी प्राची एव-पूर्वा एव दिक्-काष्टा यं नेमिनं अर्कं-सूर्यं जनयति। कस्मै ? सर्वजगतां-सर्वजनानां साताय-सुखाय। कथंभूतं यमर्कं ? स्फुरदंशुजालं-

૧ અત્ર 'નેમિન્' શબ્દ પણ સંભવી શકે છે. જુઓ શ્રીહેમચન્દ્રસૂરિકૃત અભિધાનચિન્તામણિ (કાં० ૧, શ્લો० ૨૮)ની સ્વોપજ્ઞ ટીકા.
૨ આ પદ્યમાં અનેક અવ્યયો દૃષ્ટિગોચર થાય છે એ એની વિશેષતા છે.

[illegible]दीप्यमानकिरणसमूहम् । अत्र शिवैव प्राची यमेव सूर्य इति रूपकालङ्कारः प्रोक्तः, अथ च-शब्दोऽत्र भिन्नक्रमत्वात् शिवा–निरुपद्रवा प्राची एव दिक् यमकं जनयतीति द्वितीयः सूर्यपक्षार्थः । [illegible] तदेव । यच्छब्दोनित्यसंबन्धः । हे ईश ! हि–यस्मात् कारणात् सोऽपि भवान्–नेमिः एवंविधो भवति । तदाह–कथंभूतः स भवान् ? ' कृतान्तजनकः ' कृतान्तं–वियोगलक्षणं यमं जनयति–उत्पादयतीति कृतान्तजनकः, मम पीडाकारणं भवति । यमो हि सर्वेषां पीडाकृदस्तीति । पुनः कथंभूतः स भवान् ? अबाधः–उच्छृङ्खलः, निरङ्कुश इत्यर्थः । " अबाधोच्छृङ्खलोद्दामा० " इति हैमः (का० ६, श्लो० १०२) । पुनः कथंभूतः स भवान् ? असह्यः–असहनीयः, कठोरप्रकृतित्वात् । [illegible] सर्वजगतामिति पूर्वान्वयापेक्षया प्रसूतः पश्चाद् दुष्टो जात इति विरोधः । अपि[illegible] [illegible] । [illegible]–कथंभूतः स भवान् ? कृतान्तं–सिद्धान्तं अथवा क्षेमकार्यं जनयतीति कृता-न्तजनकः । " कृतान्तो क्षेमकर्मणि । सिद्धान्तयमदैवेषु " इति हैमानेकार्थः । पुनः कथंभूतः स [illegible] ? न [illegible] बाधा–पीडा यस्य सोऽबाध इति । पुनः कथंभूतः स भवान् ? असह्य–उप-[illegible] । [illegible] [illegible]पक्षे सोऽपि सूर्यः कृतान्तजन्मकारकः । पुनः कथंभूतः स सूर्यः ? [illegible] । पुनः कथंभूतः सोऽपि सूर्यः ? असह्यो–दुर्निरीक्ष्यः । [illegible] [illegible] अस्याः शिवायाः जनन्याः पूर्वायाः दिशश्च सूर्यो [illegible] [illegible] किं सूर्यः ? [illegible] ([illegible]) ईदृशो जात इति काकुः ॥ २२ ॥

अन्वयः

[illegible]

शब्दार्थ

[illegible]

अबाध (१) [illegible], (२) [illegible]

कृतान्तजनक (१) [illegible], (२) [illegible] (३) [illegible]

[illegible]

ईश (मू० ईश) हे नाथ !

[illegible]

च=અને.
शिवा (मू० शिवा)=શિવા (રાણી).
शिवा (मू० शिव)=કલ્યાણકારી.
यं (मू० यद्)=જેને.
अर्क (मू० अर्क)=સૂર્યને, રવિને.
प्राची=પૂર્વ.
एव=જ.
दिक् (मू० दिश्)=દિશા.
जनयति (धा० जन्)=જન્મ આપે છે.
स्फुरत् (धा० स्फुर्)=સ્ફુરાયમાન, પ્રકાશમાન.
अंशु=કિરણ.
जाल=સમૂહ.
स्फुरदंशुजालं=પ્રકાશમાન છે કિરણોનો સમુદાય જેનો એવા.

શ્લોકાર્થ

" હે નાથ ! (સમુદ્રવિજય નૃપતિની પટરાણી) શિવારૂપી (કલ્યાણકારી) પૂર્વજ દિશા સ્ફુરાયમાન કિરણોના સમુદાયવાળા એવા જે આપ (નેમિ) સૂર્યને આખી આલમના સુખને અર્થે જન્મ આપે છે, તે આપ પણ (કઠોર પ્રકૃતિવાળા હોવાને લીધે) અસહ્ય, [1]ઉચ્છૃંખલ અને (હું વિરહી હોવાને લીધે મારા પ્રતિ) મરણદાયક છો (અર્થાત્ આપ તો દુઃખના હેતુ થઇ પડ્યા છો), એથી કરીને એનો દોષ નથી."—૨૨

સ્પષ્ટીકરણ

વિરોધનો પરિહાર—

જગત્ના સુખને માટે જે આપને શિવા દેવીએ જન્મ આપ્યો, તે આપ તો મને મરણાન્ત કષ્ટ-દાયક થઇ પડ્યા છો એ વિરોધનો નીચે મુજબ પરિહાર છેઃ—

શિવા રાણીરૂપી પૂર્વ દિશાએ જે નેમિનાથ રૂપી સૂર્યને સમસ્ત બ્રહ્માણ્ડના સુખને અર્થે જન્મ આપ્યો તે આપ તો (ઉપસર્ગોથી) ક્ષોભ પામતા નથી, વળી આપને (કોઇ પ્રકારની) પીડા નથી, તેમજ આપ સિદ્ધાન્તના પ્રરૂપક છો અથવા કલ્યાણકારી કાર્યને કરવાવાળા છો, એથી શિવાનો કંઇ દોષ નથી.

\+ \+ \+ \+

चेतश्चमच्चरिकरीषि दरीश्रितानां
तीव्रैर्व्रतैर्विषमरैवतशृङ्गसङ्गी ।
आदर्शधाम्नि धृतकेवलचक्रिवत् किं
नान्यः शिवः शिवपदस्य मुनीन्द्र ! पन्थाः ? ॥ २३ ॥

हे मुनीन्द्र ! त्वं चेतः चमच्चरिकरीषि–अतिशयेनाश्चर्ययुक्तं करोषीत्यर्थः । केषां ? दरीश्रितानां–कन्दरास्थितानां जनानाम् । कैः ? तीव्रैः–उत्कटैः व्रतैः–यमनियमरूपैः । कथंभूतस्त्वं ? विषमरैवतशृङ्गसङ्गी, असमरैवतगिरिशिखरस्थित इत्यर्थः । हे मुनीन्द्र ! शिवपदस्य पन्था–मार्गो-

---

૧–૩ સૂર્યના સંબંધમાં ' અસહ્ય'થી ' તેના તરફ નહિ જોઇ શકાય એવો' અર્થ કરવો તેવીજ રીતે ' અબાધ ' શબ્દથી ' અન્ય તેજ વડે પરાભવ નહિ પામનારો એવો ' અર્થ કરવો વિશેષમાં સાહિત્ય પ્રમાણે સૂર્ય યમ રાજનો બાપ થા

दीप्यमानकिरणसमूहम् । अत्र शिवैव प्राची यमेव सूर्य इति रूपकालङ्कारः प्रोक्तः, अथ च-शब्दोऽत्र भिन्नक्रमत्वात् शिवा–निरुपद्रवा प्राची एव दिक् यमर्कं जनयतीति द्वितीयः सूर्यपक्षार्थः । शेषं तथैव । यत्तदोर्नित्यसंबन्धः । हे ईश ! हि–यस्मात् कारणात् सोऽपि भवान्–नेमिः एवंविधो भवति । तदाह–कथंभूतः स भवान् ? ' कृतान्तजनकः ' कृतान्तं–वियोगलक्षणं यमं जनयति–उत्पादयतीति कृतान्तजनकः, मम पीडाकारणं भवति । यमो हि सर्वेषां पीडाकृदस्तीति । पुनः कथंभूतः स भवान् ? अबाधः–उच्छृङ्खलः, निरङ्कुश इत्यर्थः । “ अबाधोच्छृङ्खलोद्दामाः० ” इति हैमः (का० ६, श्लो० १०२) । पुनः कथंभूतः स भवान् ? असह्यः–असहनीयः, कठोरप्रकृतित्वात् । अतः साताय सर्वजगतामिति पूर्वान्वयापेक्षया प्रसूतः पश्चाद् दुष्टो जात इति विरोधः । अपिर्विरोधार्थः । परिहारस्तु–कथंभूतः स भवान् ? कृतान्तं–सिद्धान्तं अथवा क्षेमकार्यं जनयतीति कृतान्तजनकः । “ कृतान्तो क्षेमकर्मणि । सिद्धान्तयमदैवेषु ” इति हैमानेकार्थः । पुनः कथंभूतः स भवान् ? न विद्यते बाधा–पीडा यस्य सोऽबाध इति । पुनः कथंभूतः स भवान् ? असह्य–उपसर्गैरक्षोभ्य इति । अथ द्वितीयपक्षे सोऽपि सूर्यः कृतान्तजन्मकारकः । पुनः कथंभूतः स सूर्यः ? अबाधः–अन्यसर्वतेजोभिरनभिभवः । पुनः कथंभूतः सोऽपि सूर्यः ? असह्यो–दुर्निरीक्ष्यः । अतः पूर्वार्थापेक्षया कृतान्तजनकादिशब्दलाभात् अस्याः शिवाया जनन्याः पूर्वायाः दिशश्च दूषणं न विद्यते, तस्याः किं दूषणं ? त्वं (एव) ईदृशो जात इति काकुः ॥ २२ ॥

अन्वयः

'शिवा' एव प्राची दिक् यं स्फुरत्–अंशु–जालं अर्कं सर्व–जगतां साताय जनयति, हे ईश ! हि स अपि भवान् अ–सह्यः, अ–बाधः, कृतान्त–जनकः च भवति, अतः अस्याः न दूषणम् ।

શબ્દાર્થ

अस्याः (मू० इदम्)=આનું.
न=નહિ.
दूषणं (मू० दूषण)=દૂષણ.
अतः=એથી કરીને.
हि=કેમકે.
भवान् (मू० भवत्)=આપ.
असह्यः (मू० असह्य)=સહન ન કરી શકાય તેવો.
बाधा=પીડા
अबाधः=(१) ઉચ્છૃંખલ; (२) અવિદ્યમાન છે પીડા જેને એવો.
कृतान्त=(१) યમ, (२) સિદ્ધાન્ત; (३) કલ્યાણકારી કાર્ય.
जनक=(१) પિતા; (२) ઉત્પન્ન કરનાર.
कृतान्तजनकः=(१) યમના જનક; (२) સિદ્ધાન્તના પ્રરૂપક; (३) કલ્યાણકારી કાર્ય કરનારા.
भवति (धा० भू)=થાય છે.
ईश ! (मू० ईश)=હે નાથ !
सः (मू० तद्)=તે.
अपि=પણ.
साताय (मू० सात)=સુખને માટે.
सर्व=સમસ્ત, આખી.
जगत्=દુનિયા, આલમ.
सर्वजगतां=આખી આલમના.

---

१ रूपकालङ्कारस्य लक्षणम्—

“ रूपकं यत्र साधर्म्या—दर्थयोरभिदा भवेत् ।
समस्तं वाऽसमस्तं वा, खण्डं वाऽखण्डमेव वा ॥१॥ ”

—वाग्भटालङ्कारे (प० ४, श्लो० ६६)

च=અને.
शिवा (मू० शिवा)=શિવા (રાણી).
शिवा (मू० शिव)=કલ્યાણકારી.
यं (मू० यद्)=જેને.
अर्क (मू० अर्क)=સૂર્યને, રવિને.
प्राची=પૂર્વ.
एव=જ.
दिक् (मू० दिश्)=દિશા.
जनयति (धा० जन्)=જન્મ આપે છે.
स्फुरत् (धा० स्फुर्)=સ્ફુરાયમાન, પ્રકાશમાન.
अंशु=કિરણ.
जाल=સમૂહ.
स्फुरदंशुजालं=પ્રકાશમાન છે કિરણોનો સમુદાય જેનો એવા.

શ્લોકાર્થ

" હે નાથ ! (**સમુદ્રવિજય** નૃપતિની પટરાણી) **શિવા**રૂપી (કલ્યાણકારી) પૂર્વજ દિશા સ્ફુરાયમાન કિરણોના સમુદાયવાળા એવા જે આપ (**નેમિ**) સૂર્યને આખી આલમના સુખને અર્થે જન્મ આપે છે, તે આપ પણ (કઠોર પ્રકૃતિવાળા હોવાને લીધે) [1]અસહ્ય, [2]ઉચ્છૃંખલ અને (હું વિરહી હોવાને લીધે મારા પ્રતિ) [3]મરણદાયક છો (અર્થાત્ આપ તો દુઃખના હેતુ થઇ પડ્યા છો), એથી કરીને એનો દોષ નથી."—૨૨

સ્પષ્ટીકરણ

વિરોધનો પરિહાર—

જગત્ના સુખને માટે જે આપને **શિવા** દેવીએ જન્મ આપ્યો, તે આપ તો મને મરણાન્ત કષ્ટ-દાયક થઇ પડ્યા છો એ વિરોધનો નીચે મુજબ પરિહાર છેઃ—

શિવા રાણીરૂપી પૂર્વ દિશાએ જે **નેમિનાથ** રૂપી સૂર્યને સમસ્ત બ્રહ્માણ્ડના સુખને અર્થે જન્મ આપ્યો તે આપ તો (ઉપસર્ગોથી) ક્ષોભ પામતા નથી, વળી આપને (કોઇ પ્રકારની) પીડા નથી, તેમજ આપ સિદ્ધાન્તના પ્રરૂપક છો અથવા કલ્યાણકારી કાર્યને કરવાવાળા છો, એથી **શિવા**નો કંઇ દોષ નથી.

\+　　　+　　　+　　　+

चेतश्चमत्करिकरीषि दरीश्रितानां
　तीव्रैर्व्रतैर्विषमरैवतशृङ्गसङ्गी ।
आदर्शधाम्नि धृतकेवलचक्रिवत् किं
　नान्यः शिवः शिवपदस्य मुनीन्द्र ! पन्थाः ? ॥ २३ ॥

हे मुनीन्द्र ! त्वं चेतः चमत्करिकरीषि–अतिशयेनाश्चर्ययुक्तं करोषीत्यर्थः । केषां ? दरीश्रितानां–कन्दरास्थितानां जनानाम् । कैः ? तीव्रैः–उत्कटैः व्रतैः–यमनियमरूपैः । कथंभूतस्त्वं ? विषमरैवतशृङ्गसङ्गी, असमरैवतगिरिशिखरस्थित इत्यर्थः । हे मुनीन्द्र ! शिवपदस्य पन्था–मार्गो-

૧–૩ સૂર્યના સંબંધમાં ' અસહ્ય'નો ' તેના તરફ નહિ જોઇ શકાય એવો' અર્થ કરવો. તેવીજ રીતે ' અ-બાધ ' શબ્દથી ' અન્ય તેજ વડે પરાભવ નહિ પામનારો એવો ' અર્થ કરવો. વિશેષમાં નાકાકૃતિ પ્રમાણે સૂર્ય યમ-રાજનો બાપ થાય છે.

ऽन्य एतत्कष्टात् इतरः किं न वर्तते ? अपितु वर्तते एव । कथंभूतः पन्थाः ? शिवो-निरुपद्रवः । किंवत् ? आदर्शधाम्नि–दर्पणगृहे धृतकेवलचक्रिवत्–लब्धकेवलज्ञानभरतचक्रधर इवेति ॥ २३ ॥

अन्वयः

हे मुनि-इन्द्र ! विषम-'रैवत'-शृङ्ग-सङ्गी त्वं तीव्रैः व्रतैः दरी-श्रितानां चेतः चमत्करिकरीषि । आदर्श-धाम्नि धृत-केवल-चक्रिन्-वत् किं शिव-पदस्य अन्यः शिवः पन्थाः न (वर्तते) ? ।

શબ્દાર્થ

चेतः (मू० चेतस्)=ચિત્તને.
चमच्चरिकरीषि (धा० कृ)=અતિશય આશ્ચર્યાંકિત કરે છે, ઘણો અચંબો પમાડે છે.
दरी=ગુફા.
श्रित (धा० श्रि)=આશ્રય કરેલ.
दरीश्रितानां=ગુફાનો આશ્રય કરેલાના.
तीव्रैः (मू० तीव्र)=તીવ્ર.
व्रतैः (मू० व्रत)=વ્રતો વડે.
विषम=વિષમ.
रैवत=રૈવત (પર્વત).
शृङ्ग=શિખર.
सङ्गिन्=સંગ કરનાર.
विषमरैवतशृङ्गसङ्गी=વિષમ રૈવતના શિખરનો સંગ કરનાર.
आदर्श=[illegible].
आदर्शधाम्नि=દર્પણ-ભુવનમાં.
धृत (धा० धृ)=પ્રાપ્ત કરેલ.
केवल=કેવલ(જ્ઞાન), સર્વજ્ઞતા.
चक्रिन्=ચક્રવર્તી.
वत्=સરખુ, બરાબર.
धृतकेवलचक्रिवत्=પ્રાપ્ત કર્યું છે કેવલ(જ્ઞાન) જેણે એવા ચક્રવર્તીની જેમ.
किं=શું.
न=નહિ.
अन्यः (मू० अन्य)=બીજો.
शिवः (मू० शिव)=કલ્યાણકારી.
शिव=મોક્ષ.
पद=સ્થાન.
शिवपदस्य=મોક્ષ-સ્થાનનો.
मुनि=યતિ, સાધુ.
इन्द्र=મુખ્ય.
मुनीन्द्र !=હે યોગીશ્વર, હે મુનિરાજ !
पन्थाः (मू० पथिन्)=માર્ગ.

શ્લોકાર્થ

"હે યોગીશ્વર ! વિષમ રૈવત (પર્વત)ના શિખર ઉપર રહેલો એવો તું તીવ્ર (તપસ્યા [illegible]) વ્રત વડે ગુફામાં વસનારા (જનોના) ચિત્તને અતિશય આશ્ચર્યાંકિત કરે છે. ([illegible]) દર્પણ-ભુવનમાં કેવલ (જ્ઞાન) પ્રાપ્ત કરનારા એવા (ભરત) [illegible] મુક્તિ પદને (શું) અન્ય કલ્યાણકારી માર્ગ નથી વારુ ?"—૨૩

સ્પષ્ટીકરણ

[illegible] ચક્રવર્તીને કેવલજ્ઞાન—

[illegible] કરી, [illegible] કરી, દેવદૂષ્ય વસ્ત્ર વડે શરીર [illegible] કરી અને [illegible] ધારણ કરી [illegible]

[illegible]


श्रीभक्तामरस्तोत्रपादपूर्तिरूपस्य

काव्यसङ्ग्रहस्य प्रथमो विभागः

उपाध्यायश्रीधर्मवर्धनगणिकृतवीरभक्तामर-
श्रीभावप्रभसूरिरचितनेमिभक्तामरस्तोत्रद्वयम्

स्वोपज्ञटीकासमलङ्कृतम्

श्रीमानतुङ्गसूरिसंदब्धभक्तामरस्तोत्र-श्रीधर्मघोषसूरिप्रणीतगिरिनार-
गिरीश्वरकल्परूपपरिशिष्टद्वयान्वितम् ।



गुर्जरभाषानुवादविवरणादिपरिष्कृतं संशोधितं च

कापडियेत्युपाह्वश्रीरसिकदासतनुजनुषा हीरालालेन ।

प्रसिद्धिकारकः—

शाह वेणीचन्द्र सूरचन्द्र ।

कार्यवाहिनी—

श्रीमती आगमोदयसमितिः ।

वि. स. १९८२] वीरसंवत् २४५२ [इ. स. १९२६

प्रतयः १२५०

यं रूप्यकत्रयम् ।

પાદ-પૂર્તિરૂપ તેમજ સ્વોપજ્ઞ ટીકાથી અલંકૃત એક કાવ્ય રચ્યું છે. (આને **અભિનવ-કલ્યાણ-મંદિર** તેમજ **જૈનધર્મવરસ્તોત્ર** તરીકે પણ ઓળખવામાં આવે છે. આ બંનેને **જૈન ગ્રન્થાવલી**માં જૂદા ગણવામાં આવ્યા હોય એમ લાગે છે, પરંતુ તેમ કરવામાં આવ્યું હોય તો તે ખોટું છે. વળી **શ્રીયશોવિજય જૈન ગ્રન્થમાલા** તરફથી પ્રસિદ્ધ થયેલા **જૈનસ્તોત્રસંગ્રહ**ના પ્રથમ ભાગમાં આ કાવ્યનું **જૈનધર્મવરસંસ્તવન** એવું નામ રાખવામાં આવ્યું છે.)

આ ઉપરાંત ન્યાયવિશારદ ન્યાયાચાર્ય મહામહોપાધ્યાય **શ્રીયશોવિજયે** રચેલા **પ્રતિમાશતક** ઉપર (વિ. સં. [3]૧૭૯૩ માં) [4]લઘુવૃત્તિ તેમજ તેમણે રચેલા **નયોપદેશ** ઉપર અવચૂરિ તથા શ્રીપાર્શ્વચન્દ્રકૃત [5]**મહાવીર-સ્તોત્ર** ઉપર વૃત્તિ આ સરિજીએ રચી છે. વળી **પ્રતિમાશતક**ની પ્રસ્તાવનામાં નિવેદન કર્યા મુજબ તેમણે માતૃકા-પ્રકરણ પણ રચ્યું છે. સં. ૧૭૯૨માં રચેલી **હુતાશિની કથા** તથા છ પત્રની **પર્યુષણ-અટ્ઠાઇ-વ્યાખ્યા** એ પણ **જૈન ગ્રન્થાવલી** અનુસાર તેમની કૃતિઓ છે.

શ્રીધર્મવર્ધનગણિ અને શ્રીભાવપ્રભસૂરિનાં જીવન-ચરિત્રો—

શ્રીધર્મવર્ધનગણિના સંબંધમાં તેમણે રચેલા **વીર-ભકતામર**ના અન્તિમ શ્લોક ઉપરથી જોઇ શકાય છે તેમ આ કાવ્યની રચના તેમણે સં૰ ૧૭૩૬માં કરી હતી અને [7]શ્રીવિજયહર્ષવાચક એ તેમના ગુરૂ થતા હતા. આ ઉપરાંત તેમના જીવન ઉપર વિશેષ પ્રકાશ પાડનારૂં કોઇ સાધન મારા જોવામાં આવ્યું નથી એટલે તે સંબંધમાં હું વધારે લખી શકતો નથી.

---

૧ આ સ્વોપજ્ઞ ટીકા યુક્ત કાવ્યની એક પ્રતિ મને શ્રીમાન્ જીવણચંદ મારફતે મુનિવર્ય હંસવિજયજી તરફથી મળી છે. હાલમાં હું આ પ્રતિની પ્રેસ-કૉપી તૈયાર કરી રહ્યો છું. **આગમોદયસમિતિ** દ્વારા તે બહાર પાડવામાં આવનાર છે.

૨ આ ગ્રન્થ (લઘુવૃત્તિ સહિત) શ્રીજૈનઆત્માનન્દસભા તરફથી વિ. સં. ૧૯૭૧માં પ્રસિદ્ધ થયેલ છે.

૩ સરખાવો પ્રતિમાશતકની અન્તમાં આપેલી ટીકાકારની પ્રશસ્તિ—

" ત્ર્યઙ્કાશ્વભૂમિતિ (१७९३) वर्षे, माघशुक्लाष्टमीतिथौ ।
वारे देवगुरौ जाता, पूर्णेयं वृत्तिरुत्तमा ॥१॥ "

૪ આ લઘુવૃત્તિ સૂરિજીએ પોતાના શિષ્ય **જ્યોતીરત્ન**ને માટે રચી હતી એ વાત એના અન્તમાં આપેલા નિમ્ન-લિખિત ઉલ્લેખ ઉપરથી સ્પષ્ટ જોઇ શકાય છે.

" इति श्रीमत्पूर्णिमागच्छीयभट्टारकश्रीभावप्रभसूरिसमुद्धृता ' प्रतिमाशतक 'लघुवृत्तिरियं शिष्यज्योतीरत्नस्य हेतवे सम्पूर्णा."

૫ સરખાવો—

"स्मृत्वा श्रीशारदामत्र, श्रीभावप्रभसूरिभिः ।
स्मृत्यर्थं लिख्यते कश्चित्, पर्यायो ह्यस्य वृत्तितः ॥ १ ॥"

૬ આ સ્તોત્ર તેમજ તેની વૃત્તિ **શ્રીયશોવિજય જૈન સંસ્કૃત પાઠશાલા** (મહેસાણા) તરફથી પ્રસિદ્ધ થયેલા **શ્રીસ્તોત્ર-રત્નાકર**ના દ્વિતીય વિભાગમાં છપાયેલાં છે.

૭ **જાતક-દીપિકા** નામનો ગ્રન્થ તેમજ (સં૰ ૧૭૬૫માં) તેની વૃત્તિ રચનારા તરીકે જે હર્ષવિજયનો **જૈન ગ્રન્થાવલી**માં ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તે આજ છે કે કેમ તે તેની પ્રતિ જોયા વિના નિવેદન કરી શકાય તેમ નથી.

વિચારવા લાગ્યા કે શું શરીરના બીજા ભાગો પણ અલંકાર વિના આમ નિસ્તેજ દેખાતા હશે? એની પ્રતીતિ કરવા તેઓ અંગ ઉપરથી એક પછી એક આભૂષણ ઉતારવા લાગ્યા.

આનું વર્ણન કરતાં શ્રીહેમચન્દ્રસૂરિ કહે છે કે પ્રથમ તો તેમણે મસ્તક ઉપરથી માણિક્યનો મુકુટ ઉતાર્યો; એથી તે મસ્તક રત્ન વિનાની મુદ્રિકા જેવું દેખાવા લાગ્યું. ત્યાર બાદ તેમણે કાનમાંનાં કુણ્ડળ કાઢી નાંખ્યાં, એટલે તે કાન સૂર્ય અને ચન્દ્ર વિનાની પૂર્વ અને પશ્ચિમ દિશા જેવા ભાસવા લાગ્યા. ગ્રીવા (ડોક) ઉપરથી ગળચવો દૂર કરવાથી તેમની ગ્રીવા નીર (જળ) વિનાની નદી જેવી જણાવા લાગી. પછીથી તેમણે વક્ષઃસ્થલ (છાતી) ઉપરથી હાર ઉતાર્યો, એથી તો તે તારા વિનાના આકાશની જેમ શૂન્ય દેખાવા લાગ્યું. બાજુબંધ ઉતારતાં તેમના બંને હાથ જાણે અર્ધલતાપાશથી રહિત બે સાલ વૃક્ષ હોય તેમ ભાસવા લાગ્યા. હાથના મૂળમાંથી તેમણે કડાં ઉતાર્યાં, એટલે તે આમલસાર વગરની ઇમારત જેવા જણાવા લાગ્યા. તેમણે ત્યાર પછી બીજી બધી આંગળીઓમાંથી મુદ્રિકા કાઢી નાંખી, એટલે તે આંગળીઓ સર્પ વિનાની ફેણ જેવી દેખાવા લાગી. ત્યાર બાદ તેમણે પાદમાંથી પાદ-કટક દૂર કર્યાં, એથી તે રાજકુંજરના સુવર્ણ કંકણથી રહિત દાંતના જેવા જણાવા લાગ્યા.

આ પ્રમાણે સર્વ આભૂષણોનો તેમણે અનુક્રમે ત્યાગ કર્યો એટલે તેમનું શરીર પત્ર વિનાના વૃક્ષ જેવું શોભારહિત દેખાવા લાગ્યું. આ પ્રમાણેનું પોતાનું શરીર જોઇને તેમણે એવો વિચાર આવ્યો કે શરીરની અલંકારોથી કૃત્રિમ શોભા છે. બાકી આ શરીર તો અંદરથી વિષ્ટાદિક મળથી અને બહારથી મૂત્રાદિકના પ્રવાહથી એમ ઉભય રીતે મલિન છે. આ પ્રમાણે તેમણે શરીર ઉપરની મમતા ઓછી કરવા માંડી એટલુંજ નહિ, પરંતુ શુદ્ધ વિચારમાં આગળ વધતા જતા એવા તે રાજેશ્વર અપૂર્વકરણના અનુક્રમથી ક્ષપક શ્રેણિ ઉપર આરૂઢ થયા. શુક્લ ધ્યાનમાં તલ્લીન બનેલા એવા તેમને સદ્‌વિચારના પ્રભાવથી કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. ધન્ય છે આવા રાજર્ષિને કે જેમણે " मन एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः " એ વાક્યને ચરિતાર્થ કરી બતાવ્યું તેમજ ગૃહસ્થાવાસમાં રહીને પણ કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું.

* * * *

पूर्णं व्रतेन भवतु क्रियया गतैः किं ?
कष्टैः कृतं च तपसाऽस्त्वलमन्यकृत्यैः ।
चेत् केवलं शिवसुखाब्जविकाशहेतुं
ज्ञानस्वरूपममलं प्रवदन्ति सन्तः ॥ २४ ॥

टीका

हे नेमे ! व्रतेन पूर्णं–सृतम् । क्रियया भवतु–सृतम् । गतैः–गमनैः–विहारैः किं ?–सृतम् । कष्टैः–लोचादिभिः कृतं–सृतम् । तपसाऽस्तु–सृतम् । अन्यकृत्यैः–अन्यधर्माभासकार्यैः अलं–सृत"

हे नेमे ! चेद्–यदि सन्तः–पण्डिताः केवलम्–असहायमेकं अमलं–निर्मलं शिवसुखाब्जविकाश-हेतुं–मोक्षसुखकमलोल्लासनकारणं एवंविधं ज्ञानस्वरूपं–ज्ञानलक्षणं प्रवदन्ति इति ॥ २४ ॥

अन्वयः

(हे नाथ !) चेद् सन्तः केवलं अ-मलं शिव-सुख-अब्ज-विकाश-हेतुं ज्ञान-स्वरूपं प्रवदन्ति, (तर्हि) व्रतेन पूर्णं, क्रियया भवतु, गतैः किं ? कष्टैः कृतं, तपसा अस्तु, अन्य-कृत्यैः च अलम्।

શબ્દાર્થ

पूर्णं=સર્યું.
व्रतेन (मू० व्रत)=વ્રત વડે.
भवतु=સર્યું.
क्रियया (मू० क्रिया)=ક્રિયા વડે.
गतैः (मू० गत)=ગમનો વડે.
किं=શું, સર્યું.
कष्टैः (मू० कष्ट)=કષ્ટો વડે.
कृतं=સર્યું.
च=વળી.
तपसा (मू० तपस्)=તપશ્ચર્યાથી, તપથી.
अस्तु=સર્યું.
अलं=સર્યું.
अन्य=અપર.
कृत्य=કાર્ય.
अन्यकृत्यैः=અન્ય કાર્યો વડે.
चेद्=જો.
केवलं (मू० केवल)=નિઃસહાયી, એકલા.
शिव=(१) કલ્યાણ, (२) મોક્ષ.
सुख=સુખ.
अब्ज=કમળ.
विकाश=ખીલવું તે.
हेतु=કારણ.
शिवसुखाब्जविकाशहेतुं=શિવસુખરૂપી કમળના વિકાસના કારણરૂપ.
ज्ञान=જ્ઞાન.
स्वरूप=સ્વરૂપ.
ज्ञानस्वरूपं=જ્ઞાનના સ્વરૂપને.
अमलं (मू० अमल)=નિર્મલ.
प्रवदन्ति (धा० वद्)=કહે છે.
सन्तः (मू० सत्)=સંતો, પણ્ડિતો.

શ્લોકાર્થ

" (હે નાથ !) જો સન્તો જ્ઞાનના સ્વરૂપને નિઃસહાયી તથા નિર્મલ તેમજ મુક્તિના સુખ-રૂપી કમલના વિકાસના કારણરૂપ કહે છે, તો પછી વ્રતથી તેમજ ક્રિયા વડે (પણ) સર્યું; (વિ-હારાદિક) ગમનોથી શું ? (લોચાદિક) કષ્ટો (પણ) શા કામનાં ? તપશ્ચર્યાથી શી સાર્થકતા ! અને અન્ય (ધર્માભાસરૂપી) કાર્યોથી પણ બસ થયું (અર્થાત્ આ બધી ક્રિયાઓ નકામી છે). "—૨૪

સ્પષ્ટીકરણ

જ્ઞાન અને ક્રિયાનો સદ્યોગ—

' સર્યું ' શબ્દવાચક વિવિધ શબ્દોથી શોભના આ પદ્ય દ્વારા **રાજીમતી** ક્રિયાનો નિષેધ કરે છે, પરંતુ તે વાત યુક્ત નથી; કેમકે જ્ઞાન અને ક્રિયાના સદ્યોગથીજ મુક્તિ મળે છે. આ વાતની " ज्ञानक्रियाभ्यां मोक्षः " સાક્ષી પૂરે છે. વિશેષમાં એ ધ્યાનમાં રાખવું કે જ્ઞાન એ દેખતું પરંતુ પાંગળું છે, જ્યારે ક્રિયા એ ગતિ કરનારી હોવા છતાં આંધળી છે; એટલે આ બંનેને અર-[illegible] વિશેષમાં ઉત્તમ જ્ઞાનની મહત્તા પણ ઉત્તમ ચારિત્રમાંજ સમાયેલી છે, [illegible] છે, કેમકે "ज्ञानस्य फलं विरतिः" યાને "[illegible]" [illegible] છે. આ ઉપરાંત મનુષ્યની કીંમત તેના વિચાર કરતાં આચાર ઉપરથી વિશેષ અં-

કાય છે અને દુનિયામાં છાપ પણ ચારિત્રશાળી વ્યક્તિનીજ પડે છે. આ સંબંધમાં ઘણું વિવેચન થઇ શકે તેમ છે, પરંતુ અત્ર તો " आचारहीनं न पुनन्ति वेदाः " એ વસિષ્ઠ-સ્મૃતિના છઠ્ઠા અધ્યાયના ત્રીજા શ્લોકના ચરણનો ઉલ્લેખ કરી વિરમવું ઉચિત સમજાય છે. આની વિશેષ માહિતી માટે જુઓ વિશેષાવશ્યક (ગાથાંક ૧૧૪૩—૧૧૬૩).

*　　*　　*　　*　　*

बालश्चिखेलिथ सुरैः कृतनर्मकर्मै–
　धीरो भवंश्च समितौ भुवनेषु जिष्णुः ।
सत्त्वात् पुनः स च गृहीति[1] किमत्र गण्यो
　व्यक्तं त्वमेव भगवन्! पुरुषोत्तमोऽसि ॥ २५ ॥

टीका

हे भगवन् ! व्यक्तं–प्रकटं अत्र–लोके त्वं एव पुरुषोत्तमो गण्यः–संख्येय इति किमसि ? अपितु पुरुषोत्तमो गण्यो नासि । त्वं बालः सन् सुरैः–देवैः सह चिखेलिथ–क्रीडां करोषि स्मेत्यर्थः । कथंभूतैः सुरैः ? कृतानि नर्मकर्माणि–क्रीडाकर्माणि येषां तैः । कर्मशब्दोऽत्राकारान्तोऽप्यस्ति । च–पुनः कथंभूतस्त्वं ? धीरो–दृढो भवन् । कस्यां ? समितौ–ईर्यादिपञ्चसमितिरूपेऽथवा साम्ययोगे । यतः—"समितिर्युधि सङ्गमे । साम्ये सभायामीर्यादौ" इति हैमानेकार्थः । पुनः कथंभूतस्त्वं ? भुवनेषु–विश्वेषु जिष्णुः–जयनशीलः । कस्मात् ? सत्त्वात्–पराक्रमात् । अथ कृष्णोऽपि सुरैः सह क्रीडां चकार, समितौ–सङ्ग्रामे सभायां वा धीरो भवन् पुनः सत्त्वात् विश्वे जयनशीलः । इति तव कृष्णस्य च साम्यं प्रोक्तम्, अथ कृष्णस्य विशेषमाह—पुनरितिभेदे । स च कृष्णः गृही–कलत्रवान् इति वर्तते, त्वं तु न इति, तेन पुरुषोत्तमः गण्यो नेति युक्तम् । पुरुषाणां मध्ये उत्तमः पुरुषोत्तम इति निरुक्तिः । अथवा "स च गृहीति भवांस्तु योगी" इति पाठान्तरम् । तत्र पक्षे हे भगवन् ! त्वमेव पुरुषोत्तमोऽसि, साम्यधर्मत्वात् । पुनः स च कृष्णो गृही । पुनः भवान् तु योगी–योगधारी । यतः (श्रीवाग्भटविरचिते) अलङ्कारग्रन्थे (प० ४, श्लो० ८५,८६)—

"केनचिद् यत्र धर्मेण, द्वयोः संसिद्धसाम्ययोः ।
भवत्येकतराधिक्यं, व्यतिरेकः स उच्यते ॥१॥–अनु०
अस्त्वस्तु पौरुषगुणाज्जयसिंहदेव–
　पृथ्वीपतेर्मृगपतेश्च समानभावः ।
किन्त्वेकतः प्रतिभटाः समरं विहाय
　सद्यो विशन्ति वनमन्यमशङ्कमानाः ॥२॥"–वसन्त०

इति व्यतिरेकालङ्कार उक्तः । लोकभाषया स्त्रीरहितो योगी कथ्यते इत्यस्या ईर्ष्यावचनमपि ॥२५॥

---

१ 'ति भवांस्तु योगी' इति पाठान्तरम् । २ 'साम्य' इति क–पाठः ।

अन्वयः

(त्वं) बालः (सन्) कृत-नर्मन्-कर्मैः सुरैः चिखेलिथ, समितौ धीरः भवन् सत्त्वात् च भुवनेषु जिष्णुः सः (पुरुषोत्तमः) च गृही इति (तस्मात्) हे भगवन्! व्यक्तं त्वं एव अत्र पुरुष-उत्तमः गण्यः (इति) किं असि ?।

શબ્દાર્થ

बालः (मू० बाल)=બાળક.
चिखेलिथ (धा० खेल्)=ક્રીડા કરી.
सुरैः (मू० सुर)=દેવો સહિત.
कृत (धा० कृ)=કરેલ.
नर्मन्=ક્રીડા.
कर्म=કૃત્ય.
कृतनर्मकर्मैः=કર્યાં છે ક્રીડાનાં કૃત્યો જેણે એવા.
धीरः (मू० धीर)=દૃઢ.
भवन् (मू० भवत्)=થતો.
च=વળી.
समितौ (मू० समिति)=(૧) ઈર્યાદિક સમિતિમાં; (૨) યુદ્ધમાં, (૩) સભામાં.
भुवनेषु (मू० भुवन)=દુનિયાઓમાં.
जिष्णुः (मू० जिष्णु)=જયનશીલ, જીતવાના સ્વભાવવાળો.
सत्त्वात् (मू० सत्त्व)=પરાક્રમને લીધે.
पुनर्=વળી.
सः (मू० तद्)=તે.
गृही (मू० गृहिन्)=ગૃહસ્થ.
इति=એમ.
किं=શું.
अत्र=આ જગતમાં.
गण्यः (मू० गण्य)=ગણવા લાયક.
व्यक्तं=સ્પષ્ટ.
त्वं (मू० युष्मद्)=તું.
एव=જ.
भगवन्! (मू० भगवत्)=હે ભગવન્!
पुरुष=મનુષ્ય.
उत्तम=શ્રેષ્ઠ.
पुरुषोत्तमः (मू० पुरुषोत्तम)=(૧) મનુષ્યોમાં શ્રેષ્ઠ; (૨) નારાયણ.
असि (धा० अस्)=છે.

શ્લોકાર્થ

" જેમણે ક્રીડાનાં કૃત્યો કર્યાં છે એવા દેવોની સાથે બાળક હોઇ કરીને તેં જેમ ક્રીડા કરી તેમજ (ઈર્યાદિક પાંચ) સમિતિને વિષે [અથવા યુદ્ધ કે સભામાં] ધીર થયો થકો પરાક્રમ વડે દુનિયાઓમાં તું જયનશીલ છે, તેમ તે **નારાયણ** પણ છે. (પરંતુ) તે ગૃહસ્થ છે (અને તું તો યોગી છે), એથી કરીને હે ભગવન્ ! તુંજ અત્ર પુરૂષોત્તમ ગણી શકાય તેમ છે ખરો કે ! "—૨૫

સ્પષ્ટીકરણ

સમિતિ—

' સમિતિ ' શબ્દનો અર્થ સાવધાનતા, સાવચેતી કે શુદ્ધ પ્રવૃત્તિ થાય છે. ચારિત્રની રક્ષાને માટે મનુષ્યે સમિતિ પાળવાની જરૂર છે. આ સમિતિના (૧) ઈર્યા-સમિતિ, (૨) ભાષા-સમિતિ, (૩) એષણા-સમિતિ, (૪) આદાન-નિક્ષેપણ-સમિતિ અને (૫) પારિષ્ઠાપનિકા-સમિતિ એમ પાંચ પ્રકારો છે.* તેમાં ઈર્યા-સમિતિનો અર્થ એ છે કે જીવ-જંતુનો વધ ન થાય અને [illegible] સામે [illegible] ખાડો હોય તો તેમાં પડી ન જવાય ઇત્યાદિ ઉપયોગ રાખવાનો

[illegible]

[illegible]

રક્ષણાર્થે એક યુગ (ધોસરા) જેટલી અગ્ર દૃષ્ટિ રાખી ચાલવું. ભાષા-સમિતિથી એ સમજવાનું કે બોલતી વખતે સાવચેત રહેવું અર્થાત્ અહિતકારી કે પાપમય વચન બોલવું નહિ. એષણા-સમિતિનું તાત્પર્ય એ છે કે શાસ્ત્રમાં જે વસ્તુઓ ભક્ષ્ય અને પેય ગણવામાં આવી હોય તે ગ્રહણ કરવી અર્થાત્ પ્રાસુક આહાર પાણી લેવા. આદાન-નિક્ષેપ-સમિતિનો અર્થ એ છે કે વસ્ત્ર તેમજ પાત્ર લેતાં મૂકતાં ભૂમિનું નિરીક્ષણ અને પ્રમાર્જન કરી તેમ કરવું. પારિષ્ઠાપનિકા-સમિતિનો અર્થ એ છે કે મલ-મૂત્રનો યોગ્ય ભૂમિએ ત્યાગ કરવો.

*　　*　　*　　*

पूर्वं प्रभो ! प्रबलपूरितपाञ्चजन्यः
　के प्रेङ्खिताच्युतभुजो हसितोऽस्य दारैः ।
मौनं श्रितः परिणये विमुखोऽधुनैवं
　तुभ्यं नमो जनभवोदधिशोषणाय ! ॥२६॥

टीका

हे प्रभो ! पूर्वं-प्रथमं भवान् 'प्रबलपूरितपाञ्चजन्यः' प्रबलेन-शौर्येण पूरितो-ध्मातः पाञ्च-जन्यो-वासुदेवशङ्खो येन स इति अभवत् । ततोऽनन्तरं भवान् के-प्रकाशेऽर्थात् प्रकाशयुक्ते मल्ला-क्षाटके प्रेङ्खिताच्युतभुजो-वालितकृष्णहस्तोऽभवत् । ततोऽनन्तरं कशब्दोऽत्रानुवर्तनीयः तेन के-जले जलाश्रये इत्यर्थः । अस्य कृष्णस्य दारैः सत्यभामादिस्त्रीभिर्भवान् हसितः-हास्यं नीतः । ततोऽनन्तरं भवान् परिणये-विवाहमेलननिमित्तं मौनं श्रितः-गृहीतमौनोऽभवत् । ततोऽनन्तर-मधुना-साम्प्रतम् एवंप्रकारः कोऽर्थः ? तोरण आगतः पाणिग्रहणमकृत्वा पश्चाद् वलितः, संवत्सरदानं दत्त्वा व्रतं गृहीत्वा [1]रैवतके योगासक्त इत्यर्थः । एवंशब्दः प्रकारार्थः । हे जनभवोदधिशोषणाय ! जनानां संसारसमुद्रशोषणे आयो-लाभो यस्य सः । अथवा जनो-मल्लक्षणस्तस्य भवः-जन्म स एवोदधिः-समुद्रस्तस्य शोषणे-स्थलकरणे आयो-लाभो यस्य स तस्य संबोधने इति । वियोगिना-मेकाऽपि घटिका कल्पान्तकालोपमा भवति, अतो भवोदधीत्युक्तं युक्तम् । हे नेमे ! तुभ्यं नमः- नमस्कारोऽस्तु । एतेन त्वं शिक्षायोग्यो न, अहं तु शिक्षाकथनेन थकिता इति अत्यन्ततिरस्कृत्यलङ्कारोऽयम्, यदुक्तं नैषधे—

"मुखरय स्वयशोनवडिण्डिमं
　जलनिधेः कुलमुज्ज्वलयाधुना ।
अपि गृहाण वधूवधपौरुषं
　हरिणलाञ्छन ! मुञ्च कदर्थनाम् ॥ १ ॥"

इति ॥ २६ ॥

---

१ 'रैवतके' इत्यधिक ख-पाठः ।

अन्वयः

(हे) प्रभो ! पूर्वं (भवान्) प्रबल-पूरित-पाञ्चजन्यः, (ततः) के प्रेङ्खित-'अच्युत'-भुजः, के अस्य दारैः हासितः, परिणये मौनं श्रितः, अधुना एवं विमुखः (अभवत्), (तस्मात्) जन-भव-उदधि-शोषण-आय ! तुभ्यं नमः ।

શબ્દાર્થ

पूर्वं=પહેલાં.
प्रभो !(मू० प्रभु)=હે નાથ !
प्रबल=ઉત્કૃષ્ટ શૌર્ય.
पूरित (धा० पूर्)=પૂરેલ.
पाञ्चजन्य=પાંચજન્ય (નામનો શંખ).
प्रबलपूरितपाञ्चजन्यः=પ્રકૃષ્ટ પરાક્રમ વડે પૂર્યો છે પાંચજન્ય જેણે એવા.
के (मू० क)=(१)પ્રકાશમાં; (२) જલમાં.
प्रेङ्खित (धा० इङ्ख्)=હલાવેલ.
अच्युत=અચ્યુત, કૃષ્ણ.
भुज=હસ્ત, હાથ.
प्रेङ्खिताच्युतभुजः=વાળ્યો છે કૃષ્ણનો હાથ જેણે તે.
हसितः (मू० हसित)=હસી કાઢેલ.
पद्माकरेषु (मू० पद्माकर)=તળાવોને વિષે, સરોવરોને વિષે.
जलजानि (मू० जलज)=કમળો.
विकाशभाञ्जि (मू० विकाशभाज्)=વિકાસને ભજનારા, વિકસ્વર.

શ્લોકાર્થ

કેવલજ્ઞાનનો મહિમા—

હે જિનેશ્વર! જ્યારે તને કેવલ એ નામનું જ્ઞાન (કેવલ-જ્ઞાન) ઉત્પન્ન થયું, ત્યારે (સ્વર્ગ, મર્ત્ય પાતાળ એ ત્રણે) લોકને વિષે (ભવ્ય પ્રાણીઓનાં) કોમળ ચિત્તો અત્યંત આનંદ પામ્યાં; (કેમકે) જ્યારે સૂર્યનો ઉદય થાય છે, ત્યારે શું (કમલના સમૂહવાળાં) સરોવરોને વિષે કમલો વિકસ્વર નથી થતાં?"—૯

સ્પષ્ટીકરણ

કલ્યાણક-વિચાર—

દરેક તીર્થંકરના (૧) ચ્યવન, (૨) જન્મ, (૩) દીક્ષા–ગ્રહણ, (૪) કેવલજ્ઞાનની પ્રાપ્તિ અને (૫) નિર્વાણ એ પાંચ સમયે અર્થાત્ એ પાંચે કલ્યાણકો વખતે કેટલીક અલૌકિક ઘટનાઓ બને છે. જેમકે એક તો આ વાતની ખબર ઇન્દ્રો પોતાનાં આસનો કમ્પવાથી જાણે છે. વળી આ પાંચે કલ્યાણકોને વિષે સર્વ જીવોને થોડીક વારને સારૂ શાન્તિ મળે છે, તેમજ તેમને હર્ષ પણ થાય છે. વિશેષમાં નરક જેવા સ્થાનમાં પણ પ્રદ્યોત અને સાતા (સુખ) થઇ રહે છે.

પ્રસ્તુતમાં કેવલજ્ઞાનરૂપી સૂર્યનો ઉદય થવાથી ભવ્ય-કમલો ખીલી રહે છે. ઇન્દ્રો સમવસરણ (ધર્મ-દેશના-મણ્ડપ) ની રચના કરવા અને કેવલજ્ઞાનીની અમૃત દેશનાનું પાન કરવા અધીરા બની જાય છે.

* * * * *

सेवके उपकारविशेषमाह—

वादाय देव ! समियाय य 'इन्द्रभूतिः'
तस्मै प्रधानपदवीं प्रददे स्वकीयाम् ।
धन्यः स एव भुवि तस्य यशोऽपि लोके
भूत्याऽऽश्रितं य इह नाऽऽत्मसमं करोति ॥ १० ॥

टीका

हे देव ! य इन्द्रभूतिः–गौतमगोत्रीयो ब्राह्मणो वादाय–वादं कर्तुमनाः समियाय–समाजगाम, तस्मै स्वकीयां प्रधानपदवीं भवान् प्रददे। प्रददे इति प्रथमपुरुषैकवचनस्य क्रियाभिसंबन्धाद् भवानिति कर्तृपदं ग्राह्यम् । तस्मै इन्द्रभूतये दानपात्रे चतुर्थी। उक्तमर्थं द्रढयति—भुवि–पृथिव्यां स एव धन्यो लोकेऽपि तस्य यशः–तस्य कीर्तिः। तस्येति कस्य? यो ना–यः पुमान् आश्रितं–सेवार्थमागतं पुरुषं भूत्या–ऋद्धया कृत्वा आत्मसमं–आत्मना तुल्यं करोति, स एव ना । नृशब्दस्य प्रथमैकवचनम् । स एव नरो धन्य इत्यर्थः ॥ १० ॥

अन्वयः

(हे) देव ! यः 'इन्द्रभूतिः' वादाय समियाय, तस्मै (भवान्) स्वकीयां प्रधान-पदवीं प्रददे। यः ना इह आश्रितं भूत्या आत्मन्-समं करोति, सः एव भुवि धन्यः, तस्य यशः अपि लोके ।

શબ્દાર્થ

वादाय (मू० वाद)=વાદાર્થે.
देव ! (देव)=હે ઈશ્વર !
समियाय (धा० इ)=આવ્યો.
यः (मू० यद्)=જે.
इन्द्रभूतिः (मू० इन्द्रभूति)=ઇન્દ્રભૂતિ, વીર પ્રભુના પ્રથમ ગણધર.
तस्मै (मू० तद्)=તેને.
प्रधान=ઉત્તમ, મુખ્ય.

---

૧ આ સંબંધમાં જુઓ સ્તુતિ-ચતુર્વિંશતિકા (પૃ૦ ૩૦–૩૩).

भगवतो ज्ञानोत्पत्तिविशेषमाह—

ज्ञाने जिनेन्द्र ! तव केवलनाम्नि जाते
लोकेषु कोमलमनांसि भृशं जहर्षुः ।
प्रद्योतने समुदिते हि भवन्ति किं नो
पद्माकरेषु जलजानि विकाशभाञ्जि ? ॥ ९ ॥

टीका

हे जिनेन्द्र ! तव केवलनाम्नि ज्ञाने जाते—उत्पन्ने सति लोकेषु—स्वर्ग-मर्त्य-पातालेषु कोमलमनांसि लक्षणया भव्यजनानां मनांसि भृशं—अत्यर्थं जहर्षुः—हर्षं प्रापुः । हीति उक्तमर्थं द्रढयति—प्रद्योतने—श्रीसूर्ये समुदिते—उद्गते सति पद्माकरेषु—तडागेषु जलजानि—कमलानि विकाशभाञ्जि—विकस्वराणि किं नो भवन्ति ? भवन्त्येव । " प्रद्योतनस्तपनः " (का० २, श्लो० ९) इति हैमः ॥ ९ ॥

अन्वयः

(हे) जिन-इन्द्र ! तव केवल-नाम्नि ज्ञाने जाते लोकेषु कोमल-मनांसि भृशं जहर्षुः; हि प्रद्योतने समुदिते किं पद्म-आकरेषु जलजानि विकाशभाञ्जि नो भवन्ति ? ।

શબ્દાર્થ

ज्ञाने (मू० ज्ञान)=જ્ઞાન, બોધ.
जिनेन्द्र !(मू० जिनेन्द्र)=હે જિનેશ્વર, હે જિનવર!
तव (मू० युष्मद्)=તારે વિષે.
केवल=કેવલ-જ્ઞાન, સર્વજ્ઞતા.
केवलनाम्नि=કેવલ એ છે નામ જેનું એવા.
जाते (मू० जात)=ઉત્પન્ન થયે.
लोकेषु=(ત્રણ) લોકને વિષે.
कोमल=નરમ.
मनस्=ચિત્ત.
कोमलमनांसि=નરમ ચિત્તો.
भृशं=અત્યન્ત.
जहर्षुः (धा० हृष्)=આનંદ પામતા હવા.
प्रद्योतने (मू० प्रद्योतन)=સૂર્ય.
समुदिते (मू० समुदित)=ઉગ્યે.
हि=કારણ કે.
भवन्ति (धा० भू)=થાય છે.
किं=શું.
नो=નહિ.
पद्माकरेषु (मू० पद्माकर)=તળાવોને વિષે, સરોવરોને વિષે.
जलजानि (मू० जलज)=કમળો.
विकाशभाञ्जि (मू० विकाशभाज्)=વિકાસને ભજનારા, વિકસ્વર.

શ્લોકાર્થ

પ્રભુના કેવલજ્ઞાનનો મહિમા—

"હે જિનેશ્વર! જ્યારે તને કેવલ એ નામનું જ્ઞાન (કેવલ-જ્ઞાન) ઉત્પન્ન થયું, ત્યારે (સ્વર્ગ, મર્ત્ય અને પાતાળ એ ત્રણે) લોકને વિષે (ભવ્ય પ્રાણીઓનાં) કોમળ ચિત્તો અત્યંત આનંદ પામ્યાં; કેમકે જ્યારે સૂર્યનો ઉદય થાય છે, ત્યારે શું (કમલના સમૂહવાળાં) સરોવરોને વિષે કમલો વિકસ્વર બનતાં નથી કે ?"—૯

સ્પષ્ટીકરણ

કલ્યાણક-વિચાર—

દરેક તીર્થંકરના (૧) ચ્યવન, (૨) જન્મ, (૩) દીક્ષા–ગ્રહણ, (૪) કેવલજ્ઞાનની પ્રાપ્તિ અને (૫) નિર્વાણ એ પાંચ સમયે અર્થાત્ એ પાંચે કલ્યાણકો વખતે કેટલીક અલૌકિક ઘટનાઓ બને છે. જેમકે એક તો આ વાતની ખબર ઇન્દ્રો પોતાનાં આસનો કમ્પવાથી જાણે છે. વળી આ પાંચે કલ્યાણકોને વિષે સર્વ જીવોને થોડીક વારને સારૂ શાન્તિ મળે છે, તેમજ તેમને હર્ષ પણ થાય છે. વિશેષમાં નરક જેવાં સ્થાનમાં પણ પ્રદ્યોત અને સાતા (સુખ) થઇ રહે છે.

પ્રસ્તુતમાં કેવલજ્ઞાનરૂપી સૂર્યનો ઉદય થવાથી ભવ્ય-કમલો ખીલી રહે છે. ઇન્દ્રો સમવસરણ (ધર્મ-દેશના-મણ્ડપ) ની રચના કરવા અને કેવલજ્ઞાનીની અમૃત દેશનાનું પાન કરવા અધીરા બની જાય છે.

* * * * *

सेवके उपकारविशेषमाह—

वादाय देव ! समियाय य 'इन्द्रभूतिः'
तस्मै प्रधानपदवीं प्रददे स्वकीयाम् ।
धन्यः स एव भुवि तस्य यशोऽपि लोके
भूत्याऽऽश्रितं य इह नाऽऽत्मसमं करोति ॥ १० ॥

टीका

हे देव ! य इन्द्रभूतिः–गौतमगोत्रीयो ब्राह्मणो वादाय–वादं कर्तुमनाः समियाय–समाजगाम, तस्मै स्वकीयां प्रधानपदवीं भवान् प्रददे । प्रददे इति प्रथमपुरुषैकवचनस्य क्रियाभिसंबन्धाद् भवानिति कर्तृपदं ग्राह्यम् । तस्मै इन्द्रभूतये दानपात्रे चतुर्थी । उक्तमर्थं द्रढयति—भुवि–पृथिव्यां स एव धन्यो लोकेऽपि तस्य यशः–तस्य कीर्तिः । तस्येति कस्य ? यो ना–यः पुमान् आश्रितं–सेवार्थमागतं पुरुषं भूत्या–ऋद्धया कृत्वा आत्मसमं–आत्मना तुल्यं करोति, स एव ना । नृशब्दस्य प्रथमैकवचनम् । स एव नरो धन्य इत्यर्थः ॥ १० ॥

अन्वयः

(हे) देव ! यः 'इन्द्रभूतिः' वादाय समियाय, तस्मै (भवान्) स्वकीयां प्रधान-पदवीं प्रददे; यः ना इह आश्रितं भूत्या आत्मन्-समं करोति, सः एव भुवि धन्यः, तस्य यशः अपि लोके ।

શબ્દાર્થ

वादाय (मू० वाद)=વાદાર્થે.
देव ! (देव)=હે ઈશ્વર !
समियाय (धा० इ)=આવ્યો.
यः (मू० यद्)=જે.
इन्द्रभूतिः (मू० इन्द्रभूति)=ઇન્દ્રભૂતિ, વીર પ્રભુના પ્રથમ ગણધર.
तस्मै (मू० तद्)=તેને.
प्रधान=ઉત્તમ, મુખ્ય.

---

૧ આ સંબંધમાં જુઓ સ્તુતિ-ચતુર્વિંશતિકા (પૃ૦ ૩૦–૩૩).

पदवी=હોદ્દો, પદ.
प्रधानपदवीं=મુખ્ય પદ.
प्रददे (धा० दा)=આપ્યું.
स्वकीयां (मू० स्वकीया)=નિજ, પોતાનું.
धन्यः (मू० धन्य)=ધન્ય, પ્રશંસનીય.
सः (मू० तद्)=તે.
एव=જ.
भुवि (मू० भू)=પૃથ્વીને વિષે.
तस्य (मू० तद्)=તેની.
यशः (मू० यशस्)=કીર્તિ.
अपि=પણ.
लोके (मू० लोक)=જગતને વિષે.
भूत्या (मू० भूति)=ઋદ્ધિ વડે.
आश्रितं (मू० आश्रित)=આશ્રય લીધેલાને, શરણે આવેલાને.
इह=આ જગતમાં.
ना (मू० नृ)=મનુષ્ય
आत्मन्=આત્મા.
सम=સમાન, તુલ્ય.
आत्मसमं=પોતાના સમાન.
करोति (धा० कृ)=કરે છે.

શ્લોકાર્થ

પ્રભુનો સેવક પ્રતિ અનુપમ ઉપકાર—

" હે દેવાધિદેવ ! જે ઇન્દ્રભૂતિ (આપની સાથે) વાદ કરવાને આવ્યા, તેને આપે સ્વકીય ઉત્તમ પદ (ગણધર-પદ) અર્પણ કર્યું. આ કૃત્ય યોગ્યજ છે, કેમકે જે મનુષ્ય પોતાનો આશ્રય લીધેલા (સેવક)ને આ જગતમાં ઋદ્ધિ વડે પોતાના સમાન કરે છે, તેજ ખરેખર પૃથ્વી ઉપર પ્રશંસનીય છે અને જગતમાં તેનીજ કીર્તિ (ધન્યવાદને પાત્ર) છે."—૧૦

સ્પષ્ટીકરણ

અર્થ-વિચાર—

'[illegible]' નું 'न+आत्मसमं' એમ પદચ્છેદ કરવાથી બીજો અર્થ સ્ફુરે છે અને તે એ છે કે જે (સ્વામી) પોતાના સેવકને સંપત્તિએ કરીને પોતાના સમાન કરતો નથી, તેને પૃથ્વી ઉપર [illegible] છે, તેમજ તેની કીર્તિ પણ તેને મુબારકજ છે ! ! ! આ 'વક્રોક્તિ' છે, અર્થાત્ કટા- [illegible] છે. કહેવાની મતલબ એ છે કે જે સ્વામીની સાચા દિલથી સેવા કરવા છતાં પણ [illegible], તે સ્વામી [illegible] તેની કીર્તિ તેનેજ મુબારક હોજો.

[illegible] !—

[illegible] આ નિમ્ન-લિખિત શ્લોકઃ—

" उपकारिषु यः साधुः, साधुत्वे तस्य को गुणः ? ।
अपकारिषु यः साधुः, स साधुः सद्भिरुच्यते ॥ "

[illegible] જે સાધુ હોય, તેના સાધુત્વમાં શું ગુણ છે ? [illegible] સાધુ એમ [illegible] કહે છે. આ વાતની [illegible] 'વિનયવિજય [illegible] છે, કેમકે ઉપાધ્યાયશ્રી [illegible] કહ્યું છે કે—

[illegible]

श्रीसर्वज्ञाय नमः

આમુખ



શ્રીમદ્ માનતુંગ સૂરિએ ચમત્કારિક શ્રીભક્તામરસ્તોત્ર રચ્યુ છે. આ સ્તોત્ર શ્વેતાંબર અને દિગંબર બન્ને સંપ્રદાયને અતિમાન્ય હોવાથી તેના ઉપર જેટલી ટીકાઓ ઉપલબ્ધ થાય છે, તેટલી બીજાં સ્તોત્રો ઉપર જોવામાં આવતી નથી તેમજ એની પાદપૂર્ત્તિરૂપ કાવ્યો જેટલાં દૃગ્ગોચર થાય છે તેટલાં બીજાં સ્તોત્રોના સમસ્યારૂપ કાવ્યો જોવામાં આવતાં નથી. આ ઉપરાંત આ કાવ્યની વિશેષ ખૂબી તો એ છે કે આના દરેક શ્લોકને લગતાં જૂદાં જૂદાં યન્ત્રો અને મન્ત્રો પણ ઉપલબ્ધ છે.

જૈનોના મોટા ભાગનું મન્તવ્ય એવું છે કે—"ભક્તામરના અંત સિવાયના ચરણો ઉપર પણ સમસ્યારૂપ કાવ્યો રચાયેલાં છે." પરંતુ અમારી પૂરતી તપાસમાં અમને આવાં કાવ્યો પ્રાપ્ત થયાં નથી, પણ માત્ર અંતિમ ચરણની પાદપૂર્ત્તિરૂપ છ કાવ્યો ઉપલબ્ધ થયાં છે (એની વિશેષ વિગત માટે ૨૭ મું પૃષ્ઠ જુઓ) જેમાંથી આ ગ્રંથમાં ઉપાધ્યાય શ્રીધર્મવર્ધનગણિવિરચિત **વીરભક્તામર** તથા શ્રીભાવપ્રભસૂરિકૃત **નેમિભક્તામર** એમ બે સમસ્યા-કાવ્યો તેમજ પરિશિષ્ટમાં મૂલ **ભક્તામર** અને અનુવાદસહિત **ગિરનારકલ્પ** પાઠકવર્ગ સમક્ષ રજુ કરતાં અમોને પરમ આહ્લાદ થાય છે.

આના બીજા વિભાગમાં શ્રીધર્મસિંહસૂરિરચિત **સરસ્વતીભક્તામર** અને મુનિવર્ય શ્રીકીર્તિવિમળકૃત **શાન્તિભક્તામર** છપાવવા શરૂ થયેલાં છે, જ્યારે ત્રીજા વિભાગમાં ઉપાધ્યાય **શ્રીસમયસુન્દરગણિકૃત ઋષભભક્તામર** અને મુનિરાજ **શ્રીરત્નસિંહકૃત નેમિભક્તામર** (**પ્રાણપ્રિય** કાવ્ય) પ્રસિદ્ધ કરવાનો પ્રબન્ધ આદરવામાં આવ્યો છે.

આ પ્રથમ વિભાગમાં પ્રસિદ્ધ કરેલા સટીક કાવ્યો અગાઉ **શ્રીયશોવિજયજી જૈન પાઠશાળા** (મહેસાણા) તરફથી બહાર પડ્યાં હતાં જેનો ઉપયોગ કરવાની શેઠ **વેણીચંદ સુરચંદ**, સેક્રેટરી **શ્રીયશોવિજયજી** જૈન પાઠશાળાએ અમને રજા આપી હતી. એ ઉપરથી અમે **વીરભક્તામર** બીજી હસ્ત-લિખિત પ્રતિના અભાવે તૈયાર કરાવ્યું છે અને તે માટે અમે એ સંસ્થાના ઋણી છિયે.

નેમિભક્તામરની હસ્ત-લિખિત પ્રતિ અમોને મુનિરાજ **હંસવિજયજી** તરફથી મળી હતી જે બદલ એઓશ્રીના પણ અમે ઋણી છિયે.

આ અમૂલ્ય ગ્રંથનું સંશોધનાદિક કાર્ય **સુરતવાસ્તવ્ય**, પરમ જૈનધર્માવલંબી તેમજ શ્રીમદ્ **વિજયાનન્દસૂરીશ્વર** (**આત્મારામજી** મહારાજ) અને મુનિરાજ શ્રીહર્ષવિજયને ગુરૂ તરીકે પૂજનારા અને તેઓશ્રીના પાદસેવનથી જૈનધર્મના તીવ્ર અનુરાગી સ્વર્ગસ્થ રા. **રસિકદાસ વરજદાસ કાપડિયાના** જ્યેષ્ઠ પુત્ર પ્રોફેસર **હીરાલાલ રસિકદાસ** એમ. એ. દ્વારા કરાવવામાં આવ્યું છે. એઓએ પ્રસ્તાવના અને ઉપોદ્ઘાતમાં કર્ત્તાઓના જીવન તથા અન્ય સહાયકો વગેરેના સંબંધમાં સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે એટલે તત્સંબંધે અત્રે લખવું અમે ઉચિત ધારતા નથી.

"સજ્જન જે ભુંડું કરતા રૂડું કરે રે,
તેહના જગમાં રહેશે નામ પ્રકાશ રે;
આંબો પત્થર મારે તેહને ફલ દીયેરે,
ચંદન આપે કાપે તેહુને વાસરે—સાંભળજો હવે કર્મવિપાક કહે મુનિ રે."

આ ઉપરથી જોઇ શકાય છે કે પોતાની સાથે બાથ ભીડવાને તૈયાર થયેલા એવા ઇન્દ્રભૂતિને પણ જે **વીર** પરમાત્માએ ઉત્તમ પદ આપી પોતાના સમાન બનાવ્યા તેમને ખરેખર ધન્યવાદ ઘટે છે, તેમજ સજ્જન કે સાધુ કહો તો તે પણ તેવાજ પુરૂષો છે.

આ ઉપરથી સાર એ નીકળે છે કે ખરેખરા સજ્જનની સજ્જનતા નિરપેક્ષ હોય છે, અર્થાત્ એવા સજ્જનો સજ્જનતાની ખાતરજ—પોતાના સ્વભાવાનુસારજ સજ્જનતા દાખવે છે. શું પુષ્પોને કોઇએ વિજ્ઞપ્તિ કરી છે કે તમારે અમને સુવાસ આપવી? શું વનદેવીએ કોઇ દિવસ કોઇની સાથે પણ વસન્તને સંદેશો કહાવ્યો છે કે તારે આવીને મારી શોભામાં વધારો કરવો? શું કોઇ ચક્રવાકે સૂર્યને પ્રાર્થના કરી છે કે તારે પૃથ્વી અને નભોમંડલને પ્રકાશિત કરવાં, શત્રુરૂપ અંધકારને દૂર કરવો અને ચક્રવાક અને ચક્રવાકીનો સંયોગ કરાવવો? શું મેઘને ચાતક કે પર્વતે કદી વિનવ્યો છે કે તારે તાપનો વિનાશ કરનારી જલ-વૃષ્ટિ કરવી, ચાતકોને જીવાડવા અને તેમના નાદ દ્વારા વૈડૂર્ય રત્નનો પ્રાદુર્ભાવ કરવો? શું ચન્દ્રને કદી પણ કુમુદે કે ચકોરે વિનતિ કરી સાંભળી છે કે તારે અમને આનન્દ આપવો? શું ચન્દ્રિકા અને પૃથ્વી સગોત્રીય છે કે જેથી કરીને તે પૃથ્વીને સુધાના સમાન ધવલ બનાવે છે?[1]

---

૧ સરખાવો શ્રીદેવવિમલગણિકૃત હીરસૌભાગ્યનાં નિમ્ન-લિખિત પદ્યો.

" अपेक्षां च न क्वापि कुर्वन्ति सन्तः
स्वभावेन किं तूपकुर्वन्ति सर्वान् ।
किमभ्यार्थितानि प्रसूनानि कैश्चिज्-
जनान् सौरभैः स्वैर्यदामोदयन्ति ॥—भुजङ्गप्रयातम् (६,६)
कदाचिद् वसन्तस्य सन्देशवाचो-
ऽपि च प्रेषिताः क्वापि किं कुञ्जलक्ष्म्या ।
मृगाक्षीमिवोत्कण्ठकां मञ्जरीभि-
प्रसूनैरयं हासयामास यत् ताम् ॥—भुजङ्ग०
किमभ्यर्थ्यते केनचिच्चण्डरोचि-
र्यदुर्वीदिवौ भासयत्येष यद् वा ।
विपक्षानिवोद्वासयत्यन्धकारान्
पुनर्योजयत्यब्जनाभी रथाङ्गान् ॥—भुजङ्ग०
अयाच्यन्त कि वाऽम्बुदाः केनचित् किं
यदुर्वीधराणां व्यपोहन्ति तापम् ।
जलैर्जीवयन्तीह चप्पीहपालान्
स्वनादेश्च वैदू(डू)र्यमुद्भावयन्ति ॥—भुजङ्ग०
उपाकारि किं कैरवैर्वा चकोरै-
र्यदेतान् हितांशु प्रीणत्येष किं वा ।
सगोत्रा :पुनश्चन्द्रिकाः किं धरित्र्या
शुचीकुर्वते ता यदेता· सुधावत् ॥—भुजङ्ग०
—૧૧ મો સર્ગ, શ્લો૦ ६२-६६

ઇન્દ્રભૂતિ-વિચાર—

મગધ દેશમાંની **રાજગૃહી** નગરીના સ્વામી શ્રીશ્રેણિકના ' ગોર્વર ' (ગુબ્બર) ગામમાં **વસુભુતિ** નામનો વિપ્ર વસતો હતો. તેને **પૃથ્વી** નામની સ્ત્રીથી **ઇન્દ્રભૂતિ**, **અગ્નિભૂતિ** અને **વાયુભૂતિ** એ નામનાં ત્રણ પુત્ર-રત્નો ઉત્પન્ન થયાં હતાં. એ બ્રાહ્મણનું **ગૌતમ** ગોત્ર હોવાને લીધે ઇન્દ્રભૂતિનો એ નામથી વ્યવહાર કરવામાં આવે છે; અર્થાત્ તેને **ગૌતમ**(**ગોતમ**)સ્વામી તરીકે ઓળખાવવામાં આવે છે. આ **ગૌતમ** સ્વામી અર્થાત્ **ઇન્દ્રભૂતિ** ચૌદ[1] વિદ્યાના પારગામી બન્યા હતા, તેમણે ચારે[2] વેદોનું સારી રીતે અધ્યયન કર્યું હતું અને તેઓ પોતાને ' સર્વજ્ઞ ' તરીકે ઓળખાવતા હતા.

એક વખત **પાવાપુરી**ની સમીપમાં **મહસેન** વનમાં રહેતા **સોમિલ** નામના વિપ્રને ત્યાં **અગ્નિભૂતિ** પ્રમુખ દશે બ્રાહ્મણો સહિત **ઇન્દ્રભૂતિ** યજ્ઞને માટે ગયા. ત્યાં તેઓ યજ્ઞ કરતા હતા, એવામાં તેમણે આકાશમાં ઉદ્યોત જોયો અને તદનંતર દેવોને મર્ત્ય-લોક ઉપર ઉતરી આવતા જોયા. આથી તેમણે એમ માન્યું કે આ મારા યજ્ઞનો પ્રભાવ છે અને દેવો મને અભિનંદન આપવાને આવે છે. પરંતુ જ્યારે તે દેવો ત્યાં નહિ આવતાં **પાવાપુરી**માં દેવોએ રચેલા **વીર** પ્રભુના સમવસરણ તરફ ગયા, ત્યારે તેમને આશ્ચર્યનો પાર ન રહ્યો (આથી સાબીત થાય છે કે તેઓ સર્વજ્ઞ હતા નહિ. [illegible] એ અજ્ઞાનજનક ચેષ્ટા છે). વિશેષમાં લોકોને મુખેથી અત્ર સમીપમાં **વીર** [illegible] સમવસર્યા છે અને તેઓ સર્વજ્ઞ છે એમ સાંભળતાં તો તેમને અતિશય સામર્ષ ગર્વ [illegible] વિચારવા લાગ્યા કે ખરેખર અત્ર કોઇ ધુતારો આવ્યો લાગે છે અને તેને [illegible] એમ મને છે. આમ વિચારી પ્રભુનું માન મોડવાને તેઓ તૈયાર થયા [illegible] તરફ પ્રયાણ કર્યું. પરંતુ સમવસરણની સમીપ આવતાં, તેમજ દેવ-કૃત [illegible] અને વિશેષતઃ **વીર** પ્રભુના મુખારવિંદ તરફ નજર પડતાં તો તેઓ [illegible] મધુરતામાં પ્રભુ **વીર** ભગવાને તેમને તેમના નામથી બોલાવ્યા. [illegible] સંદેહનું નિરાકરણ પણ કર્યું.' આથી કરીને **ઇન્દ્રભૂતિ**નો મગન [illegible] ચરણમાં પ્રણામ કરી પોતાને તેમના સેવક તરીકે સ્વીકા[illegible] [illegible] પ્રભુએ તેમને દીક્ષા આપી એટલુંજ નહિ, પરંતુ પ્રથમ [illegible] પોતાનું અનુપમ ઉપકારિત્વ સિદ્ધ થયું ન હોય, તેમ

[illegible]

પોતે એક પૌરૂષી[1] પર્યંત દેશના આપ્યા બાદ તરતજ તરતના જૈનેતર દીક્ષિત ઇન્દ્રભૂતિને એજ સમવસરણમાં પાદ-પીઠ ઉપર બેસીને વ્યાખ્યાન આપવાનો પણ અધિકાર આપ્યો. આ તેમની સજ્જનતા સૂચવે છે. આમાં પણ હજી જાણે કંઇ ન્યૂનતા રહી નહિ ગઇ હોય કે શું કે જેથી કરીને ગૌતમસ્વામીને પોતાના નિર્વાણ-સમયે પોતાનાથી દૂર કાઢયા. પોતાનામાં ઇન્દ્રભૂતિને 'મારાજ વીર' એવી જે મમતા હતી તે દૂર કરવાને અને તેમ થતાં તેમને સર્વજ્ઞ-પદથી અલંકૃત કરવાને માટે તેમણે આમ કર્યું. આમ બાબત હોવાને લીધે, પોતાના સેવકને પોતાની તુલ્ય બનાવવાની—નહિ કે પોતે સ્વામી તરીકે રહેવાની અને સેવકને સેવક રાખી મૂકવાની—એવી અનુપમ ભાવનાની **વીર** ભગવાન્ કરતાં વધારે આબેહુબ મૂર્તિ અન્યત્ર મળે ખરી કે ? ખરેખર મહાપુરૂષનો ઉપકાર પણ મહાન્જ હોય છે.[2]

સર્વજ્ઞ-પદથી ખરેખરા શોભતા એવા ઇન્દ્રભૂતિ વીર-નિર્વાણ બાદ ૧૨ વર્ષે મોક્ષે સિધાવ્યા. આ દ્વિતીય[3] મંગલરૂપ ઇન્દ્રભૂતિને મારા વારંવાર પ્રણામ હોજો એટલુંજ કહી અત્ર વિરમવામાં આવે તે પૂર્વે નિમ્નલિખિત 'ગૌતમાષ્ટક' તરફ દૃષ્ટિપાત કરવો અનાવશ્યક નહિ ગણાય.[4]

श्रीदेवानन्दसूरिकृतं गौतमाष्टकम्

" श्रीइन्द्रभूतिं वसुभूतिपुत्रं
　　पृथ्वीभवं गौतमगोत्ररत्नम् ।
स्तुवन्ति देवासुरमानवेन्द्राः
　　स गौतमो यच्छतु वाञ्छितं मे ॥ १ ॥—उपजातिः

श्रीवर्द्धमानात् त्रिपदीमवाप्य
　　मुहूर्त्तमात्रेण कृतानि येन ।
अङ्गानि पूर्वाणि चतुर्दशापि
　　स गौतमो यच्छतु वाञ्छितं मे ॥ २ ॥—उप०

श्रीवीरनाथेन पुरा प्रणीतं
　　मन्त्रं महानन्दसुखाय यस्य ।
ध्यायन्त्यमी सूरिवराः समग्राः
　　स गौतमो यच्छतु वाञ्छितं मे ॥ ३ ॥—उप०

---

૧ 'પૌરૂષી' એટલે પ્રહર અર્થાત્ ત્રણ કલાક.

૨ કેટલાક દર્શનકારોએ ઇશ્વિરને નિત્ય-મુક્ત માન્યો છે, તેમજ તેના સમાન તો તેના સેવકો નજ થઇ શકે એવું જે ઇશ્વિરનું સ્વરૂપ આલેખ્યુ છે, તે વિચારણીય છે.

૩ બધાં મળીને મંગલો ચાર છે—(૧) વીર ભગવાન્, (૨) ગૌતમ સ્વામી, (૩) સ્થૂલિભદ્ર આદિ મુનિરાજ અને (૪) જૈન ધર્મ યાને સ્યાદ્વાદ દર્શન. કહ્યું પણ છે કે—

"मंगलं भगवान् 'वीरो', मंगलं 'गौतम'प्रभु. ।
मंगलं 'स्थूलिभद्रा'द्या, जैनधर्मोऽस्तु मंगलम् ॥"

૪ ગૌતમસ્વામીને લગતી હકીકત શ્રીજિનપ્રભસૂરિકૃત ગૌતમ-સ્તોત્રમાંથી તેમજ આવશ્યક, વિશેષાવશ્યક, ઉત્તરાધ્યયન, ભગવતી ઇત્યાદિ આગમોમાંથી પણ મળી શકે છે.

यस्याभिधानं मुनयोऽपि सर्वे
गृह्णन्ति भिक्षाभ्रमणस्य काले ।
मिष्टान्न-पाना-ऽम्बरपूर्णकामाः
स गौतमो यच्छतु वाञ्छितं मे ॥ ४ ॥—उप०

अष्टापदाद्रौ गगने स्वशक्त्या
ययौ जिनानां परवन्दनाय ।
निशम्य तीर्थातिशयं सुरेभ्यः
स गौतमो यच्छतु वाञ्छितं मे ॥ ५ ॥—उप०

त्रिपञ्चसङ्ख्याशततापसानां
तपःकृशानामपुनर्भवाय ।
अक्षीणलब्ध्या परमान्नदाता
स गौतमो यच्छतु वाञ्छितं मे ॥ ६ ॥—उप०

सदक्षिणं भोजनमेव देयं
साधर्मिकं(के) सङ्घसपर्ययेव ।
कैवल्यवस्त्रं प्रददौ मुनीनां
स गौतमो यच्छतु वाञ्छितं मे ॥ ७ ॥—उप०

शिवं गते भर्तरि वीरनाथे
युगप्रधानत्वमिहैव मत्वा ।
पट्टाभिषेको विदधे सुरेन्द्रैः
स गौतमो यच्छतु वाञ्छितं मे ॥ ८ ॥—उप०

श्रीगौतमस्याष्टकमादरेण
प्रबोधकाले मुनिपुङ्गवा ये ।
पठन्ति ते सूरिपदं च देवा–
नन्दं लभन्ते नितरां क्रमेण ॥ ९ ॥—उप०

અર્થાત્—"વસુભૂતિના નન્દન, (તેની પત્ની) પૃથ્વીના[1] સુત, અને ગૌતમ ગોત્રને વિષે

---

[1] 'પૃથ્વીના સુત'નો બીજો અર્થ 'મંગલ' થાય છે, એ વાત ધ્યાનમાં લઇને તો શ્રીદેવવિમલગણિએ હીરસૌભાગ્યમાં ચતુર્થ સર્ગમાં સાતમા અને આઠમા પદ્યો દ્વારા નીચે મુજબ ઉદ્ગાર કાઢ્યા છેઃ—

"बभूव मुख्यो वसुभूतिसूनु–
स्तेषां गणीनामिह गौतमाह्वः ।
यो वक्रभावं न बभार पृथ्वी–
सुतोऽपि नो विष्णुपदावलम्बी ॥"—ઉપજાતિ

અર્થાત્ જેઓ પૃથ્વી-સુત હોઇ કરીને પણ વક્રતા ધારણ કરી નહિ તેમજ નારાયણના ચરણનો આશ્રય લીધો તે ગૌતમ નામના વસુભૂતિના પુત્ર તે ગણધરોમાં મુખ્ય બન્યા (મંગલ એ પૃથ્વી-સુત છે અને એ વક્રી થનાર છે તેમજ તે ગ્રહ હોવાથી આકાશનો આશ્રય લે છે એ જાણીતી વાત છે).

રત્નસમાન એવા જે શ્રીઇન્દ્રભૂતિની દેવેન્દ્રો, દાનવેન્દ્રો અને નરેન્દ્રો સ્તુતિ કરે છે, તે **ગૌતમ** (સ્વામી) મને વાંછિત અર્પો."—૧

"શ્રીવર્દ્ધમાન (જિનેશ્વર)ની પાસેથી (ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યરૂપી) ત્રિપદી પ્રાપ્ત કરીને જેણે મુહૂર્તમાત્રમાં (બાર) અંગો તેમજ ચૌદ પૂર્વો રચ્યાં, તે **ગૌતમ** (પ્રભુ) મને અભીષ્ટ અર્પણ કરો."—૨

"મોક્ષના સુખને માટે શ્રી**વીર** ભગવાને જે **ગૌતમ**સ્વામી (ના નામવાળો) મંત્ર કહ્યો હતો અને જે મંત્રનું ધ્યાન સમગ્ર સૂરીશ્વરો કરે છે, તે **ગૌતમ** (સ્વામી) મને વાંછિત સમર્પો."—૩

"સર્વે મુનિઓ પણ ભિક્ષા-ભ્રમણના સમયે જેનું નામ લે છે અને તેમ કરી મિષ્ટ અન્ન, પાન અને વસ્ત્રથી પૂર્ણ ઇચ્છાવાળા થાય છે, તે **ગૌતમ** (પ્રભુ) મને અભીષ્ટ અર્પો."—૪

"સુરો પાસેથી (**અષ્ટાપદ**) તીર્થનો અતિશય શ્રવણ કરીને જે ગગનમાં ચાલવાની પોતાની શક્તિ વડે **અષ્ટાપદ** પર્વત ઉપર (ચોવીસ) જિનેન્દ્રોનાં ચરણના વન્દનાર્થે ગયા, તે **ગૌતમ** (મુનીશ્વર) મને મનોવાંછિત આપો."—૫

"તપશ્ચર્યા કરવા વડે કૃશ બનેલા એવા પંદરસેં (૧૫૦૦) તાપસોને મુક્તિને માટે જે-ઓ અક્ષીણ લબ્ધિ વડે તેમના પરમાન્ન (ક્ષીર)ના દાતા બન્યા, તે **ગૌતમ** (ગણધર) મને અભીષ્ટ સમર્પો."—૬

"સાધર્મિકોને દક્ષિણાની સાથેજ ભોજન દેવું ને સંઘની વાત્સલ્યતા પણ તેમજ થાય છે તેવી રીતે મુનિઓને જેણે સર્વજ્ઞતારૂપી વસ્ત્ર પણ પરમાન્નની સાથે અર્પણ કર્યું, તે **ગૌતમ** (યોગીશ્વર) મારા મનોરથ પૂરા પાડો."—૭

"પોતાના સ્વામી **વીર** પ્રભુ મોક્ષે ગયા એટલે યુગ-પ્રધાનપણું શ્રી**ગૌતમ** સ્વામીમાં છે એમ માનીને જેમનો દેવેન્દ્રોએ પટ્ટાભિષેક કર્યો, તે **ગૌતમ** (મુનિવર) મને મનોવાંછિત અર્પો."—૮

"જે મુનીશ્વરો જાગતાની સાથેજ આદરપૂર્વક (આ) શ્રી**ગૌતમાષ્ટક**નું પઠન કરે છે, તેઓ **સૂરિ-પદને** અને તદનંતર (દેવગતિના) આનન્દને પણ ખચ્ચિત પ્રાપ્ત કરે છે. (કર્તા શ્રીમાન્ **દેવાનન્દ** સૂરિજીએ પોતાનું નામ પણ આ અન્ત્ય પદમાં સૂચવ્યું છે.)"—૯

* * * * *

સાથે સાથે 'વિરોધાભાસ' નામના અલંકારથી વિભૂષિત આના પછીનુ નવમું પદ્ય પણ જોઇ લઇએ.

" यत्पाणिपद्मः सपुनर्भवोऽपि
दत्ते नतानामपुनर्भवं यत् ।
शिष्यीकृता येन भवं विहाय
शिवं श्रयन्ते च तदत्र चित्रम् ॥"

—ઉપજાતિ.

અર્થાત્ જેનું કર-કમલ પુનર્ભવ (નખ)થી યુક્ત હોઇ કરીને પણ પ્રણામ કરનારને અપુનર્ભવ (મોક્ષ) અર્પણ કરે છે તેમજ વળી જેણે શિષ્ય કરેલા જીવો ભવ (મહાદેવ)ને છોડીને શિવ (મહાદેવ)નો આશ્રય લે છે, તે અત્ર આશ્ચર્ય-જનક છે ('ભવ'નો અર્થ 'સંસાર' કરવાથી અને 'શિવ'નો અર્થ 'મોક્ષ' કરવાથી વિરોધાભાસનો પરિહાર થાય.)

भगवतो वचनमाधुर्यमाह—

गोक्षीरसत्सितसिताधिकमृ(मि)ष्टमिष्ट—
माकर्ण्य ते वच इहेप्सति नो परस्य ।
पीयूषकं शशिमयूखविभं विहाय
क्षारं जलं जलनिधे रसितुं क इच्छेत् ? ॥ ११ ॥

टीका

हे जिन ! ते–तव वचो–वचनमाकर्ण्य–श्रुत्वा परस्य–अन्यदेवस्य वचो जनो नो ईप्सति–नाभि[illegible] । [illegible] वचः ? गोक्षीरं–दुग्धं सती चासौ सितसिता–उज्ज्वला शर्करा ताभ्यां [illegible] विशेषेण मृ(मि)ष्टं–मधुरतरम् । पुनः (किंभूतं वचः ? इष्टं–वाञ्छितं) । [illegible] निर्मलं पीयूषकं–अमृतं विहाय–त्यक्त्वा [illegible] क्षारं जलं रसितुं–स्वादितुं क इच्छेत्–को वाञ्छेत् ? न कोऽपीत्यर्थः । [illegible] । यद्वा पीयूषतुल्यं कं–जलं अमृतजलं पीत्वा क्षारं जलं [illegible] (इति धातोः) तुम्प्रत्यये इडागमे च रसितुमिति सुपाठः । अशितुमिति [illegible] ॥ ११ ॥

अन्वयः

[illegible] इष्टं वचः आकर्ण्य परस्य (वचः) [illegible] पीयूषकं [पीयूष–कं वा] विहाय जल–निधेः क्षारं [illegible]

शब्दार्थ

ते (मू० युष्मद्) [illegible]
वचः [illegible]
[illegible]

विहाय (धा० हा)=મૂકી દઈને, ત્યજીને.
क्षारं (मू० क्षार)=ખારા.
जलं (मू० जल)=પાણીને.
जल=પાણી.
निधि=સમુદ્ર.
जलनिधेः (मू० जलनिधि)=સાગરનું.
रसितु (धा० रस्)=સ્વાદ લેવાને.
क (मू० किम्)=કોણ.
इच्छेत् (धा० इष्)=ઇચ્છા કરે.

શ્લોકાર્થ

પ્રભુની વાણીની મધુરતા—

"(હે જગન્નાથ !) ગાયના દૂધથી તેમજ ઉત્તમ અને ઉજ્જવલ એવી શર્કરાથી પણ વધારે નિર્મલ [અથવા મધુર] તથા પ્રિય એવું તારૂં વચન શ્રવણ કર્યા બાદ અન્યના વચનનું શ્રવણ કરવા (કોઇ પણ મનુષ્ય) અત્ર ઇચ્છતો નથી. (કેમકે) ચન્દ્રનાં કિરણોના જેવા (નિર્મલ) અમૃતને [અથવા અમૃત સમાન જલને] મૂકીને (લવણ) સમુદ્રના ખારા જલનો સ્વાદ લેવાને કોણ ઇચ્છે ?"—૧૧

સ્પષ્ટીકરણ

પાઠાન્તર-વિચાર—

'અર્થાન્તરન્યાસ'થી અલંકૃત એવા આ શ્લોકની વૃત્તિમાં 'जलनिधेरशितुं' (जलनिधेः+अशितुं) એ પાઠાન્તરના સંબંધમાં ખુલાસો કરવામાં આવ્યો છે અને તેમાં 'अशितुं' એ પાઠ અશુદ્ધ છે એમ કહેવામાં આવ્યું છે.

આ વાતના સમર્થનમાં એ ઉમેરવાનું કે **સમયસુન્દરગણિકૃત ઋષભ-ભક્તામરમાં, રત્નસિંહકૃત નેમિ-ભક્તામર** (યાને **પ્રાણપ્રિય** કાવ્ય)માં તેમજ **કાવ્ય-માલાના** સપ્તમ ગુચ્છકમાં છપાયલ **ભક્તામર** સ્તોત્રમાં પણ 'रसितुं' પાઠ છે. પરંતુ એ નિવેદન કરવું અસ્થાને નહિ ગણાય કે **ભાવપ્રભસૂરિવિરચિત નેમિ-ભક્તામરમાં, કીર્તિવિમલકૃત શાન્તિ-ભક્તામરમાં** તેમજ **ધર્મસિંહસૂરિ** રચિત **સરસ્વતી-ભક્તામરમાં** પણ 'अशितुं' એવો પાઠ છે. વળી 'सुधाशिनो देवाः,' 'वाताशिनो नागाः' એવાં વાક્યો પણ જોવામાં આવે છે. વાસ્તે આ વાત વિચારણીય છે.

*　　*　　*　　*　　*

भगवतो रूपाधिक्यमाह—

> अङ्गुष्ठमेकमणुभिर्मणिजैः सुरेन्द्रा
> 　निर्माय चेत् तव पदस्य पुरो धरेयुः ।
> पूष्णोऽग्र उल्मुकमिवेश ! स दृश्यते वै
> 　यत् ते समानमपरं न हि रूपमस्ति ॥ १२ ॥

टीका

हे जिन ! सुरेन्द्रा—देवेन्द्रा अणुभिः—परमाणुभिः एकमङ्गुष्ठं निर्माय—नूतनं निष्पाद्य चेद्यदि तव पदस्य—चरणस्य पुरः—अग्रे धरेयुः—तत्र चरणस्याङ्गुष्ठेन तुल्यताकरणाय स्थापयेयुः । किंविशिष्टैर-

णुभिः! 'मणिजैः' मणय--चन्द्रकान्तादिरत्नानि तेषु जाता मणिजास्तैर्मणिजैः-रत्नोद्भूतैः परमाणुभि-रित्यर्थः। हे ईश! सोऽङ्गुष्ठो वै इति निश्चितं पूष्णः-सूर्यस्याग्रे उल्मुकमिव-अलातमिव दृश्यते। यद्-यस्मात् कारणाद् हीति निश्चितं ते-तव समानमपरं रूपं नास्ति, त्वत्तुल्यरूपोऽन्यो नास्तीत्यर्थः॥१२॥

अन्वयः

(हे) ईश! चेद् सुर-इन्द्राः मणि-जैः अणुभिः एकं अङ्गुष्ठं निर्माय तव पदस्य पुरः घरेयुः, (तर्हि) सः पूष्णः अग्रे उल्मुकं इव वै दृश्यते; यद् ते समानं अपरं रूपं न हि अस्ति।

શબ્દાર્થ

अङ्गुष्ठं (मू० अङ्गुष्ठ)=અંગૂઠો.
एकं (मू० एक)=એક.
अणुभिः (मू० अणु)=પરમાણુઓ વડે.
मणि=રત્ન.
मणिजैः=રત્નોમાંથી ઉત્પન્ન થયેલ.
सुर=દેવ.
सुरेन्द्राः=સુરપતિઓ.
निर्माय (धा० मा)=બનાવીને.
चेद्=જો.
तव (मू० युष्मद्)=તારા.
पदस्य (मू० पद)=ચરણની.
पुरस्=આગળ.
घरेयुः (धा० धृ)=ધરે.
पूष्णः (मू० पूषन्)=સૂર્યની.
अग्रे (मू० अग्र)=અગ્રે.
उल्मुकं (मू० उल्मुक)=અંગારો.
इव=જેમ.
ईश! (मू० ईश)=હે પરમેશ્વર!
सः (मू० तद्)=તે.
दृश्यते (धा० दृश्)=દેખાય (છે).
वै=નક્કી.
यद्=જેથી કરીને.
ते (मू० युष्मद्)=તારા.
समान (मू० समान)=તુલ્ય.
अपरं (मू० अपर)=અન્ય.
न=નહિ.
हि=નિશ્ચયવાચક અવ્યય.
रूपं (मू० रूप)=રૂપ, સ્વરૂપ.
अस्ति (धा० अस्)=છે.

શ્લોકાર્થ

વીર પ્રભુનું અનુપમ રૂપ—

"હે પરમેશ્વર! (ચન્દ્રકાન્તાદિક) રત્નોમાંથી ઉત્પન્ન થયેલા પરમાણુઓ વડે (કદાચ) એક અંગૂઠો (નવીન) બનાવીને જો દેવેન્દ્રો તારા ચરણના અંગુઠાની આગળ ધરે, તો તે નક્કી સૂર્યની સામે અંગારા જેવો દેખાય છે; જેથી કરીને (ખાતરી થાય છે કે) નક્કી તારા સમાન અન્ય રૂપ આ જગતમાં નથી."—૧૨

સ્પષ્ટીકરણ

શ્લોકના સાર સંબંધી વિચાર—

આ શ્લોકમાં કવિ એમ કહે છે કે દેવો વિવિધ રત્નોના પરમાણુઓ વડે એક અંગૂઠો [illegible] પ્રભુના અંગુઠા આગળ ધરી [illegible] આવી શકે તેમ નથી, તે [illegible] પરમેશ્વરનું [illegible] છે; કેમકે ત્યાં કહ્યું છે કે—

"[1]सव्वसुरा जइ रूवं, अंगुट्ठपमाणयं विउव्वेज्जा ॥
जिणपायंगुट्ठं पइ, ण सोहए तं जहिंगालो ॥"

પરંતુ એ ધ્યાનમાં રાખવું કે સમવસરણમાં તો પ્રભુના પ્રભાવથી પ્રભુના સમાન તેમની ત્રણ મૂર્તિઓ બનાવવામાં દેવતાઓ સમર્થ થાય છે.

* * * * *

भगवद्दर्शने मिथ्यात्वं नोद्घटतीत्याह—

उज्जाघटीति तमसि प्रचुरप्रचारं
मिथ्यात्विनां मतमहो न तु दर्शने ते ।
काकारिचक्षुरिव वा न हि चित्रमत्र ।
यद् वासरे भवति पाण्डुपलाशकल्पम् ॥ १३ ॥

टीका

हे जिन! मिथ्यात्विनां मतं तमसि-अज्ञाने उज्जाघटीति-अतिशयेन उद्घटति-प्रकटीभवतितराम् । किंभूतं मतं ? प्रचुरो-बहुलः प्रचारो-विस्तारो यस्य तत् प्रचुरप्रचारम् । अहो इत्याश्चर्ये । तन्मिथ्यात्विनां मतं ते-तव दर्शने न तु उज्जाघटीति, दर्शने-सम्यक्त्वे भगवतोऽवलोकने वा मिथ्यात्वस्य विलयात् । हीति निश्चितम् । अत्र चित्रं न किञ्चित्, तत्राश्चर्यं नेत्यर्थः । यद्-यस्माद्धेतोः काकारिचक्षुर्वासरे पाण्डुपलाशकल्पं भवति, काकानां-काकपक्षिणामरिः-शत्रुर्घूकस्तस्य चक्षुः-नेत्रं दिवसे पाण्डु-पाण्डुरवर्णं यत् पलाशपत्रं तेन कल्पं-तुल्यं भवतीत्यर्थः । वासरे घूकचक्षुषो निस्तेजस्त्वात्, तमसि प्रचुरप्रचारत्वात् ॥ १३ ॥

अन्वयः ।

(हे जिन !) अहो ! मिथ्यात्विनां प्रचुर-प्रचारं मतं तमसि उज्जाघटीति, न तु ते दर्शने. वा न हि अत्र चित्रं यद् वासरे काक-अरि-चक्षुः इव पाण्डु-पलाश-कल्पं भवति ।

શબ્દાર્થ

उज्जाघटीति (धा० घट्)=અતિશય પ્રકટ થાય છે.
तमसि (मू० तमस्)=અજ્ઞાનને વિષે.
प्रचुर=અત્યંત.
प्रचार=વિસ્તાર.
प्रचुरप्रचार=અત્યન્ત છે વિસ્તાર જેનો એવા.
मिथ्यात्विनां (मू० मिथ्यात्विन्)=મિથ્યાત્વીઓનું.
मतं (मू० मत)=દર્શન.
अहो=આશ્ચર્યવાચક અવ્યય.
न=નહિ.
तु=પરંતુ.
दर्शने (मू० दर्शन)=(૧) સમ્યક્ત્વને વિષે,(૨) અવલોકનને વિષે, (૩) મતને વિષે.
ते (मू० युष्मद्)=તારા.
काक=કાગડો.

---

૧ સંસ્કૃત છાયા—

सर्वसुरा यदि रूपं, अङ्गुष्ठप्रमाणं विकुर्वीरन् ।
जिनपादाङ्गुष्ठं प्रति, न शोभते तद् यथाऽङ्गारः ॥

अरि=દુશ્મન, શત્રુ.
काकारि=કાગડાનો શત્રુ, ઘુવડ.
चक्षुस्=નેત્ર.
काकारिचक्षुः=ઘુવડનું નેત્ર.
इव=જેમ.
वा=અથવા.
हि=નિશ્ચયવાચક અવ્યય.
चित्रं (चित्र)=આશ્ચર્યજનક.
अत्र=અહીં.
यद्=જે માટે.
वासरे (मू० वासर)=દિવસે.
भवति (धा० मू०)=થાય છે.
पाण्डु=પીળા.
पलाश=ખાખરાનું પાંદડું.
कल्प=સમાન, તુલ્ય.
पाण्डुपलाशकल्पं=પીળા ખાખરાના પાંદડા સમાન.

શ્લોકાર્થ

જિન દર્શનથી મિથ્યાત્વનો નાશ—

"હે જિનેશ્વર ! અહો ! અત્યન્ત પ્રચાર છે જેનો એવું મિથ્યાત્વીઓનું દર્શન અજ્ઞાનને વિષે અતિશય પ્રકટ થાય છે, પરંતુ તારા દર્શનને વિષે તેમ થતું નથી (એ આશ્ચર્ય છે). અથવા ખરેખર એમાં કંઇ આશ્ચર્ય નથી, કેમકે (એ સ્વાભાવિક છે કે) ઘુવડ (પક્ષી)ની આંખ દિવસના (ધોળા અને) પીળા એવા ખાખરાના પાંદડા જેવી (અર્થાત્ નિસ્તેજ) થાય છે, (જ્યારે રાતે અંધારામાં તો તે લીલા લહેર ઉડાવે છે). "—૧૩

સ્પષ્ટીકરણ

શ્લોકનું તાત્પર્ય—

આ શ્લોકનું તાત્પર્ય એ છે કે જેમ અંધારામાંજ બધી 'પોલ' ચાલે અને અજવાળામાં તો તે ઉઘાડીજ પડી જાય, તેમ મિથ્યાત્વીઓનું શાસન અજ્ઞાનરૂપી અંધકારમાં અથડાતા જનોનેજ રૂચિકર થઇ શકે અને તેનું જોર પણ ત્યાંજ ચાલે, પરંતુ વિવેક—નેત્રવાળા પાસે તો તેની કીંમત તરતજ અંકાઇ જાય.

વિશેષમાં સત્ય માર્ગે ચાલનારા જનોની સંખ્યા પણ ઉન્માર્ગે જનારા કરતાં ઓછી હોય, તો તે બનવા જોગ છે. આ વાત તો **મહાવીર** સ્વામીના અને **ગોશાળાના** શ્રાવકોની સંખ્યા ઉપરથી પણ જોઇ શકાય છે, કેમકે જ્યારે **મહાવીર** સ્વામીના ૧૫૯૦૦૦ શ્રાવક (અને તેથી બમણી કે ત્રિગણી શ્રાવિકાઓ ભક્ત હતા), ત્યારે **ગોશાળાના** ૧૧૦૦૦૦૦ (?) શ્રાવકો ભક્ત હતા. આ ઉપરથી 'प्रचुरप्रचार' એવું જે વિશેષણ મિથ્યાત્વીઓના મતને લાગૂ પાડ્યું છે, તે વાસ્તવિક છે, એમ જોઇ શકાય છે.

શ્લોકની વિચિત્રતા—

આ શ્લોકમાં अहो, न, तु, इव, वा, हि, अत्र અને यद् એમ અવ્યયોનું વલણ રાખ્યું છે અને તેમ છતાં [illegible] એક પણ અવ્યયનો ઉપયોગ કર્યો નથી એ આશ્ચર્ય છે.

* * * *

આગમોદયસમિતિ દ્વારા અત્યાર સુધીમાં મોટે ભાગે મૂળ ગ્રંથો બહાર પડતા હતા. પરંતુ સં૦ ૧૯૭૮ ની **રતલામ**ની સભામાં ભાષાન્તર આદિ છપાવવાનો ઠરાવ થયેલો હોવાથી તદનુસાર અમે **વિશેષાવશ્યક ભાષાંતર** ૧ લો ભાગ બહાર પાડ્યો હતો અને જેનો ૨ જો ભાગ પણ અમે થોડા સમયમાં બહાર પાડવાના છિયે.

વિશેષાવશ્યકનું ભાષાંતર માત્ર ભાષાંતર તરીકેજ બહાર પાડવાનું બની શક્યું હતું, જ્યારે આ ગ્રંથને જૈન તેમજ જૈનેતર બંનેને અતિ ઉપયોગી થાય તેવી રીતે તૈયાર કરાવવામાં આવ્યો છે.

સંસ્કૃતના અલ્પ અભ્યાસીઓને સુગમતા થઈ પડે તેટલા માટે અન્વય અને શબ્દાર્થ તેમજ જિનસિદ્ધાંતોથી અપરિચિત વર્ગને સહાયભૂત અને સરળતાથી સમજી શકાય તેટલા માટે સ્પષ્ટીકરણ બનતી કાળજી પૂર્વક તૈયાર કરાવ્યાં છે.

અમારા પ્રયાસની સફળતા પાઠક વર્ગની પસંદગી ઉપર તેમજ આ ગ્રન્થના લેવાતા લાભ ઉપર રહેલી હોવાથી આ સંબંધે વિશેષ નિવેદન કરવાનું બાકી રહેતું નથી. પરંતુ જો આ પદ્ધતિ વિશેષ ઉપયોગી માલૂમ પડશે તો ભવિષ્યમાં આવી પદ્ધતિથી બીજા ગ્રંથો બહાર પાડવા અમારી પ્રબળ ઇચ્છા છે.

આવા ગ્રન્થો સંબંધે કાંઇ ન્યૂનતા આદિ માલૂમ પડે, તેમજ બીજી કાંઇ વિશેષ માહિતી દાખલ કરવાની રહી ગયેલી માલૂમ પડે તેમજ અન્ય પણ કાંઇ સૂચના કરવાની યોગ્ય લાગે તે જો પાઠકવર્ગ તરફથી અમને જણાવવામાં આવશે તો ભવિષ્યના ગ્રંથોમાં તેવો સુધારો કરવા અવશ્ય બનતું કરીશું. વિશેષમાં ઉપર સૂચવેલી છ પાઠપૂર્ત્તિરૂપ કૃતિઓ ઉપરાંતની, વિશેષ પાઠપૂર્તિરૂપ કૃતિઓની પ્રતિઓ જેમની પાસે હોય અગર ક્યાં છે તેની માહિતી હોય તે અમને જણાવવામાં આવેથી તે પણ પ્રસિદ્ધ કરવા પ્રયત્ન સેવવામાં આવશે.

અત્યાર સુધીના ગ્રંથો પોથી આકારમાં એટલે સુપર રોયલ સાઈઝમાં ૧૨ પેજી આકારે બહાર પાડવામાં આવ્યા છે. **વિચારસાર પ્રકરણ**ને ડેમી ૮ પેજી પુસ્તક આકારે અને વિશેષાવશ્યક ભાષાંતરને સુપર રોયલ સાઇઝમાં ૮ પેજી પુસ્તકાકારે અને અંગ્રેજી ગ્રંથો [illegible] ૧૬ પેજી પુસ્તકાકારે બહાર પાડવામાં આવ્યા છે, જ્યારે આ ગ્રંથને ક્રાઉન ૮ પેજી [illegible] પુસ્તકાકારે પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે અને એને માટે ૪૮ રતલી ક્રોસલી લાયન [illegible] ([illegible] Ledger) જાતના કાગળો વાપરવામાં આવ્યા છે.

જે આગમોદય સમિતિ દ્વારા આવા ગ્રન્થો બહાર પડ્યા છે તે સમિતિનો સામાન્ય [illegible]

[illegible]—

[illegible] તાલુકાના ભોયણી ગામમાં [illegible]
[illegible] ની [illegible] મી તારીખ) ને સોમવારે
[illegible] જૈન સમુદાયના [illegible] છે, કારણ કે
[illegible] નામ છે. [illegible] આનંદસાગર

कषायभङ्गे भगवतो बलवत्त्वमाह—

वन्या द्विपा इव सदैव कषायवर्गा
　भञ्जन्ति नूतनतरूनिव सर्वजन्तून् ।
सिंहातिरेकतरसं हि विना भवन्तं
　कस्तान् निवारयति सञ्चरतो यथेष्टम् ? ॥ १४ ॥

टीका

हे स्वामिन् ! कषायवर्गाः कषति-दहति प्राणिनां(नो) जीवानामिति(निति) कषः -संसारस्तस्यायो-लाभो येभ्यस्ते कषायाः-क्रोधादयस्तेषां वर्गाः, "वर्गस्तु सदृशां स्कन्धः" (का० ६, श्लो० ४९) इति हैमः । यद्वा तद्गुणो वर्गः अनन्तानुबन्ध्यादिभेदचतुष्टयेन चतुर्गुणिताः कषाय-वर्गाः वन्या द्विपा इव सर्वजन्तून् नूतनतरूनिव भञ्जन्ति । कदा ? सदैव-सर्वस्मिन् काले । हीति निश्चितम् । भवन्तं विना-त्वां विना तान् यथेष्टं सञ्चरतो द्विपान् को निवारयति ? । किंविशिष्टं भवन्तं ? 'सिंहातिरेकतरसं' सिंहादतिरेकं-अधिकं तरः-पराक्रमो यस्य स तं सिंहातिरेकतर-सम् ॥ १४ ॥

अन्वयः

(हे परम-आत्मन् !) कषाय-वर्गाः वन्याः द्विपाः इव सर्वजन्तून् नूतन-तरून् इव सदैव भञ्जन्ति; सिंह-अतिरेक-तरसं भवन्तं (हि) विना तान् यथेष्टं सञ्चरतः (कषाय-द्विपान्) कः निवारयति ? ।

શબ્દાર્થ

वन्याः (मू० वन्य)=જંગલી, વનમાં વસનારા.
द्विपाः (मू० द्विप)=કુંજરો, હાથીઓ.
इव=જેમ.
सदैव=સર્વદા.
कषाय=ક્રોધાદિક કષાય.
वर्ग=(१) સમૂહ, (२) (ગણિત પ્રસિદ્ધ) વર્ગ.
कषायवर्गाः=કષાયોના વર્ગો.
भञ्जन्ति (धा० भञ्ज)=ભાંગે છે, નાશ કરે છે.
नूतन=નવીન.
तरु=વૃક્ષ, ઝાડ.
नूतनतरून्=નવીન વૃક્ષોને.
सर्व=સમસ્ત.
जन्तु=પ્રાણી.
सर्वजन्तून्=સમસ્ત પ્રાણીઓને.
सिंह=સિંહ.
अतिरेक=અધિક.
तरस्=પરાક્રમ.
सिंहातिरेकतरसं=સિંહથી અધિક છે પરાક્રમ જેનું એવા.
हि=નિશ્ચયવાચક અવ્યય.
विना=વગર.
भवन्त (मू० भवत्)=આપ
कः (मू० किम्)=કોણ.
तान् (मू० तद्)=તેમને.
निवारयति (धा० वार्)=અટકાવે.
सञ्चरतः (मू० सञ्चरत्)=ફરનારાને
यथेष्टं=મરજી મુજબ.

શ્લોકાર્થ

કષાયનો નાશ કરવામાં પ્રભુનું અપૂર્વ બળ—

"(હે પરમાત્મા !) જેમ જંગલી હાથીઓ નવીન વૃક્ષોને ભાંગી નાંખે છે, તેમ કષાયના વર્ગો સમસ્ત પ્રાણીઓનો નાશ કરે છે. (આ પ્રમાણે) મરજીમુજબ વર્તનારા તે (કષાયરૂપી કુંજરોને) ખરેખર સિંહ કરતાં પણ અધિક પરાક્રમ છે જેવું એવા આપ સિવાય (અન્ય) કોણ અટકાવે ?"—૧૪

સ્પષ્ટીકરણ

જિનેશ્વર અને સિંહની તુલના—

જિનેશ્વર સિંહ કરતાં ચઢિયાતા છે, કેમકે કંદર્પરૂપી કુંજરનો તેમણે સર્વથા પરાજય કર્યો છે, જ્યારે સિંહ તો કોઇક વાર પણ તેને વશ બની જાય છે, કેમકે શું સિંહ વર્ષમાં એક વાર પણ વિષય-સેવન કરતો નથી કે ? કહ્યું પણ છે કે—

"सिंहो वली द्विरदशूकरमांसभोजी, संवत्सरेण रतिमेति किलैकवारम्"

કષાય–મીમાંસા

'કષાય' શબ્દ 'કષ' અને 'આય' એ બે શબ્દોનો બનેલો છે. તેમાં 'કષ' એટલે 'સંસાર' અને 'આય' એટલે 'લાભ' તેમાં 'કષ'નો વ્યુત્પત્તિ–અર્થ એ છે કે "कषति-दहति प्राणिनः इति कषः" અર્થાત્ જે પ્રાણીઓને સંતપ્ત કરે છે, તે 'કષ' છે. સંસારમાં જન્મ-મરણના ફેરા ફેરવનાર 'કષાય' છે. આ કષાયના ક્રોધ (ગુસ્સો), માન (ગર્વ), માયા (કપટ) અને લોભ એમ ચાર મુખ્ય ભેદો છે. આ દરેકના એક એકથી મન્દ અને એથી કરીને તો ઓછા હાનિકારક એવા (૧) અનન્તાનુબન્ધી, (૨) અપ્રત્યાખ્યાન, (૩) પ્રત્યાખ્યાન અને (૪) સંજ્વલન એમ ચાર ચાર ભેદો છે.

ક્રોધ—

[illegible] એક [illegible] વાર પણ આશ્રય આપવો એ સર્પને દૂધનું પાન કરાવ્યા બરાબર છે. [illegible] [illegible] વિનાશ કરવાનું બીડું ઝડપ્યું હોય એમ લાગે છે. ટુંકમાં આત્માની [illegible] [illegible] સમાવેલું છે. આ સંબંધમાં શ્રીવિમલસૂરિએ ઠીક જ કહ્યું છે કે—

"[illegible] जन्मान्त[illegible]
[illegible]
[illegible]
[illegible] ॥"

—[illegible]

અર્થાત્—અરે ! ક્રોધ આત્માને પ્રતિક્ષણ પરિતાપ કરે છે, જન્માન્તરમાં પણ અત્યંત વેરની પરંપરાનું પોષણ કરે છે, પરિજનને (સ્વજનને) શોકાતુર કરે છે અને સદ્‌ગતિના માર્ગનો નિરોધ કરવામાં ગન્ધહસ્તીની ગરજ સારે છે; વાસ્તે આ ક્રોધરૂપી વૈરીને એક ક્ષણ વાર પણ સ્થાન કેમ અપાય ?

ક્રોધના સંબંધમાં શ્રીમેરૂવિજયવિરચિત **ચતુર્વિંશતિજિનાનન્દસ્તુતિ** (પૃ૦ ૨૨)માં તથા **સ્તુતિ-ચતુર્વિંશતિકા** (પૃ૦ ૧૫૧)માં વિશેષતઃ વિચાર કરેલો હોવાથી આ સંબંધમાં તો આટલુંજ નિવેદન કરવું બસ સમજાય છે.

માન—

માનના સંબંધમાં પણ **સ્તુતિ-ચતુર્વિંશતિકા** (પૃ૦ ૫૨–૫૪)માં ઉલ્લેખ કરેલો [illegible] અહિંઆ તેના સ્વરૂપ ઉપર પ્રકાશ પાડનારો ફક્ત એકજ શ્લોક વિચારી લઇએ

"भ्राम्यत्यूर्ध्वमुखः क्षमो नमयितुं पूज्येऽपि नो कन्धरा
मन्ताक्षिप्तकुशीलतावशतनुः प्राणी यदध्यासितः ।
तं मानं विपदां निधानमयशोराशेर्निदानं [illegible]
मुक्त्वा मार्दवमादरेण महता [illegible] । [illegible] ॥"

—[illegible]

અર્થાત્—હે મન ! જ્યારે માનના સેવનથી પ્રાણીનો દેહ [illegible] સળીથી [અથવા દુષ્ટ આચરણથી] જકડાઇ જાય છે અને [illegible] માણસ પૂજનીય પ્રતિ પણ પોતાની ગરદન નમાવવાને સમર્થ [illegible] ભંડારરૂપ અને અપકીર્તિના સમૂહના કારણરૂપ એવા માનનો [illegible] મૃદુતા (નરમાશ) મેળવવા પ્રયાસ કરવો જોઇએ.

માયા—

માયા કહો કે કપટ કહો કે ઠગાઇ કહો એ [illegible] સઘાત અને ઠગાઇ એ એના પર્યાયો છે. [illegible] નારી, આચાર-વિચારને જલાંજલિ [illegible] આ માયાને શ્રીમાન્ હેમચન્દ્રસૂરિ તરફથી [illegible]

"[illegible]
[illegible]"

—[illegible]

અર્થાત્—માયા એ [illegible]
[illegible]

[illegible]

માયાવી પુરૂષ અન્યને છેતરી શકે એમાં નવાઇ જેવું નથી, પરંતુ 'ખાડો ખોદે તે પડે' એ કહેવત મુજબ માયાવી પોતાના આત્માનેજ છેતરે છે. આ વાતની નીચેનો શ્લોક સાક્ષી પૂરે છે.

" कौटिल्यपटवः पापा, मायया बकवृत्तयः ।
भुवनं वञ्चयमाना, वञ्चयन्ते स्वमेव हि ॥ "

—યોગશાસ્ત્ર, પ્ર૦ ૪, શ્લો૦ ૧૬.

અર્થાત્—કુટિલતામાં કુશળ અને માયા વડે બકવૃત્તિને ધારણ કરનારા એવા પાપીઓ જગતને ઠગતાં પોતેજ ઠગાય છે.

માયારૂપી મહારાક્ષસીના પંજામાં અનેક જનો સપડાઇ જાય છે. જુગારીઓ તેમજ વેશ્યાઓ પ્રપંચ-જાળ પાથરવામાં કચ્ચાસ ન રાખે એમાં કંઇ આશ્ચર્ય નથી. પરંતુ કેટલાક વ્યાપારીઓ અને રાજાઓ પણ કુટિલતાનો ઉપયોગ કરવામાં પાછી પાની કરતા નથી. અરે આ તો ગૃહસ્થોની વાત કરી, પરંતુ કેટલાક સંન્યાસીઓ અને નામધારી જોગીઓ પણ માયાદેવીના ભક્ત બને છે. આથી કરીને તો કહેવામાં આવે છે કે—

" મુખમેં રામ, બગલમેં છુરી,
ભગત ભયે પણ દાનત બુરી."

પરંતુ યાદ રાખવું જોઇએ કે 'દગો કોઇનો સગો નથી'. તેનો અલ્પ સહવાસ પણ અનર્થનું કારણ થઇ પડે છે. કહ્યું પણ છે કે—

" दम्भलेशोऽपि मल्ल्यादेः, स्त्रीत्वानर्थनिबन्धनम् ।
अतस्तत्परिहाराय, यतितव्यं महात्मना ॥ "

અર્થાત્—મલ્લિનાથ જેવા તીર્થંકરાદિક મહાત્માઓને પણ (પૂર્વ જન્મમાં તપસ્યા માટે કરેલો) દંભનો લેશ પણ સ્ત્રીવેદરૂપ અનર્થનું કારણ થઇ પડ્યો, તો તેથી કરીને મહાત્માએ તેનો ત્યાગ કરવા પ્રયત્ન કરવો જોઇએ (એટલે કે માયારૂપી મહારાક્ષસીના ફંદમાં ફસાયેલાને મુક્ત કરનારી [illegible] દેવીની સેવા સ્વીકારવી જોઇએ).

[illegible]—

[illegible], તો તે લાભ [illegible] છે, [illegible]
[illegible] છે. [illegible] કહેવાનું કે—

" [illegible] ।
[illegible] ॥ "

[illegible] છે, [illegible]
[illegible] છે.

[illegible]

અરે, દ્રવ્યના લોભથી પ્રાણીઓ પોતાનાં પૂર્વ નિધાનોનાં સ્થાનોમાં સર્પ, ગરોળી, ઉંદર ઇત્યાદિ અધમ પંચેન્દ્રિય જીવો તરીકે ઉત્પન્ન થાય છે.[1] વળી આ લોભરૂપી સેતાન તો ભૂત, પિશાચ ઇત્યાદિ દેવોને પણ સતાવે છે, કેમકે તેઓ લોભને વશ થઇ નિધાન-ભૂમિ ઉપર ફર્યા કરે છે.[2] વળી ઉચ્ચ જાતિના દેવોની પણ લોભ દુર્દશા કરે છે. કહ્યું પણ છે કે—

" भूषणोद्यानवाप्यादौ, मूर्च्छितास्त्रिदशा अपि ।
च्युत्वा तत्रैव जायन्ते, पृथ्वीकायादियोनिषु ॥ "

અર્થાત્—ઘરેણાં, બાગ, વાવ ઇત્યાદિમાં મોહમુગ્ધ બનેલા દેવો પણ ચ્યવીને[3] તેજ પૃથ્વીકાયાદિક[4] યોનિઓમાં ઉત્પન્ન થાય છે.

લોભના પરાક્રમના સંબંધમાં જેટલું કથન કરવામાં આવે તેટલું થોડું છે, કેમકે કહ્યું પણ છે કે—[5]

" सब अवगुणको गुण लोभ भयो
तब और अवगुण भयो न भयो "

અર્થાત્ જ્યારે સમસ્ત અવગુણોના ગુણરૂપ લોભ પ્રાપ્ત થયો, તો પછી બીજા અવગુણો હોય કે ન હોય તે સરખુંજ છે.

હવે આપણે પ્રથમ તો તેના પંજામાં સપડાયેલા સાધારણ મનુષ્ય સંબંધી વિચાર કરી લઇએ. આ સંબંધમાં શ્રી**સોમપ્રભસૂરિ**એ કહ્યું છે કે—

" यद् दुर्गामटवीमटन्ति विकटं क्रामन्ति देशान्तरं
गाहन्ते गहनं समुद्रमतनुक्लेशां कृषिं कुर्वते ।
सेवन्ते कृपणं पतिं गजघटासंघट्टदुःसंचरं
सर्पन्ति प्रधनं धनान्धितधियस्तल्लोभविस्फूर्जितम् ॥ "
—સિન્દૂર-પ્રકર, શ્લો॰ ૫૭.

અર્થાત્—ધન મેળવવામાં આંધળા બનેલા એવા મનુષ્યો દુર્ગમ્ય અરણ્યમાં રખડે છે, વિકટ દેશાન્તરમાં ભટકે છે, ઊંડા સમુદ્રમાં પ્રવેશ કરે છે, અત્યન્ત ક્લેશકારી ખેતી કરે છે, (મમ્મણ

---

૧ સરખાવો—

"भुजङ्गगृहगोधाखु-मुख्याः पञ्चेन्द्रिया अपि ।
धनलोभेन जायन्ते, निधान स्थलभूमिषु ॥ "

૨ સરખાવો—

' पिशाचमुद्गलप्रेत-भूतयक्षादयो धनम् ।
स्वकीयं परकीयं वा-ऽप्यधितिष्ठन्ति लोभतः ॥ "

૩ દેવોના મરણને ' ચ્યવન ' કહેવામાં આવે છે.

૪ ' પૃથ્વીકાયાદિક'થી અત્ર પૃથ્વીકાય, જલ-કાય અને વનસ્પતિ-કાય સમજવા.

૫ સરખાવો—

" हिंसेव सर्वपापानां, मिथ्यात्वमेव कर्मणाम् ।
राजयक्ष्मेव रोगाणां, लोभः सर्वागसां गुरुः ॥ "

[illegible] જેવા) કૃપણ સ્વામીની પણ સેવા કરે છે અને હાથીઓના સમુદાયના સંઘર્ષે કરીને અગમ્ય (જેમાં દુઃખેથી પ્રવેશ થઇ શકે એવા) યુદ્ધમાં પણ જાય છે, એ બધો લોભનો પ્રતાપ છે.

આ તો આપણે સામાન્ય ગૃહસ્થને લગતી હકીકત વિચારી. પરંતુ દીક્ષા ગ્રહણ કરેલા અને 'ઉપશાન્ત મોહ' નામના અગ્યારમા ગુણસ્થાન સુધી જઇ પહોંચેલા મુનિવરોનું પણ અધઃપતન કરાવવાનું લોભ સિવાય અન્ય કોઇ કષાય બીડું ઝડપી શકે તેમ નથી.

મુનિવરોની પણ આવી દશા થાય તેમાં આશ્ચર્ય જેવું છે તેની સાથે એ પણ વિચારવા જેવી વાત છે કે પ્રથમ તીર્થંકર શ્રીઋષભદેવના પુત્રો **ભરત** અને **બાહુબલિ** કે જેઓ તેજ [illegible] હતા, તેઓ વચ્ચે પણ રાજ્ય બાબત (તેમના પિતાશ્રી આ પૃથ્વીને પાવન [illegible]) પણ દારૂણ યુદ્ધ સળગી ઊઠયું. (આવી પરિસ્થિતિમાં અલ્પ સત્ત્વવાળા [illegible] સીમાના લોભથી આપસઆપસમાં લડી મરે તેમાં તો કહેવુંજ શું !)

[illegible] ઉપર કાળો કેર વર્તાવવામાં કુશળ છે અને સર્વ સદ્‌[illegible] છે, તો પછી શાસ્ત્રકાર તેના સંબંધમાં—

" कोहो पीइं पणासेइ, माणो विणयनासणो
माया मित्ताणि नासेइ, लोहो सव्वविणासणो ॥ "

—દશવૈકાલિક અ૦ ૮, [illegible]

[illegible] કરે છે, માન વિનયનો ભંગ કરે છે, માયા મિત્રતાનો ધ્વંસ કરે છે, [illegible] કરે છે—

[illegible] કરે, તો તેમાં જરાયે ખોટું નથી.

[illegible] મોટી જાળીની માફક ફેલાતા [illegible] શ્રીહેમચન્દ્રાચાર્ય કહેતા—

[illegible]

" लोभसागरमुद्वेल—मतिवेलं महामतिः ।
सन्तोषसेतुबन्धेन, प्रसरन्तं निवारयेत् ॥"

—યોગશાસ્ત્ર, પ્ર૦ ૪, શ્લો૦ ૨૨

—શ્લોકના દર્શન કરી લઇએ.

ઉપર્યુક્ત કષાય-મીમાંસાના વિવેચનમાંથી સાર એ નીકળે છે કે ક્રોધાદિક કષાયો ઉપર વિજય મેળવવા બનતો પ્રયાસ કરવો જોઇએ. કેમકે કહ્યું પણ છે કે—

" सकषायो नरः सत्सु, गुणवानपि नार्च्यते ।
यतो न विषसंपृक्त, परमान्नमपीष्यते ॥"

અર્થાત્—કોઇક મનુષ્ય ગુણવાન્ હોય પરંતુ જો તે કષાયથી યુક્ત હોય, તો સજ્જનોમાં તે ઇષ્ટ નથી; કેમકે જો પરમાન્ન પણ (અલ્પ) વિષથી પણ મિશ્રિત હોય, તો શું તે ઇચ્છવા યોગ્ય ગણાય ?

* * * * *

उपसर्गसहने भगवतो दृढतां दर्शयन्नाह—

छिद्सङ्गमेन महतामुपसर्गकाणां
या विंशतिस्तु ससृजे जिन ! नक्तमेकम् ।
चित्तं चचाल न तया तव झञ्झया तु
किं मन्दराद्रिशिखरं चलितं कदाचित् ? ॥ १५ ॥

टीका

हे जिन ! छिद्रसङ्गमेन छिद्रं द्वेष्टीति छिद्र अभव्यत्वाज्जित्यद्वेषी यः सङ्गमो देवस्तेन या महतामुपसर्गकाणां विंशतिः ससृजे–चक्रे। कियत् कालं? एकनक्तं–एकरात्रिं यावत्। तवोपसर्गाभिधान्या तव चित्तं न चचाल–नो चलति स्म। दृष्टान्तमाह—झञ्झया तु–वृष्टियुक्तमहावातेन मन्दराद्रिशिखरं किं कदाचित् चलितं? न चलितमित्यर्थः। मन्दरो–मेरुः न चासावद्रिश्च–पर्वतस्तस्य शिखरम्। "धूलीपिवीलियाओ" (आवश्यकनिर्युक्तौ गा० ५०२–५०४) इत्याद्युपसर्गाणां विंशतिः ॥१५॥

अन्वयः

(हे) जिन ! छिद्र-सङ्गमेन महतां उपसर्गकाणां या विंशतिः तु एकं नक्तं ससृजे, तया तव चित्तं न चचाल, झञ्झया तु किं मन्दर-अद्रि-शिखरं कदाचित् चलितम् ?।

१ आ विजय मेळववानो [illegible]

[illegible]

શબ્દાર્થ

द्विट् (मू० द्विष्)=દ્વેષી.
सङ्गम=સંગમ (નામનો દેવ).
द्विट्सङ्गमेन=દ્વેષી સંગમ વડે.
महतां (मू० महत्)=મોટા.
उपसर्गकाणां (मू० उपसर्गक)=ઉપસર્ગોની, ઉપદ્રવોની.
या (मू० यद्)=જે.
विंशतिः (मू० विंशति)=વીસ.
तु=વિશેષતાવાચક અવ્યય.
सस्रजे (धा० सृज्)=કરવામાં આવી.
जिन ! (मू० जिन)=હે વીતરાગ !
नक्तं (मू० नक्त)=રાત્રિ.
एकं (मू० एक)=એક.

चित्तं (मू० चित्त)=મન.
चचाल (धा० चल्)=ચળ્યું.
न=નહિ.
तया (मू० तद्)=તેનાથી.
झञ्झया (मू० झञ्झा)=વૃષ્ટિ-યુક્ત પ્રચંડ પવનથી.
किं=શું.
मन्दर=મેરૂ (પર્વત).
अद्रि=પર્વત, ગિરિ.
शिखर=શિખર, ટોચ.
मन्दराद्रिशिखरं=મેરૂ ગિરિનું શિખર.
चलितं (मू० चलित)=ચલાયમાન થયેલું.
कदाचित्=કદાપિ, ક્યારે પણ.

શ્લોકાર્થ

ઉપસર્ગો સહન કરવામાં પ્રભુની દૃઢતા—

" હે વીતરાગ ! (અભવ્ય હોવાને લીધે સજ્જનોના નિત્ય) દ્વેષી એવા **સંગમે** જે મોટા વીસ ઉપસર્ગો એક રાત્રિમાં કર્યાં, તેથી કરીને તારૂં ચિત્ત ચળ્યું નહિ (તે યુક્તજ છે, કેમકે) શું (મુસળધાર) વૃષ્ટિયુક્ત એવા પ્રચણ્ડ પવનથી પણ **મેરૂ** ગિરિનું શિખર કદાપિ ચલાયમાન થાય છે કે ? "—૧૫

સ્પષ્ટીકરણ

સંગમ અને તેણ કરેલા ઉપસર્ગો—

સંગમ એ **સૌધર્મ** દેવલોકનો એક સૌમાનિક દેવ હતો. એકદા આ દેવલોકનો સ્વામી સૌધર્મેન્દ્ર (શક્ર) અનેક દેવ અને દેવાંગનાઓથી અલંકૃત એવી પોતાની સભામાં બેઠો હતો. તેવામાં તેણે **મહાવીર** સ્વામીના ધૈર્યની પ્રશંસા કરતાં કહ્યું કે—"હે દેવાનુપ્રિયો ! **ભરતક્ષેત્ર**માં **પેઢાલ** ગામની સમીપમાંના **પોલાસ** ચૈત્યમાં અત્યારે **મહાવીર** ભગવાન્ કાયોત્સર્ગ ધ્યાનમાં લીન છે અને તેને ચલાયમાન કરવાને માટે કોઇ સુર કે અસુર—અરે ત્રૈલોક્યમાં કોઇ પણ સમર્થ નથી." આ સાંભળતાંજ **સંગમ** કે જે સદાને માટે સમ્યક્ત્વથી વંચિત રહેનાર હતો, તેને ખૂબ ગુસ્સો ચડ્યો. ને શક્રને કહેવા લાગ્યો કે—"જેનાં શિખરો ગગનને રૂંધી રહ્યાં છે અને જેનાં મૂળ પાતાળમાં [illegible] ઉતરી ગયાં છે એવા મેરૂ પર્વતને પણ હસ્ત વડે એક પત્થરના ટુકડાની માફક દૂર [illegible], [illegible] જળમાં નિમગ્ન કરવામાં, સાગરનું પણ એક ઘૂંટડામાં પાન કરી [illegible] આ સમસ્ત પૃથ્વીને એક છત્રની માફક હસ્ત વડે ઉપાડી લેવામાં સમર્થ એવા [illegible] ત્રિભુવનમાં છે કે [illegible] આ એક શ્રમણ મહાવીરની આટલી બધી

[illegible]

પ્રશંસા કરો છો ! હું હમણાજ જાઉં છું અને એને ચલાયમાન કરીને પાછો વળું છું." આ સમયે ઇન્દ્રે વિચાર કર્યો કે જો હું આને રોકીશ, તો આના મનમાં પ્રભુના સામર્થ્ય વિષે શંકા ઉદ્‌ભવશે. આથી તેણે તેને જવા દીધો.

એક શિલાતલ ઉપર જાનુ પર્યંત હસ્તને લંબાવીને, શરીરને જરા નમાવીને તથા નિર્નિમેષ નેત્ર એક રૂક્ષ દ્રવ્ય ઉપર દૃષ્ટિ રાખીને અષ્ટમ તપપૂર્વક એક રાત્રિને માટે મહાપ્રતિમાને ધારણ કરીને ઊભા રહેલા **મહાવીર સ્વામીને** જોતાં તો **સંગમ**ના કોપનો પાર રહ્યો નહિ; કેમકે સજ્જનને જોતાં દુર્જન ક્રોધ કરે, તો તેમાં શી નવાઇ! તે તો એક પછી એક ઉપસર્ગ કરવા તૈયાર થઇ ગ[illegible]

(૧) ધૂળની વૃષ્ટિ—પ્રથમ તો **સંગમે** ધૂળની એવી વૃષ્ટિ કરી કે પ્રભુનાં સર્વે નાસિકાદિ છિદ્રો તેથી પુરાઇ ગયાં અને શ્વાસોચ્છ્વાસ લેવાનું કાર્ય પણ અશક્ય થઇ પડ્યું. પરન્તુ જ્યારે એવી પણ યોગીશ્વર **મહાવીર** તલમાત્ર પણ ધ્યાનથી ચલિત ન થયા, ત્યારે **સંગમે** [illegible] શોધી કાઢ્યો.

(૨) વજ્રમુખી કીડીઓ—પ્રથમ ઉપસર્ગથી જ્યારે કંઇ વળ્યું નહિ, [illegible] **સંગમે** [illegible] દૂર કરીને પ્રભુના શરીરના ઉપર કીડીઓ વિકુર્વી. આ કીડીઓ પ્રભુના શરીરમાં [illegible] તરફથી પેસી બીજી તરફથી સોયની જેમ બહાર નીકળતી હતી. [illegible] પ્રભુનું આખું શરીર વીંધાઇ ગયું. પરંતુ નિર્ભાગીની આશા જેમ નિષ્ફળ [illegible] ઉપસર્ગ કરવાથી પણ **સંગમ**નો શુકાર ન વળ્યો. ત્યારે તેણે નવીન [illegible]

(૩) પ્રચંડ ડાંસો—દુર્જનતાની કંઇ હદ હોતી નથી, [illegible] ડાંસો વિકુર્વ્યા. તેના પ્રહારથી પ્રભુના શરીરમાંથી [illegible] પણ પ્રભુ તો ક્ષોભ નહિ પામ્યા, ત્યારે **સંગમ** વધારે [illegible]

(૪) ઘીમેલો—ચોથા ઉપસર્ગ [illegible] ઘીમેલો વિકુર્વી. આ ઘીમેલો તો ચટકા મારવાને માટે [illegible] કે જાણે તે દેહની રોમ-પંક્તિજ [illegible] થયા નહિ, ત્યારે **સંગમ** [illegible] ઠીક નહિ, પારસે હીંમત ન હારતા [illegible]

(૫) વીંછીઓ— [illegible] નાના પ્રહારથી પ્રભુનું શરીર છિન્નભિન્ન [illegible] નોળીઆનો છઠ્ઠો ઉપસર્ગ કર્યો.

(૬) [illegible] શરીરમાંથી [illegible] પાર પડ્યો નહિ. ત્યારે [illegible]

[illegible]

(૭) સર્પો—આ ઉપાય તે બીજો કોઇ નહિ, પરંતુ તેણે યમરાજના દંડ જેવા ભયંકર અને મોટી ફેણવાળા સર્પો (સાપો) વિકુર્વ્યા. જેમ વૃક્ષને લતા વીંટી લે છે, તેમ આ સર્પોએ નખથી તે મસ્તક સુધી પ્રભુના શરીરને વીંટી લીધું અને તેના શરીરમાં પોતાનાથી બને તેટલી વેદના ઉત્પન્ન કરવામાં કચ્ચાસ ન રાખી. કિન્તુ આથી પણ સંગમનું કાર્ય સર્યું નહિ, એટલે તેણે 'હાર્યો જુગારી બમણું રમે' તેમ આઠમા ઉપસર્ગનો પ્રારંભ કર્યો.

(૮) ઉંદરો—આઠમા ઉપસર્ગ તરીકે તેણે વજ્ર જેવા દાંતવાળા ઉંદરો વિકુર્વ્યા. તેઓએ પ્રભુને કરડવામાં પોતાનું સમસ્ત બળ વાપર્યું. પરંતુ પ્રભુ તો નિશ્ચલ રહ્યા એટલે કોપથી ભૂત જેવો બનેલો એવો સંગમ વધારે વધારે ઉપદ્રવ કરવા તૈયાર થયો.

(૯) કુંજર—જેનાં ચરણના ધબકારાથી આખી પૃથ્વી ધ્રુજી ઊઠે એવો અને જેની સૂંઢ [illegible] એક મહોન્મત્ત કુંજર (હાથી) વિકુર્વ્યો. આ કુંજર એકદમ દોડતો [illegible] તેણે તેમને પોતાની સૂંઢ વડે અદ્ધર ઉપાડીને આકાશમાં ઉછાળ્યા. આથી [illegible] તે પોતાના દંતશૂળ ઊંચા રાખીને ઊભો રહ્યો. આમ કરવામાં તેનો [illegible] ત્યારે તેને દંતશૂળ વડે ઝીલવા કે જેથી તેની છાતી ચીરાઇ [illegible] આ પ્રમાણે કરવા છતાં પણ પ્રભુ તો પોતાના ધ્યાનમાં મગ્ન રહ્યા [illegible] ઉપદ્રવ કરવા માંડ્યો.

[illegible] હાથિણી વિકુર્વી. આ હાથિણી પ્રભુને દાંત વડે [illegible] તે તે ભાગ ઉપર સિંચન કરવા લાગી. પરંતુ [illegible] એટલે સંગમ અન્ય ઉપસર્ગ કરવા કટિબદ્ધ થયો.

[illegible] અગ્નિકુંડને પણ [illegible] કરનારા એવા અનેક [illegible] જેવી [illegible], [illegible] જેવી [illegible] 'કિલ' 'કિલ' શબ્દ કરી [illegible] વિકુર્વ્યા.

[illegible]